સંસ્થાપક · રવિશંકર રાવળ

કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

તંત્રી · બચુભાઈ રાવત

વર્ષ ચોપનમું · અંક છઠ્ઠો · માહે જૂન · ઈસ્વી સન ઓગણીસ સો સિત્યોતેર · સળંગ અંક ૬૪૨



મુદ્રિકા-ભેટ. બોરોબુદુરના ૮-૯મી સદીના જગવિખ્યાત બૌદ્ધ મહાસ્તૂપ પછી થોડા જ અરસામાં રચાએલાં પ્રમ્બનનનાં હિંદુ મંદિરોનું શિલ્પ ડૉ. આનંદ કુમારસ્વામીના મતે બોરોબુદુર કરતાં યે ચડિયાતું છે. એ મંદિરોની કણપીઠ - જગતીમાં અંકિત રામાયણની સંપૂર્ણ કથા કહેતી શિલ્પ તકતીઓમાંની આ એકમાં સીતાની આંગળીએ વીંટી પહેરાવતા રામનું નિરૂપણ છે. પાત્રોનું અંગસૌષ્ઠવ અને લાલિત્ય એ સમયની મધ્ય જાવાની સુવિકસિત શિલ્પકળાની ઉત્કૃષ્ટતાનાં દ્યોતક છે.



આકાશી ગાન (કલાકાર: વિનાયક માસોજી) પૂર્વ રાત્રિના ઘેરા આકાશમાં છાઈ રહેલા બીજચંદ્રની અમૃતવર્ષા ઝીલતા ઉત્તુંગ વાદળગોટ ઉપર બેસીને અવકાશમાં વિહરતી આ નવયૌવના સાક્ષાત્ ચંદ્રિકા હશે? કે કોઈ મધુર સાંધ્યરાગની સુરાવલીની સજીવ પ્રતિમા? કલાકારને જે અભિપ્રેત હોય તે, પણ એ કાવ્યમય લલિત સૌંદર્યનો સાક્ષાત્કાર કરાવી એમણે પોતાની કલ્પના અને કલાની શક્તિનો સુંદર પરિચય આપ્યો છે. અશબ્દ અવકાશની ઘેરી રંગછાયામાં મંદ ગતિએ પસરતી મધુર સ્વરલહરી કે બીજચંદ્રની ધૂપસેર સમ ફેલાતી આછી તેજઆભાને કલાકારે સંયોજન અને રંગછાયા વડે સુંદર રીતે નિરૂપી છે. કલામાં શુદ્ધ ભારતીયતાના આગ્રહી આ કલાકારનું તાજેતરમાં જ અવસાન થયું. આ અંકની 'કલાવાર્તા'માં એમની જીવનરેખા આપી છે.

કુમાર

જૂન ૧૯૭૭ · અંક ૬૪૨

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ : રૂ.૨૪-૦૦; પરદેશ : રૂ.૪૦ યા પાઉન્ડ ૨ માં ડા. ૫-૫૦; છૂટક નકલ : રૂ.૨-૫૦

વાચકો લખે છે...

શર્મા અને વર્મા

અંક ૬૨૨માં શ્રી માધવસિંહ મૂલજી 'માંડવીમાં પુરોહિત પૂજા કરાવે ત્યારે યજમાનના નામ સાથે 'શર્મા' અથવા 'વર્મા'નો ઉમેરો કરે છે. દા. ત. બ્રાહ્મણ હોય તો કૃષ્ણશંકર શર્મા અને ક્ષત્રિય હોય તો કૃષ્ણ વર્મા, એ રીતે નામોચ્ચાર કરે છે', એમ કચ્છ-માંડવીની પ્રચલિત પ્રથાને આધારે જણાવે છે. 'શર્મા' ને 'વર્મા' શબ્દનો આ વિનિયોગ સાચો છે, પરંતુ આ માત્ર કચ્છ-માંડવીની જ પ્રચલિત પ્રથા છે એમ માનવું અતિશયોક્તિભર્યું છે. વસ્તુતઃ આ પ્રથા સમગ્ર ભારતવર્ષમાં પ્રચલિત હતી. આનો શ્રદ્ધેય નિર્દેશ માનવધર્મ સંહિતા રૂપ 'મનુસ્મૃતિ' (૨-૩૨)માં કરાયો છે. વળી 'પારસ્કરગૃહ્યસૂત્ર'-માં 'શર્મ બ્રાહ્મણસ્ય વર્મ ક્ષત્રિયસ્ય ગુપ્તેતિ વૈશ્યસ્ય' એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. નામને છેડે આધુનિક અટકની જેમ સામાન્ય સ્વરૂપે લાગતા આ શબ્દોમાં અટકનો અતીત શોધી શકાય? જ્ઞાતિઓની ભિન્નતાનું નિદર્શન પણ આ જ શબ્દો કરાવે છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

ભટ્ટ

ગુજરાતીમાં બ્રાહ્મણ (અને બ્રાહ્મણ રસોઈયો) 'ભટ' કહેવાય છે, અને બ્રાહ્મણોની એક અટક તરીકે પણ તે જાણીતો છે. આ 'ભટ'નું પૂર્વરૂપ 'ભટ્ટ' છે એમ શ્રી હરિવલ્લભ ભાયાણી 'કુમાર' ૬૩૬ની 'શબ્દકથા'માં નોંધે છે. વસ્તુતઃ બ્રાહ્મણની અટકમાં તો 'ભટ્ટ' જ વપરાય છે અને તે જ સર્વથા સત્ય છે; કેમકે 'વિદ્વાન કે પંડિત' અર્થ ધરાવતો એ શબ્દ બ્રાહ્મણના ગુણોનો નિર્દેશ કરે છે. શ્રી વિનોદિનીબહેન નીલકંઠ 'ગુજરાતી અટકોનો ઇતિહાસ' (પૃષ્ઠ ૬૭)માં 'ભટ' અને 'ભટ્ટ' ઉભય શબ્દો આપીને અંતે 'પણ આ અટક બ્રાહ્મણોમાં જ હોવાથી બીજો શબ્દ-'ભટ્ટ-વધારે બંધબેસતો લાગે છે. તે શબ્દનો અર્થ સંસ્કૃતમાં પંડિત અથવા વેદ જાણનાર બ્રાહ્મણ એવો થાય છે' એમ નોંધે છે. 'ભટ્ટ' પરથી 'ભટ' શબ્દ વપરાતો થયો ત્યારે 'ભટ' શબ્દે પોતીકો અર્થ ગ્રહણ કરી લીધો છે. અટકનો અતીત શોધવો મુશ્કેલ હોવા છતાં રસપ્રદ છે. ગુજરાતીમાં 'ભાડું' અને 'ભાડ' સિવાય બાયલો-નમાલો-અશક્તિમાન એવા અર્થ વ્યક્ત કરતો તુચ્છતા દર્શક શબ્દ 'ભડવો' પણ બન્યો છે. ક્યારેક તે ગાલિપ્રદાન માટે પણ વપરાય છે. જેના માટે એ શબ્દ પ્રયોજાય છે તેની અશક્તનો નિર્દેશ તે વડે સૂચવાય છે.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

કૉન્ટેમ્પરરી બને

લગભગ છેલ્લાં પંદરથી સોળ વર્ષની 'કુમાર'-ની ફાઈલો મારા પાસે છે. છેલ્લાં પાંચ-છ વર્ષનાં 'કુમાર' છૂટાં જ પડયાં હતાં, જેને બધાંને સરખાં ગોઠવીને ફાઈલ કરાવ્યાં. અને ફરીને લગભગ બધી જ ફાઇલો અને બધાં જ 'કુમાર'ને હું ધ્યાનથી જોઈ ગયો. ત્રેપન વર્ષની 'કુમાર'ની આ મજલમાં હજી 'કુમાર'ની અંદર ક્યાંય કુમારાવસ્થા મને ન દેખાણી, પહેલેથી જ એક જાતનું ધરેડ ચાલ્યું આવે છે. અને હવે તો ઉંમર પણ દેખાય છે. છતાં 'કુમાર'ના પૂઠા પર જ લખાય છે કે આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક જે એક અસંગત (ઍબસર્ડ) વાક્ય બની જાય છે.

જૂનાં 'કુમાર'ની અંદર ઘણી બધી સારી વાર્તાઓ આવતી. તે બધી જ વાંચવાની મજા આવતી. એટલે, અને સુંદર વાર્તાઓ પણ હવે નથી આવતી. નવી વાર્તા તો છાપવી જ નહિ તેવી પ્રતિજ્ઞા લીધી છે એવું લાગે છે. શ્રી ગુલાબદાસ બ્રોકરે પોતાના લેખનકાળના આરંભથી જ 'કુમાર'ની અંદર લખવું શરૂ કર્યું હતું. તેવા ગુલાબદાસ પણ આજે નવી અને ટૂંકી વાર્તાને પ્રોત્સાહન આપે છે. શ્રી ચંદ્રકાન્ત બક્ષી, શ્રી વિભૂત શાહ, શ્રી રઘુવીર ચૌધરી જેવા કુમારના જ લેખકોએ આજનો નવી વાર્તાનો ચીલો પકડયો છે, છતાં 'કુમારે' તો આ બાબત પોતાના હાથ આંખ અને કાનને આડા ધર્યા છે. તો આવું વલણ શા માટે? અને અત્યારે મોટે ભાગે અનુવાદિત કૃતિઓ જ પ્રસિદ્ધ થાય છે. અને તે માટે ખાસ શ્રી સુકન્યા ઝવેરીની સાથે કરાર કર્યો હોય તેવું લાગે છે.

ડિસેમ્બરના 'કુમાર'ની અંદર શ્રી સુકન્યા ઝવેરી અનુવાદિત, શ્રી સત્યજિત રાય સર્જિત ડિટેક્ટિવ વાર્તા 'સમાદારની ચાવી' પ્રસિદ્ધ થઈ છે. જેની અંદર ઘણા બધા ઈંગ્લિશ શબ્દો વપરાયા છે. જેવા કે ઍપોઇન્ટમેન્ટ, બ્રાઉન, રિટાયર્ડ, ટેઈક યૉર ટાઈમ, હાર્ટ ઍટેક વગેરે વગેરે ઘણા જ છે. અનુવાદની અંદર પણ આ રીતે આટલા પ્રમાણમાં અંગ્રેજી શબ્દોના પ્રયોગ શા માટે? તો પછી અનુવાદનો અર્થ જ શું? મારું માનવું છે તેમ ભાષાનું—સાહિત્ય સ્વરૂપમાં પ્રયોજાએલું ભાષાનું એક કાર્ય આબોહવા ઊભી કરી આપવાનું પણ છે. એક ભાષામાંથી આબોહવા તૈયાર કરવી કપરું બને છે ત્યારે પરભાષાના સંમિશ્રણને સ્વીકારવું પડે છે. વાર્તામાં જ્યારે જુસ્સો, આવેગ ને ગતિ આપવી હોય ત્યારે જ સર્જક ભાષાનું માધ્યમ બદલાવે છે અને આ માટેની ખૂબ જ નજીકની અને સાહજિક બની ગએલી ભાષા ઇંગ્લિશ છે. પણ આ તો અનુવાદિત કૃતિ છે.

'કુમાર' એક જ ગુજરાતી માસિક એવું છે જે ચિત્રમય છે ને 'કુમાર'નું આ પ્રદાન ખૂબ જ અવિસ્મરણીય છે. છતાં એટલી વિનતિ એક વાચક હિતેચ્છું તરીકે કરી શકુ કે 'કુમાર'-ને સમકાલીન કૉન્ટેમ્પરરી બનાવવામાં આવે.

(જામનગર) —અભિજિત વ્યાસ

[* આ પત્રમાંનાં કેટલાંક વિધાનો અધ્ધરતાલ છે તે જૂના ને સુજ્ઞ વાચકો જોઈ શકશે.-તંત્રી]

અત્રિ

૬૩૯મા અંકમાં ઋષિ અત્રિ વિષે વાંચ્યું. તેમની વિશેષ માહિતી નીચે મુજબ પણ મળે છે:

તેમના નામથી 'અત્રિ' વંશ શરૂ થયાનો ઉલ્લેખ છે અને અત્રિનો ત્રેતા યુગની શરૂઆતમાં નીચે પ્રમાણે વંશ શરૂ થયો:

અત્રિ
|
પ્રજાપતિ ચંદ્ર = સોમ
|
બુધ
|
પુરુરવા એમ

આગળ આ વંશમાં પ્રભાકર નામના તેજસ્વી પુરુષ ઉત્પન્ન થયા. આ પ્રભાકર વંશનું વર્ણન નીચે મુજબ છે: પ્રભાકરના પુત્ર સોમ. તેના ત્રણ પુત્રો: દત્ત—આત્રેય, દુર્વાસા ને અપાલા.

અત્રિનો સંબંધ ઋગ્વેદ સાથે વધુ છે. મત્સ્ય પુરાણાનુસાર તેમનો આશ્રમ હિમાલયની પશ્ચિમમાં હતો. તેમનું આયુષ્ય લાંબુ હોવાથી તે રામાયણકાળમાં પણ જીવિત હતા, અને તેમનો આશ્રમ તે વખતે ચિત્રકૂટ પર હતો.

ધર્મશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, એ અત્રિની રચનાઓ મનાય છે.

(અમદાવાદ) —જગદીશ વલેરા

કર્કસ્થલ

માર્ચના 'કુમાર'માં શ્રી પ્રફુલ્લ રાવળે કર્કસ્થલની જે માહિતી આપી તે ગુજરાતના ઇતિહાસ માટે ઉપયોગી છે. 'કર્ક' શબ્દ અગ્નિ અને સૂર્યનો અર્થ સૂચવે છે. સંભવતઃ ત્યાં સૂર્યમંદિર હશે. ગુજરાતનાં પ્રાચીન કાળનાં અગ્નિ-સ્થાનો સૂર્ય ને શિવમાં પરિવર્તન પામી ગયાં હોય તેમ લાગે છે. જેમકે તરણેતર—ત્રિનેત્રેશ્વર—મૂળમાં અગ્નિદેવનો નિર્દેશ કરે છે, પણ સમય જતાં તે શિવજીનું સ્થાન બન્યું. શક્ય છે કે કરકથલના કનકેશ્વરમાં પણ આમ બન્યું હોય! ધાર્મિક દૃષ્ટિએ 'કનક' શબ્દ અગ્નિ તેમજ શિવ બન્ને સાથે સંબંધ ધરાવે છે. (કનક = અગ્નિ તેમજ ધતૂરો પણ.) દેવતાઓ-

ની ઉત્ક્રાન્તિની દૃષ્ટિએ નિહાળીએ તો અગ્નિમાંથી જ સૂર્ય અને શિવ છે; પછી સૂર્યમાંથી વિષ્ણુ, આ બધા સંદર્ભો વચ્ચે જોતાં 'કર્કસ્થલ' અગત્યનું બની રહે છે. વળી 'કુમાર'માં રજૂ થએલાં ચિત્રો ઉપરથી ઈતર એક સંભાવના પણ જન્મે છે : પદ્મનાભ–વિતાન સામાન્યતઃ દેવીમંદિરમાં હોય છે, એટલે શ્રી રાવળ જેને પદ્મનાભ કહે છે તે ખરેખર પદ્મનાભ હોય તો (ફોટો ઉપરથી નિર્ણય શક્ય નથી) ત્યાં દેવીસ્થાન પણ સંભવે છે. અતઃ કર્કસ્થલ અનેક બિન્દુઓથી અગત્યનું સ્થળ જણાય છે, તેથી તપાસ થવી જોઈએ. ચિત્ર ઉપરથી આ અવશેષો અગિયારમી સદી પછીના જણાય છે. શ્રી રાવળ ઘણું અગત્યનું કામ કરી રહ્યા છે. ધન્યવાદ.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ગામડે ગામડે

છેલ્લાં પાંચેક વર્ષથી 'કુમાર' નિયમિત વાંચું છું. એમાંના 'વાચકો લખે છે' વિભાગમાં નીચે મુજબનાં મારાં સૂચનો છે:

વિનોદની વાંકી નજરે ગમ્યું. અંક ૬૩૬માં 'રમાબાઈ' વિષે જાણવા મળ્યું, ચાલુ અભ્યાસે ઇતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં બહુ જ ઓછું જાણવા મળતું. 'કુમાર' મારફતે આવી રીતે ઐતિહાસિક વ્યક્તિઓનો પરિચય મળતો રહે છે. રહે તેવા પ્રયત્નો જરૂરી છે.

ભાઈશ્રી ઈન્દ્રવદન દેસાઈનું સૂચન (અંક ૬૩૬) વાજબી નથી. હા, આજના યુવાનો ચિંતનાત્મક વાચન સ્વીકારી શકતા નથી જે ખેદજનક છે. શ્રી હંસભારતીનું સૂચન (અંક ૬૩૬) વાજબી છે, પરંતુ 'કુમાર'ના ગ્રાહકોએ પોતાના આજુબાજુના વિસ્તારમાં ગ્રામલાયબ્રેરી, તે ન હોય તો પ્રાથમિક શાળા કે ગ્રામપંચાયતમાં તેમની જવાબદાર વ્યક્તિઓને મળી કે પછી એકાદ નહિ તો પાંચેક શિક્ષણપ્રેમી દાતાઓને મળી દરેકે દરેક ગામડે 'કુમાર' મંગાવવા ભલામણ ભારપૂર્વક કરવી. ગુજરાતના ગામડેગામડે તેનો ફેલાવો થાય તેવા પ્રયત્નો કરવા. 'કુમાર'–ગ્રાહકોને મારી આ નમ્ર વિનંતી છે. મેં મારાં ગામડાંમાં આવી પ્રવૃત્તિ શરૂ કરી છે. —જયંતીલાલ રાજગોર

(મોટા આસંબિયા–કચ્છ)

—પણ એક વાત ખૂંચે છે

'કુમાર' હંમેશાં જોઉં છું. બલ્કે અભ્યાસકાળથી જોતો આવ્યો છું. મને ખૂબ ગમે છે. તેની વાચન–સામગ્રી ઉચ્ચ હોય છે એ તો સુવિદિત છે; પણ તેમાંની ૧૦ પૉઈન્ટ ટાઈપની અને તે પણ ભારે મહેનત માગી લે તેવી વ્યવસ્થિત કમ્પોઝ સિસ્ટમ માટે મને 'કુમાર' પ્રત્યે ખૂબ માન છે. ઓછામાં ઓછા કાગળમાં વધુમાં વધુ મૅટર અને ચિત્રોનો સમાવેશ કરવામાં 'કુમારે' એક ખાસ વિશેષતા હાંસલ કરી છે, જે કોઈ કરી શક્યું નથી. હું મારું મસ્તક નમાવીને શુભેચ્છા સાદર કરું છું. ગુજરાત માટે આ એક ગૌરવની વાત છે.

એક નમ્ર સૂચન કરું છું. 'કુમાર' સાહિત્યસંપન્ન સામયિક છે. તે સંપૂર્ણ સાહિત્યિક બને તો કેમ? મારો નિર્દેશ જાહેરાતો તરફ છે. તે લેવામાં ન આવે તો મારું માનવું છે કે તે સંપૂર્ણ કલા અને સાહિત્યનું પ્રતીક બની રહે. 'કુમાર' હાથમાં લઈએ ત્યારે એમ જ લાગવું જોઈએ કે આ માત્ર 'કુમાર' જ છે. પણ જ્યારે નજર પાનું ખોલતાં જ શાન, અરવિંદ મિલ્સ, ફેવિકોલ, સરસપુર મિલ્સ, લિજ્જત પાપડ કે પછી એવા પ્રકારની અનેક જાહેરાતો પર પડે છે ત્યારે કંઈક જુદો જ આભાસ થાય છે. સાહિત્યને લગતી જાહેરાતો આંખને ખૂંચતી નથી. મારું સૂચન કદાચ વ્યાપારી દૃષ્ટિકોણથી વિપરીત લાગશે. આમ છતાં તેના ઉપાયરૂપ એક હળવું સૂચન વળી કરું છું. સઘળી જાહેરાતોનો સમાવેશ પ્રત્યેક અંકના અંતભાગમાં કરવામાં આવે. મતલબ કે કોઇ પણ અંકની શરૂઆતમાં એક પણ જાહેરાત લેવામાં ન આવે.

આપ જેવા વડીલને સૂચન કરવાની મારામાં હિંમત ન હતી. ભારે મહેનતને અંતે હિંમત કરીને આ લખું છું. 'કુમાર' સાથેની મારી લાગણીથી પ્રેરાઈને મારા મનની વાત મેં કરી છે.

(ડીસા) —રમજાન મોલવી

કૉન્ટૅક્ટ લેન્સ

ડિસેમ્બરના 'કુમાર'માં બહેન ઈલા જાની 'કૉન્ટૅક્ટ લેન્સ' (સંપર્ક-કાચ) વિષે માહિતી ઇચ્છે છે. તે અંગે સાદર જણાવવાનું કે :

આરોગ્ય પરના અમેરિકન લેખક જે. આઈ. રોડેલનું પુસ્તક 'ધ નૅચરલ વે ટુ બેટર આઈ-સાઈટ' સને ૧૯૬૮માં પહેલા મુદ્રણ રૂપે, અને ૧૯૭૧માં સાતમા મુદ્રણ રૂપે ન્યૂ યૉર્કના 'પ્રિવેન્શન પિરામિડ પેપરબૅક' તરફથી પ્રકટ થએલું. તેના બારમા પ્રકરણમાં લેખકે કૉન્ટૅક્ટ લેન્સ વિષેની માહિતી આપવાની સાથેસાથે તેના વિરુદ્ધનું પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે, તથા પોતાના સમર્થનમાં તેમણે નિષ્ણાતો, સામયિકો અને સંસ્થાઓના અભિપ્રાયો ટાંક્યા છે. તેનો સાર નીચે પ્રમાણે આપી શકાય:

(૧) શરૂઆતમાં ચશ્માંના કાચ અને ફ્રેઈમ બરાબર નહિ હોવાથી મુખ્યત્વે સિનેમાના અદાકારો અને વ્યાયામવીરો કૉન્ટૅક્ટ લેન્સનો ઉપયોગ કરતા.

(૨) પરંતુ હવે ચશ્માં સારાં, સુંદર અને સુવિધાજનક બનતાં હોવાથી મહિલાઓ માટે ચશ્માં પહેરવાં એક પ્રકારની ફૅશન થઈ પડી છે, અને સારી આંખોવાળી બહેનો ચશ્માં પહેરનારની ઈર્ષ્યા કરતી હોય છે.

(૩) છતાં કૉન્ટૅક્ટ લેન્સની માગ વધતી રહી છે. અમેરિકામાં લગભગ સાઠ લાખ વ્યક્તિઓ તેનો ઉપયોગ કરે છે અને દર વર્ષે તે સંખ્યામાં પાંચ લાખની વૃદ્ધિ થતી રહે છે. આથી ત્યાં કૉન્ટૅક્ટ લેન્સનો વ્યવસાય લગભગ વીસ કરોડ ડૉલરનો થવા જાય છે.

(૪) પરંતુ કૉન્ટૅક્ટ લેન્સ વાપરવા સલામતીપૂર્ણ કે જોખમરહિત નથી; કારણ કોઈક વખત તે કોર્નિયાને અથવા દૃષ્ટિને નુકસાન પહોંચાડે છે; ગરમી, આંસુ વગેરેની પ્રક્રિયાને રોકે છે અને ચેપ લાગવાનો ભય પેદા કરે છે.

(૫) કૉન્ટૅક્ટ લેન્સ ખર્ચાળ છે; અમેરિકામાં તેની એક જોડીની કિંમત આશરે બસો ડૉલર પડે છે; દરેક વખતે ખાસ પ્રવાહીનો ઉપયોગ કરવો પડે છે; અને ખરીદનારને કાચનો વીમો લેવાની સલાહ આપવામાં આવે છે.

(૬) કાચ પહેરવાની પ્રક્રિયા અસુવિધાજનક છે. શરૂઆતમાં આંખ સાથે કોઈ બહારની વસ્તુનું ઘર્ષણ થતું હોય એવી લાગણી થાય છે. તેને પહેરવામાં આવડત, અભ્યાસ, કાળજી, અને (શક્ય હોય તો) ગુપ્તતાની જરૂર પડે છે.

(૭) ઊંઘતી વખતે તથા આંખના અમુક રોગોમાં કાચ કાઢી નાખવા પડે છે તથા સ્વચ્છતાના નિયમોનું કડકાઈથી પાલન કરવું પડે છે.

(૮) મધુપ્રમેહ, ભારે શરદી, તથા વધુપડતી સૂકી, વધુપડતી આંસુવાળી તેમજ વધુપડતી બહાર આવતી આંખવાળા માટે તેનો ઉપયોગ હિતાવહ નથી.

(૯) ધૂળ, રજકણ તથા આંખોને ચોળવા સામે તકેદારીની ખાસ જરૂર પડે છે.

(૧૦) કોઈક વખત કોર્નિયામાં લિસોટા કે તિરાડ પડવાનો તથા તેથી ચેપ લાગવાનો તેમજ ચાંદું પડવાનો ભય રહે છે. આથી આંખ નબળી પડે છે, અને તેને કઢાવી નાખવાની શક્યતા પણ ઊભી થાય છે.

કૉન્ટૅક્ટ લેન્સની તરફેણનાં પણ મંતવ્યો હશે—અને છે જ. કોઈ નિષ્ણાતનાં તેવાં મંતવ્ય જાણવા મળે તો આ વિષય ઉપર વધુ પ્રકાશ પડે અને વાચકોને લાભ થાય.

(વીરમગામ) —જયંતીલાલ મોતીલાલ શાહ

—(ડૉ.) બાબાલાલ નટવરલાલ પરીખ

'કુમાર'ના વાચકોને વિનંતી

કે શારીરિક અશક્તિના કારણે હું હવે જાતે કોઈ પત્રવ્યવહાર ઉપર ધ્યાન આપી શકતો નથી માટે કોઈએ પણ મારા ઉપર પત્ર લખવો નહિ તેમજ મારા જવાબની રાહ જોવી નહિ. ખાસ કામ હોય તો રૂબરૂમાં મારી હાલત જોઈ થોડા સમયમાં વાતચીત પતાવી દેવી.

રવિશંકર રાવળ

એક પ્રશ્ન

'કુમાર' નિયમિતરીતે હું વાંચું છું. એમાં રજૂ થતા લેખો રસપ્રદ હોય છે. આપની સફળતાનું પરિમાણ આપના લેખો છે.

આપના દ્વારા હું જાણવા માગું છું કે વિશ્વમાં શ્રેષ્ઠ રાજ્યતંત્ર કયા દેશનું છે? કયો દેશ એવો છે કે તેમાં પ્રજા અને રાજ્યકર્તાઓ સુલેહ અને એકતાથી કાર્ય કરે છે. એવી કોઈ શ્રેષ્ઠ રાજ્યનીતિ છે જે વિશ્વ માટે સ્ત્રીકાર્ય બની શકે?

ઉપર્યુક્ત પ્રશ્ન મને મૂંઝવે છે. આપ યોગ્ય પ્રત્યુત્તર આપશો તો આભારી થઈશ!

(ડાકોર) —કુમારગુપ્ત

કેટલાક દોષ

હું છેલ્લાં કેટલાંક વર્ષથી 'કુમાર' વાંચું છું (માણું છું.) ખરેખર તે એક અદ્વિતીય સામયિક છે. 'કુમાર' દ્વારા લગભગ ઘણાંખરાં ક્ષેત્રની માહિતી પૂરી પાડતા સુંદર લેખો તેમજ સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂના ચિરસ્મરણીય હોય છે તેમજ સંઘરવા લાયક હોય છે. આથી જ હું નમ્રતાપૂર્વક કેટલાક દોષો તેમજ સૂચનો પ્રત્યે આપનું ધ્યાન દોરવાની રજા લઉં છું.

અંક ૬૩૦, જૂન ૧૯૭૯ના અંકમાં શ્રી ધીરુ પરીખ દ્વારા લિખિત 'ચાર્લ્સ ડાર્વિન'ના સર્વાંગ સુંદર જીવનચરિત્રમાં એક નાનકડો માહિતીદોષ છે. લેખમાં લખ્યું છે કે 'ચાર્લ્સ ડાર્વિન અને અબ્રાહમ લિંકન, બંનેનો જન્મ ઈ. સ. ૧૮૦૯ની ૯મી ફેબ્રુઆરીએ થયો હતો. તે ૧૨મી ફેબ્રુઆરી જોઇએ.

અંક ૬૩૪ (ઑક્ટો. '૭૯)માં કૃત્રિમ ઉપગ્રહના લેખમાં કેપ્લરના ૩ નિયમો આપ્યા છે. તેમાંનો ૩જો નિયમ પદાર્થવિજ્ઞાનની પ્રમાણભૂત ટેક્સ્ટબુકમાં જુદો આપ્યો છે. તે આ પ્રમાણે છે: 'ભ્રમણમાર્ગની ત્રિજ્યાના ઘન અને ભ્રમણસમયનાં વર્ગનો ગુણોત્તર અચળ રહે છે. (Pssc Physcics Vol. III Pg. 365)

એટલે કે $\frac{R^3}{T^2}$ = અચળ R = Radius = ત્રિજ્યા T = Time = સમય.

અંક ૬૩૮ (ડિસે. '૭૯)માં 'આ માસ ઇતિહાસમાં શ્રી હરિશંકર ગૌર વિષે લખ્યું છે કે તેમણે ઈ. ૧૯૨૪માં 'સિવિલ મૅરેજ બિલ' રજૂ કર્યું હતું. તે ઈ. ૧૯૨૩ જોઈએ. આ જ લેખમાં લખ્યું છે કે 'ભારતીય ડાક-તાર વિભાગે એમની સેવાઓને બિરદાવી છે.' ત્યાં ભારતીય ટપાલ અને તાર વિભાગ વધુ યોગ્ય છે.

શ્રી વિનોદ ભટ્ટની લેખમાળા ખૂબ ગમે છે. ખાસ કરીને છેલ્લા બે અંકમાંના પરિચય વધુ સારા છે કારણ કે તેઓ પહેલાં લેખની માફક અતિપ્રશંસાથી દૂર રહ્યા છે અને દોષ તથા ગુણનું સરસ વર્ણન કર્યું છે.

ડિસે.' ૭૯ના અંકમાં ચાર્લ્સ ડિકન્સ તેમજ તેમની નવલકથાઓનો અત્યંત રસમય પરિચય આપ્યો હતો, તેવી જ રીતે સમરસેટ મૉમ, ફ્યોડોર દોસ્તોવ્યેસ્કી, જેઈન ઑસ્ટીન, પ્રેમચંદ, શરતચંદ્ર ચૅટર્જી વ.નો પરિચય આપશો, તો રસપ્રદ બની રહેશે.

સુકન્યા ઝવેરી જેમ બંગાળી વાર્તાઓનો આસ્વાદ કરાવે છે, તેમ ભારતની બીજી ભાષાઓ—ખાસ કરીને દક્ષિણ—ની માટે ન થઈ શકે?

'મારી માન્યતા'માં વિનોદિની નીલકંઠ, ડૉ. ધર્મવીર ભારતી, બાબુરાવ પટેલ (મધર ઇન્ડિયા ફેઈમ) કમલેશ્વર, મોહમ્મદ માકડ, બકુલ ત્રિપાઠી, સંજીવકુમાર તથા ગુલઝારની મુલાકાત આપવા વિનંતી. યશપાલ, જાણીતા હિંદી લેખક કે જે હમણાં જ મૃત્યુ પામ્યા તેમજ અખિલન (જ્ઞાનપીઠ વિજેતા) તથા તેમના સાહિત્ય વિશે માહિતી આપવા વિનંતી.

(વડોદરા) —રૂમીન શાહ

બે સંસ્કૃત ભાવાનુવાદ

જાન્યુઆરી અંકના 'માધુકરી' વિભાગને અંતે આપેલ પ્રાચીન (મધ્યકાલીન) લોકસાહિત્યના રાજસ્થાનીબોલીની છાયાવાળા બે દુહાઓ એ સાહિત્યના રસિકોના ચિત્તને ડોલાવી મૂકે એવા છે. એનો સંસ્કૃત ભાવાનુવાદ આ સાથે આપને મોકલું છું, જે કુમારના રસિક વાચકોના ચિત્તનેઆહ્લાદશે

'वयं दग्धा विना पक्षौ
कथं त्वं हंस दह्यसे।
इति दावाग्निना दग्धाः
पृच्छन्तिःलमयोद्मवाः॥
हंसो ब्रवीति—
'पर्णानि चर्वितान्येव
रसः पीतः सहोषिताः।
यूयं दग्धा मयि स्वस्थे
प्रयाते किं प्रयोजनम्॥'

વળી તે જ અંકના છેલ્લા પાનાના મથાળે મૂકેલા ગોવિંદભાઈ પટેલના સુભાષિતનો પણ સમશ્લોકી અનુવાદ રજૂ કરું છું:

वंशवज्जातु जायेय जीवेयं सरितासमः।
मातङ्गवन्मरिष्यामि एतन्मे एषणात्रयम्॥

અને બે ભૂલો

'કુમાર'ના દરેક અંકના માહિતીસભર અંતિમ પાના ઉપર એક સાનુવાદ હૃદયંગમ સંસ્કૃત સુભાષિત મુકાય છે તેને પોતાની નોંધપોથીમાં લખી લેવા અને મુખ-પાઠ કરવા મારા છાત્રોને અને સંસ્કૃત ભાષામાં રસ લેતા મિત્રોને સૂચવું છું; પરંતુ એમાં થતી છાપ-ભૂલો ડંખે છે. દોષદર્શી થવું ગમતું તો નથી; પણ 'કુમાર' પ્રત્યેની મમતા એમ કરવા પ્રેરે છે. જાન્યુઆરી અંકમાંના સુભાષિતના બીજા ચરણમાં 'घटो' ને સ્થાને 'घरो' મુદ્રિત થયું છે, અને ચોથા ચરણમાં 'विहीनाः' ને સ્થાને 'विहीताः' છપાયું છે.

વળી, તે જ અંકમાં પાના ૧૮ ઉપરના 'સાહિત્યસંપર્ક'માં પાણિનિ મુનિનું નામ 'પારિગતિ મુનિ' છપાઈ ગયું છે.

મારી આ અનધિકૃત દોષદર્શી ચેષ્ટાને ક્ષમા આપશો. આવા મુદ્રા-રાક્ષસોને આપ દૂર હટાવશો જ એવી અપેક્ષાસાથે વિરમું છું.

(દ્વારિકા) —લક્ષ્મીશંકર અ. જોષી

શ્લોકોમાં ભૂલ

ડિસેમ્બર અંકમાં છેલ્લે પાને છપાએલા સુભાષિતમાં પાછી ભૂલ છે. પ્રથમ પંક્તિનો છેલ્લો શબ્દ नेतारः જોઇએ, વિસર્ગ છપાયો નથી.

महत्त्वं ખરો શબ્દ છે (महत्+त्व). વળી महत्त्वं इच्छन्ति તેબરાબર નથી. અંતિમ म् પછી સ્વર આવે તો તેનો અનુસ્વાર કરવાનો રિવાજ નથી. महत्त्वमिच्छन्ति આમ જોઇએ. તેજ પ્રમાણે वृन्दमषसीदति જોઇએ.

શ્લોક આમ થશે:

बहवो यत्र नेतारः सर्वे पंडित मानिनः।
सर्वे महत्त्वमिच्छन्ति तद् वृन्दमवसीदति॥

જાન્યુઆરી અંકમાં છેલ્લે પાને આપેલા સુભાષિતમાં પણ પાછી ભૂલ છે.

બીજી પંક્તિમાં घरो ને સ્થાને घटो જોઇએ. ચોથી પંક્તિના विहीताः છે તે विहीना જોઇએ. મૂળ શબ્દ विहीनाः પણ પછી બ આવતો હોવાથી વિસર્ગનો લોપ થાય. गुणैःविहीना=गुणैर्विहीना જોઇએ. આખો શ્લોક આ પ્રમાણે જોઈએ:

संपूर्णकुंभो न करोति शब्दम्
अर्धो घटो घोषमुपैति नूनम्।
विद्वान् कुलीनो न करोति गर्वम्
गुणैर्विहीना बहु जल्पयन्ति॥

(મુંબાઇ) —મધુસૂદન વૈદ્ય

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૭)

ચમત્કાર / દેવજી રા. મોઢા

તમે આવી મારે જીવતર ચમત્કાર કરિયો!

તમે ન્હોતાં ત્યારે જીવન મુજ કોઈ રગશિયા
સમું ધક્કેલાતું પથ પર પડ્યું જાતું, બનતા
બનાવો યે એમાં નહિ અવનવા, રંગભૂમિના
નહોતા ખેંચાતા વિવિધ પડદા, દર્શન પણ
રહેતું એનું એ, ગગનની મહીં સૂર્ય ઊગતો
સવારે પ્રાચીમાં, પ્રતીચી મહીં સાંજે ઢળી જતો,
અને સાથે મારો દિવસ પણ પૂરો થઈ જતો.
પછી થાકયોપાકયો લુસલુસ જમીને ઊંઘી જતો
અને બીજે દ્હાડે અધિક શ્રમ સોતો જ ઊઠતો.

તમે ન્હોતાં આવ્યાં સશરીર, હજી 'આવ્ય' પવને
તમારી હોયે ત્યાં બદલી ગયું વાતાવરણ, ને
હવા લુખ્ખી સુક્કી થઈ રહી મજેદાર, નવલાં
રૂપાળાં પર્ણોની છતરી લીધ ઓઢી તરુવરે
તમે એની છાંયે ઘડીભર રુકો ર્ઇ અભખરો
ભરીને હૈયામાં, વિહગ કરી રૂહેતાં સ્વર તણી
રિયાઝો, જો એનાં સુણી તમે રહો ગીત...
તહીં તો

તમે આવી પ્હોંચ્યાં, રિમઝિમ થકી શેરી રણકી
ઊઠી, ખૂણેખૂણો સભર ભરી દીધો ઘર તણો
તમારા વ્યક્તિત્વે, જડથી ય ફુવારા ઊડી રહ્યા
બધે ચૈતન્યોના, તિમિરભર મારા ભવનમાં
ઉજાસો રેલાયા, હજી હું હમણાં કાલ લગી જે
રહ્યો છુટ્ટો એને પ્રણુયતણી ગાંઠે ચસચસી
તમે બાંધી લીધો, સ્વજન સઘળાં ચુંબક તણી
ગ્રસાયાં કક્ષામાં, શિશુગણ વશીભૂત થઈને
ફરે વાંસેવાંસે, શુભશકુનવંતાં બની રહ્યાં
વડીલોની દષ્ટે, તમ પદ બન્યાં લક્ષ્મી-પદ, ને
કીધો મારો ખાલીખમ નિધિ તમે રિદ્ધિ-ભરિયો.

–તમે આવી મારે જીવતર ચમત્કાર કરિયો!

સૌના આનંદ વચ્ચે / દેવજી રા. મોઢા

· સ્રગ્ધરા-સૉનેટ ·

આવેલી ના કદી યે જીવનભર મહીં એવી કો માંદગીના
તીણા ને ક્રૂર ન્હોરે તમ શરીર પરે પાડી દીધાં ક્ષતો તે
ઊંડાં થાતાં જ ચાલ્યાં, વકરી નિત રહ્યાં, દાદ મોંઘી દવાને
ના દેતાં, સારવારે કુશળ તબીબની ના થતી કામયાબ.

કાલે આ માંહ્યલું તો કશું ય નવ હતું, ને તમે છેક સ્વસ્થ;
–ને આજે અશ્વવેગે કટક દરદનાંએ ધસી ઘેરી લીધો
કાયાનો કોટ-કિલ્લો, લઈ લીધ ભરડો. સાથ સૌએ મળીને
એવો તો જોશીલો કે જીવ લઈ જઈને જંપશે એવું લાગે.

ત્યાં પૃથ્વી પાસ અજાદક ય હજી રહ્યું શેષ કાંઈ હશે તે
લેવા રોકાઈ જ્યાં ને શરીર કૃશ વળી આવિયું, મ્લાન ચ્હેરે
તંદુરસ્તીની આછી ઊપસી રહી પ્રભા, ઓષ્ઠ પે હાસ્ય સ્ફૂર્યું,
ને ઊંડાં ઊતર્યાં તે નયન મહીં અમી ઊભરી ફેર ઊઠયાં.

સૌના આનંદ વચ્ચે નીંદર પૂરી કરી હો ઊઠયાં એમ સીધાં
પ્હોંચી જ્યાં છાપરામાં કશી મદદ વિના ગાયના દર્શનાર્થે!

અવ / દેવજી રા. મોઢા

- હરિણી-સૉનેટ -

અવ રહી ગયાં છો આંહીં તો ભલે થિર થૈ ર'જો,
શત વરસનું આયુ પૂરેપૂરું જ જીવી જજો;
ગભરુ શિશુઓને પાંખોમાં લઈ હૂંફ આપજો,
પ્રિય સુતસુતાના સંસારો મહીં ફરી વ્યાપજો!

નૂતન અવતારે આવ્યાં; ના ઘસી તન નાખજો,
ઘર-વહનનો બોજો કાંઈ શિરે નવ રાખજો;
પ્રભુ ભજનમાંહી શેષાયુ નિરામય ગાળજો,
કુસુમ–હળવાં, ભારે અદ્રિ સમાં, બની મ્હાલજો!

જીરણ નયને જોવું કો દિ' પડે નવું, ન્યાળજો,
યુગ પલટી રૂહેતો ભાળી ના જરી ઉર બાળજો;
ઊગતી યુવ પેઢીની સાથે-નું ઘર્ષણ ટાળજો,
સુજનનીનું પામ્યાં તો છેલ્લે લગી પદ પાળજો!

ફળફૂલલચ્યાં માતૃવલ્લી સમાં જગ હીંચજો,
અહીં શિશુ પરે, સ્વર્ગે બેઠા છતાં, અમી સીંચજો!

તે તમે / દિનકર 'પથિક'

તૃપ્તિ મળે જ ના કદી એ પ્યાસ, તે તમે,
થોડા પ્રસંગમાં જ એક ઇતિહાસ, તે તમે.

કાંઠા તણી પીળાશથી ભરપૂર રેત હું,
દરિયા ઉપરનાં ફીણનો અજવાસ, તે તમે,

શબ્દોના ઘન સ્વરૂપનો ખાલી હું અંચળો,
ઊંડા બધા ય મર્મનો આભાસ, તે તમે.

હું તો ખરીને ધૂળ થઈ તે પાંદડા સમો,
પરિમલ સુગંધથી ભર્યો ચોપાસ, તે તમે.

સ્મરણો સુધી કદી ય ન પ્હોંચ્યાં તે બિંદુ હું
આખર સુધી ઝંખી રહ્યો નિઃશ્વાસ, તે તમે.

રહ્યા / મૃદુલા પંડ્યા

પાનખરના રંગ ઝળહળતા રહ્યા,
પાંદરૂપે શબ્દ ટળવળતા રહ્યા.

હાથમાં રેખા હતી કે ઝાંઝવું?
ટેરવાં પૂછીને ટળવળતાં રહ્યાં.

મૌનમાં પણ એ સદા મળતા રહ્યા,
હા! સમંદર રોજ ખળભળતા રહ્યા.

શબ્દ જેવા ચંદ્રનો એ અર્થ હતો,
શ્વાસ ભીના ત્હોય બળબળતા રહ્યા.

સૂર થૈને કંઠમાં વસતા તમે
ગીત થૈને રોજ અમ મળતાં રહ્યાં.

સફળતાની ચાવી

બહાદુરશાહ પંડિત

ડિઝરાએલી ઇંગ્લૅન્ડનો વડો પ્રધાન બન્યો એ પહેલાં પાર્લમેન્ટની ચૂંટણીમાં ત્રણ વાર હારી ગયો હતો. સતત ત્રીજી વાર એ ચૂંટણીમાં હારી ગયો ત્યારે એ સમયના વડા પ્રધાન શ્રી મેલબોર્ને એને પૂછ્યું: 'હવે તમે શું કરવા માગો છો?' ડિઝરાએલીએ જરા પણ નિરાશ થયા વિના જવાબ આપ્યો: 'ઈંગ્લૅન્ડનો વડો પ્રધાન બનવાનો પ્રયત્ન.'

નાનપણમાં આપણે વાચનમાળામાં 'કરતાં જાળ કરોળિયા'ની કવિતા શીખી ગયા છીએ. સાત સાત વાર જાળ ગૂંથવા જતાં ભોંય પડી ગએલો કરોળિયો જો નિરાશ થઈ ગયો હોત તો એનાથી જાળ કદી ના ગૂંથાઈ હોત, પણ એણે આઠમી વાર પ્રયત્ન કરીને સફળતા મેળવી.

કરોળિયા જેવું નાચીઝ પ્રાણી જે કરી શકે એ આપણે કેમ ના કરી શકીએ, જો આપણી પાસે સંકલ્પશક્તિ હોય અને દૃઢ મનોબળ હોય. કોઈ કવિએ યોગ્ય જ કહ્યું છે કે

કદમ અસ્થિર હોય તેને
કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને
હિમાલય પણ નથી નડતો!

આ સંકલ્પશક્તિ અને અડગ મનનો અર્થ શો સમજવો? ડિઝરાએલીની જેમ તમે જીવનમાં કયું ધ્યેય સિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે? મહાન નેતા બનવાનો કે સુપ્રસિદ્ધ સેનાપતિ? ઉત્તમ વકીલ કે જાણીતા ડૉક્ટર બનવાનો? જે કંઈ બનવાનો તમે નિર્ણય કર્યો છે એની પાછળ મનોબળ કેટલું છે?

ઇટાલીનો સરમુખ્યાર મુસૉલિની એક સુથારનો પુત્ર હતો. નાનપણમાં એના પિતા સાથે રાજમહેલમાં એ સુથારીકામ કરવા ગએલો. પિતાને મદદ કરતાં કરતાં એણે સિંહાસન ઉપર ખૂબ ચીવટથી રંદો ફેરવવા માંડ્યો. આવડા નાના છોકરાને આટલી બધી જહેમત ઉઠાવતો જોઈ રાજમહેલના એક નોકરે કહ્યું: 'અલ્યા શું કરવા નકામી આટલી બધી મહેનત કરે છે?'

'ભવિષ્યમાં મારે આના પર બેસવું છે. ત્યારે મને એ ખૂંચે નહિ એટલા માટે.' કિશોર મુસૉલિનીએ જવાબ આપેલો.

આવું સંકલ્પબળ ધરાવતા લોકો નિષ્ફળતાથી કદી નાસીપાસ થતા નથી. નિષ્ફળતા તો એમના જીવનમાં પ્રેરક બળ બની રહે છે. મુશ્કેલીઓ એમને મહાત કરવાને બદલે મજબૂત બનાવે છે. નિષ્ફળતા એમનું નસીબ ઘડે છે.

બી.એ.ની પરીક્ષામાં એક વિદ્યાર્થી નાપાસ જાહેર થયો. પણ નાપાસ થવાથી એ નાસીપાસ ના થયો. એણે ફરી પ્રયત્ન શરૂ કર્યો. પાસ થવાના દૃઢ સંકલ્પ સાથે બીજા વર્ષે એ પરીક્ષામાં બેઠો ત્યારે એક પેપરમાં તેર પ્રશ્નો પૂછી સૂચના લખેલી: 'ગમે તે નવ પ્રશ્નોના ઉત્તર લખો.' એણે તેરેતેરના જવાબ લખી નાખ્યા અને સૂચના લખી: 'ગમે તે નવ તપાસો!'

પરિણામ આવ્યું ત્યારે આ વિદ્યાર્થી કેન્દ્રમાં પ્રથમ નંબરે આવ્યો હતો! એ વિદ્યાર્થીનું નામ પ્રો. તીર્થરામ, પાછળથી જે સ્વામી રામતીર્થ બન્યા. પહેલી વાર નાપાસ થયા પછી તીર્થરામે અભ્યાસ છોડી દીધો હોત તો?

વાસ્તવમાં નિષ્ફળતા તો સફળતાની સીડીનું પહેલું પગથિયું છે. જેણે દૃઢ નિર્ધાર કર્યો હોય એને નિષ્ફળતા કદી નડતી નથી. દૃઢ મનોબળવાળા માણસો તો નિષ્ફળતાના ઘાસનો તરાપો બનાવીને આ મુશ્કેલીના મહાસાગરને આનંદથી પાર કરી જાય છે.

ગુજરાતી સાહિત્યના પંડિત યુગના સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ મૅટ્રિકમાં નાપાસ થયા હતા; અને તે પણ સંસ્કૃતમાં! પણ આ ખંતીલા વિદ્યાર્થીએ પાછળથી સંસ્કૃતના વિદ્વાન તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી, એ સર્વવિદિત વાત છે.

વિખ્યાત સર્જક એમિલ ઝોલા પાસેથી આપણે જે મેળવ્યું છે, એ કદી ભરપાઈ થઈ શકે એમ નથી. એ માણસે જીવનમાં જે નિષ્ફળતાઓ અનુભવી હતી એ ગમે તેવા માણસને કચડી નાખે એવી હતી, પણ એની લોખંડી ઇચ્છાશક્તિએ એને બચાવી લીધો. ઝોલા નાનો બાળક હતો ત્યારે એના પિતા કુટુંબને સાવ ખરાબ સ્થિતિમાં મૂકી મૃત્યુ પામ્યા હતા. આશાવાદી યુવાન ઝોલાએ વિજ્ઞાની થવા પ્રયાસ કર્યો, પણ સખત મહેનત છતાં એ નાપાસ થયો. દુઃખી થવા છતાં પણ એણે નિરાશાને પોતાના પર સવાર થવા દીધી નહિ. પોતે અનેક પ્રકારના ધંધા કર્યા પણ એ દરેકમાં એને નિષ્ફળતા મળી. ભાગ્ય એના પ્રત્યે નિર્દય બન્યું હોય એમ વર્ષો સુધી એને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી. આખરે એને એક સ્થળે કારકુનની નોકરી મળી ત્યારે એણે 'હાશ' અનુભવી, પણ એ નોકરી ટૂંક સમયમાં જ પૂરી થઈ ગઈ!

અંતે એણે કલમ ઉપાડી અને જીવનની અનેક નિષ્ફળતાઓમાંથી પ્રાપ્ત કરેલું ડહાપણ એણે એ કલમ દ્વારા અભિવ્યક્ત કર્યું. એને જો એકાદ ધંધામાં સફળતા મળી ગઈ હોત તો જગતને આટલો મોટો લેખક અને સાચ માટેનો લડવૈયો ક્યાંથી મળ્યો હોત?

દૃઢ સંકલ્પબળ ધરાવતો માણસ કદી આફતોથી ગભરાતો નથી. ગમે તેવી આફતને પણ એ આનંદની ક્ષણમાં ફેરવી નાખવા જેટલું મનોબળ ધરાવતો હોય છે. શ્રી શેખાદમ આબુવાલાએ એક મુક્તકમાં કહ્યું છે:

અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં;
સર કરીશું આખરી સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં.

આવા દૃઢ મનોબળવાળા માણસને માટે આપત્તિ તો કસોટીનો પથ્થર બની જાય છે. એ આપત્તિથી ગભરાતો નથી, આપત્તિને આવકારે છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે

'મિત્રસ્વજનબંધૂનાં બુદ્ધે ધૈર્યસ્ય ચાત્મનઃ।
આપન્નિકષપાષાણે નરો જાનાતિ સારતામ્॥'

આપત્તિ એ તો આપણા માટે કસોટીનો પથ્થર છે. મિત્ર, કુટુંબીજન, બંધુ અને પોતાની બુદ્ધિ અને ધૈર્યની પરીક્ષા આપત્તિ સમયે જ થાય છે.

વડોદરાના મલ્હારરાવના મૃત્યુ પછી ગાદીનો વારસ નક્કી કરવા માટે નજીકના પિતરાઈના ત્રણ પુત્રોને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો: તમને અહીં શા માટે બોલાવવામાં આવ્યા છે?'

મોટો અને નાનો આ પ્રશ્નનો જવાબ આપતાં ગૂંચવાઈ ગયા, પણ વચેટે જવાબ આપ્યો: 'મને અહીં રાજા બનાવવા માટે બોલાવવામાં આવ્યો છે.' અને એ વચેટને ગાદી મળી. એ આત્મનિશ્ચયી વચટ જ વડોદરાના વિખ્યાત રાજવી સર સયાજીરાવ ગાયકવાડ બન્યા.

આપણે સૌ પણ આ પૃથ્વી પર 'રાજા' બનવા જ આવ્યા છીએ—અલબત્ત, પોતપોતાના ક્ષેત્રના 'રાજા'. પણ રાજા બનવા માટેની પહેલી શરત રાજા બનવા માટેના દૃઢ સંકલ્પની છે. બ. ક. ઠાકોરની એક કાવ્યપંક્તિમાં કહ્યું છે એમ

'નિશાન-ચૂક માફ,
માફ નહિ કિંતુ નીચું નિશાન'.

આમ આપણું નિશાન નિશ્ચિત હોય અને એ સિદ્ધ કરવા માટે આપણામાં સંકલ્પની દૃઢતા હોય તો સિદ્ધિ તો સામે ચાલીને આવે છે.

આપણા વિષેનો આપણો ખયાલ નીચો ના હોવો જોઈએ. આપણે લઘુતાગ્રંથિથી પીડાતા હોઈએ તો સિદ્ધિ કદી પ્રાપ્ત થતી નથી. પણ પંડની પેટીમાં જે પારસમણિ પડ્યો છે એને વાપરવો જોઈએ. કવિ રાજેન્દ્ર શાહ કહે છે:

વાવરી જાણે તે બડભાગીઓ
ફૂટલાં ફૂટે છે કરમ જી,
આપણા ઘડવૈયા બાંધવ આપણે!

આપણું ઘડતર આપણે જાતે જ કરવાનું છે. એના માટે જરૂર છે માત્ર સંકલ્પ કરવાની: ઉત્તિષ્ઠત! જાગ્રત! પ્રાપ્ય વરાન્નિબોધત! □



શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રે ઉજ્જવલ કાર્ય કરવા બદલ બારીસાલની પ્રજાએ જેમને પોતાના 'લોકપિતા' ગણ્યા અને એ લોકો પરના પોતાના વ્યાપક પ્રભાવ બદલ જે 'પૂર્વ બંગાળના બેતાજ બાદશાહ' ગણાયા એ વિસ્મૃત લોકસેવક ને દેશભક્ત

અશ્વિનીકુમાર દત્ત

લેખક • અરવિંદ પી. દવે
બિહારીલાલ ટાંક

આજે જેને આપણે સ્વચ્છંદતાપૂર્વક માણી રહ્યા છીએ એ સ્વતંત્રતાનો સૂરજ તો હજી હમણાં ઊગ્યો. પણ એ પહેલાંની ગુલામીની લાંબી કાળી રાતને કંઈ કેટલા યે તારાઓ પોતાના ઓછાવત્તા તેજે અજવાળી ગયા છે. આઝાદીના ઝગહળાટમાં આપણે હવે એને ભૂલવા પણ માંડયા છીએ, પણ એ સમયે એમાંના ઘણાએ એ રાતની કાળાશને સહ્ય બનાવી હતી, કેટલાકે આપણને પંથ બતાવ્યો હતો. અંગ્રેજી શાસનની એ કાળી રાત આથમવાનાં એંધાણની પહેલી ખુશનુમા લહેરખી વાઈ ઈ. ૧૮૫૭માં. પારતંત્ર્યના ઘારણમાં આળોટતી હિંદી પ્રજામાં જાગ્રતિનો ત્યારે સંચાર થયો. પરોઢના એ આછા ઉજાસમાં પૂર્વ ભારતમાં ઈ. ૧૮૫૬માં એક તેજસ્વી તારકનો ઉદય થયો. સ્વાતંત્ર્ય પૂર્વેના અખંડ બંગાળના ખાસ કરીને બારીસાલ જિલ્લાના 'લોકપિતા' સમું માનભર્યું સ્થાન પામનાર એ બાબુ અશ્વિનીકુમાર દત્તનું નામ અને કામ હવે તો ભુલાવા માંડયું છે, પરંતુ ગઈ સદીની આખર અને આ સદીના આરંભનાં વર્ષોમાં એમણે સ્વયં સ્ફુરણાથી શિક્ષણ અને સમાજ-સેવાના ક્ષેત્રમાં જે પ્રદાન કર્યું છે અને એનાથી આપણી સ્વાતંત્ર્યવાંછુ ચળવળોમાં જે બળ પુરાયું છે એનું ઋણ ભૂલી ન શકાય.

આજનો બાંગ્લાદેશ એ કાળે બંગાળ પ્રાંતનો જ ભાગ હતો. એના બાકરગંજ જિલ્લામાં પટુઆખલી તાલુકાના એક ગામના ઉચ્ચ મધ્યમ વર્ગના એક કાયસ્થ પરિવારમાં ઈ. ૧૮૫૬ની ૨૫મી જાન્યુઆરીએ અશ્વિનીકુમારનો જન્મ થએલો. પિતા વ્રજમોહનબાબુ મુનસફ અને ડેપ્યુટી કલેક્ટરપદેથી બઢતી પામી ડિસ્ટ્રિક્ટ જજના પદ પર પહોંચ્યા હતા. માતા પ્રસન્નમયીદેવી શ્રદ્ધાળુ અને સ્વતંત્ર મિજાજનાં હતાં. આત્મનિર્ભર સ્વમાની સ્વભાવ, સહનશીલ ઠાવકાઈ, કાર્યનિષ્ઠા અને ભક્તિભાવભરી સત્યપ્રિયતાના ગુણ અશ્વિનીકુમારને વારસામાં જ મળેલા હતા. પાંચ વર્ષની વયે વડીલોના ગામ બતજોરની પાઠશાળામાં અભ્યાસ આરંભીને અશ્વિનીકુમાર રંગપુરમાંથી, આજના મૅટ્રિક્યુલેશનની સમકક્ષ ઍન્ટ્રન્સની પરીક્ષા અને કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ફર્સ્ટ આર્ટની પરીક્ષા પાસ કર્યા બાદ અલ્લાહાબાદ જઈ ત્યાં કાયદાનો અભ્યાસ કરીને ઈ. ૧૮૭૭માં ત્યાંની પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયા. એ પછી વતનમાં પાછા ફરી કૃષ્ણનગર કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈ બીજે વર્ષે, ૧૮૭૯માં એમ. એ. ને ૧૮૮૦માં બી. એલ. બન્યા. દરમિયાન ૧૮૭૮માં ચંદ્રકુમાર રાયનાં પુત્રી સરલબાળા સાથે એમનાં લગ્ન થએલાં.

અભ્યાસની સાથોસાથ એમણે શિક્ષણકાર્ય પણ આરંભેલું. પોતાની એ કારકિર્દીનો આરંભ એમણે ૧૮૭૮માં કૃષ્ણનગર કૉલેજની શાળામાં શિક્ષક તરીકે કરેલો. બીજા જ વર્ષે સીરામપોર નજીકના એક ગામમાં હેડમાસ્તર તરીકે એમની નિમણૂક થઈ. ગૃહસ્થાશ્રમ અને પોતાના અભ્યાસના ભારણ છતાં એમણે એ શાળાની કાયાપલટ કરી દીધી. પ્રબળ વ્યક્તિત્વ અને ઉચ્ચ આદર્શોના આગ્રહ વડે તેઓ વિદ્યાર્થીઓના પ્રભાવક અને પ્રેરક બની ગયા હતા. પોતાના આ શિક્ષણક્ષેત્રમાં એમને ઊંડો રસ હતો, છતાં વકાલત અજમાવવાની ઇચ્છાથી ૧૮૮૦માં એનો આરંભ કર્યો. કાયદાના એ નિષ્ણાત હોઈ વકીલ તરીકે એમણે સારી એવી ખ્યાતિ પણ મેળવી; એટલું જ નહિ, અસત્ય-અપ્રમાણિકતા અને કાવાદાવાથી બદનામ એ સમયના એ ક્ષેત્રમાં પોતાના ન્યાયપ્રિયતા, સત્યના આગ્રહ અને અસીલો પ્રત્યેના સમભાવથી અશ્વિનીકુમાર ઘણી પ્રભાવક વ્યક્તિ બની ગયા. એ વખતના ખ્યાતનામ વકીલ ભૂપેન્દ્રનાથ બસુના કહેવા પ્રમાણે જો તેઓ વકાલતમાં જ રહ્યા હોત તો રાસબિહારી ઘોષ જેટલી નામના પામત.

પણ અશ્વિનીકુમારને એ ક્ષેત્રમાં જચ્યું નહિ. તેઓ પુનઃ પોતાને પ્રિય શિક્ષણક્ષેત્રમાં પાછા આવતા રહ્યા. જો કે આજીવિકા માટે તેઓ કંઈ કામ ન કરે તો યે ચાલે એવી એમની સધ્ધર સ્થિતિ હતી, પરંતુ એમના કાર્યશીલ સ્વભાવને એવી નિષ્ક્રિયતા ફાવે તેમ નહોતું. પોતે નિઃસંતાન હતા, પણ વતનનાં બાળકોને પોતાનાં સમ ગણી એમણે પોતાની સંપત્તિ એમના શિક્ષણ પાછળ ખરચવા માંડી. ઈ. ૧૮૮૪ની ૨૭મી જૂને એમણે પિતાના નામે વ્રજમોહન સ્કૂલની સ્થાપના કરીને પાંચ વર્ષમાં તો એને સેકન્ડ ગ્રેઈડ કૉલેજની કક્ષાએ પહોંચાડી દીધી, અને આગળ જતાં બી. એ. અને બી. એલ. તથા પ્લીડરશિપના અભ્યાસ સુધીની સગવડ ઊભી કરી દીધી. સત્તર વર્ષ સુધી વિના વેતને એમણે આ શિક્ષણસંસ્થામાં અંગ્રેજી શીખવાડયું. એમના માર્ગદર્શક સંચાલન

તળે આ શાળા અને કૉલેજ એક આદર્શ સંસ્થા બની રહી. 'સત્ય, પ્રેમ અને પવિત્રતા' એ આ સંસ્થાનો મુદ્રાલેખ હતો. એની ભાવના વિદ્યાર્થીઓમાં ઉતારવાનાં બધાં જ પગલાં ત્યાં લેવાતાં. 'બૅન્ડ ઑવ મર્સી', 'બૅન્ડ ઑવ યુનિટી' અને 'બૅન્ડ ઑવ હોપ' નામક એનાં વિદ્યાર્થીનાં મંડળો વિવિધ ઇતર પ્રવૃત્તિઓ ચલાવતાં. આ સાથે 'લિટલ બ્રધર્સ ઑવ ધ પૂઅર' નામનું એક સ્વયંસેવક વિદ્યાર્થીમંડળ પણ એમણે સ્થાપેલું. જરૂરતમંદોને સહાય અને માંદાંની ચાકરી એ આ સ્વયંસેવક વિદ્યાર્થીઓનું ધ્યેય હતું. આ મંડળનાં કાર્યની ફોરમ તો દૂર દૂર સુધી પમરી હતી. આગળ જતાં મુંબાઈ અને મદ્રાસમાં પણ એનું અનુકરણ થએલું. નવયુવાન વિદ્યાર્થીઓને લોકસેવાના પ્રત્યક્ષ પાઠ આપવા સાથે જનસામાન્ય સાથે એમને હળતાભળતા કરી ગરીબ ભારતનું ખરું દર્શન કરાવવાની એમની નેમ હતી. જાતિભેદને વિસારી દઈને લોકોમાં એક આદર્શ માનવીય ઐક્ય પ્રકટાવવાની એમની દૃષ્ટિ હતી. સ્ત્રીશિક્ષણનો મહિમા એ કાળે આજના જેટલો નહોતો. પણ અશ્વિનીકુમારના સંચાલન તળેની 'બખેરગંજ હિતૈષિની સભા' દ્વારા ત્યાં ઈ. ૧૮૮૭માં એક કન્યાશાળા પણ સ્થપાઈ હતી, જેમાં એમની પ્રજાશિક્ષણની દૃષ્ટિના વ્યાપનો પરિચય મળે છે. વિદ્યાર્થીઓના આદર્શ અને સર્વ વર્ગના મિત્ર અને હિતૈષી ગણી લોકો એમને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની સાથે સરખાવતા. રાજ્ય સરકાર પણ આવી સદ્પ્રવૃત્તિ પાછળ પોતાને કોઈ ખર્ચ થતો ન હોઈ એનો આદર કરતી અને અશ્વિનીકુમારના ઉચ્ચ આદર્શો અને મીઠા સ્વભાવથી પરિચિત અનેક અંગ્રેજ અમલદારો પણ એમને સહાય કરવા તત્પરતા દાખવતા.

એમની આ પ્રવૃત્તિઓથી એક બીજું પરિણામ પણ આવ્યું. અંગ્રેજી રાજ તળે દેશની વાસ્તવિક પરિસ્થિતિનો ખરો ખયાલ એમની સાથે સંકળાએલા નવયુવાનોને આવવા લાગ્યો. અલબત્ત, અશ્વિનીકુમારની આ પ્રવૃત્તિઓ કેવળ માનવહિતલક્ષી જ હતી. એના વડે કોઈ રાજકીય હેતુ સિદ્ધ કરવાનો એમનો ખયાલ હતો જ નહિ. પણ એનાથી દેશની વાસ્તવિક સ્થિતિનું યુવાનોને જે ભાન થયું તેનાથી એ પછીની સ્વાતંત્ર્ય માટેની ચળવળોને ઘણું બળ મળ્યું. દેશનું રાજકારણ એ સમયે એવા તબક્કામાં પ્રવેશ્યું હતું કે કોઈ પણ સમજદાર સ્વમાની માણસ એનાથી અલિપ્ત ન રહી શકે. અશ્વિનીકુમાર પણ એમાં પોતાની રીતે ભાગ લેતા. પ્રથમ સીરામપોર અને પછી બારીસાલમાં એમણે 'પીપલ્સ એસોસીએશન' ચલાવેલું. ઈ. ૧૮૮૬માં કલકત્તામાં કૉંગ્રેસની બીજી પરિષદમાં તેઓએ પ્રતિનિધિ તરીકે ભાગ લીધો અને બીજે વર્ષે મદ્રાસમાં એમણે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં વહીવટી સુધારા સૂચવવા બ્રિટિશ પાર્લમેન્ટમાં પેશ કરવા સારુ જે એક અરજી ઘડેલી તે કૉંગ્રેસ સમક્ષ પણ રજૂ કરી પોતાના વિચારો પ્રકટ કરેલા. એમની આ ક્ષમતાથી પ્રભાવિત થઈ કૉંગ્રેસનું બંધારણ ઘડવા રચેલી સમિતિમાં દીનશા વાચ્છા, પં. મદનમોહન માલવીય, સુબ્રહ્મણ્યમ આયર, આર. એન. મુધોળકર ને કૉંગ્રેસના પ્રમુખ-ઉપપ્રમુખના સાથે અશ્વિનીકુમારની પણ વરણી થએલી!

કૉંગ્રેસના વિકાસના એ પ્રારંભકાળમાં એમણે લોકસંપર્ક વધારવાની આગ્રહભરી હિમાયત કરી હતી, અને ૧૮૯૭ની અમરાવતીની બેઠકમાં 'ગ્રામવાસીઓ પ્રત્યે જો ઉપેક્ષા સેવવામાં આવશે તો કૉંગ્રેસ ટકી નહિ શકે' એવો પોતાનો દૂરંદેશીભર્યો અભિપ્રાય સ્પષ્ટપણે પ્રકટ કર્યો હતો. આ છતાં રાજકારણમાં એમની વિચારસરણી 'મવાળ' રહી હતી, જેમાં 'બંગભંગ'ના બનાવે ઉગ્રતા આણી દીધેલી અને કદાચ એટલે જ તેમણે ૧૯૦૬માં ઉજવાએલા શિવાજી મહોત્સવનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું. સ્વદેશી માલ પ્રત્યેનો એમનો પક્ષપાત અસલ તો દેશપ્રેમથી પ્રેરાએલો હતો, પણ જ્યારે એ અંગેની ચળવળે રાજકારણીય સ્વરૂપ લીધું ત્યારે એમણે એમાં પણ ઝુકાવ્યું. રાજકીય જાગ્રતિના એ અરસાની એમની પ્રવૃત્તિઓ પાછળના દેશપ્રેમ ને લોકહિતની ભાવનાથી તેઓ એટલા તો લોકપ્રિય બની ગએલા કે બિપિનચંદ્ર પાલના શબ્દોમાં કહીએ તો એ સમયે, 'બારીસાલની પ્રજામાં એમનો શબ્દ એ જ કાયદો બની ગયો હતો.'

અને કેમ ન બને? બારીસાલની પ્રજા માટે એમણે શું નહોતું કર્યું? એમણે એમના સુખે સુખ અને દુઃખે દુઃખ અનુભવ્યું હતું. એ પ્રજાને કેળવવા એમણે જાતે તન, મન અને ધનથી ઘસારો વેઠ્યો હતો. એમને ન્યાય અપાવવા એમણે ટાંટિયાતોડ કરી હતી, એમની માંદગીની પથારી પાસે એમણે ઉજાગરા વેઠ્યા હતા. ઈ. ૧૯૦૬માં પડેલા દુષ્કાળમાં, છેલ્લાં આઠ વર્ષથી પોતાને વળગી પડેલા મધુપ્રમેહની પરવા કર્યા વિના એમણે ભારે પરિશ્રમ વેઠ્યો હતો. લોકોને રાહત પહોંચાડવા ૧૫૫ જેટલાં રાહતકેન્દ્રો એમણે ઊભાં કરેલાં અને એના દ્વારા દર અઠવાડિયે લગભગ ૬૦૦૦ જેટલા રૂપિયા તેઓ વહેંચતા હતા! એટલું જ નહિ, આ રાહતકાર્ય માટે તેઓ જાતે કાર્યકરોની પસંદગી કરતા, એમને યોગ્ય સ્થાને કામ સોંપતા અને એમનું કાર્ય બરાબર ચાલે છે કે નહિ તેની અવારનવાર જાતે જઈને તપાસ રાખતા ને યોગ્ય માર્ગદર્શન આપતા. દુષ્કાળગ્રસ્ત લોકોના ઘેરઘેર જાતે જઈને તેઓ એમને આશ્વાસન અને હિંમત આપતા. કલકત્તાનાં એ સમયનાં અખબારોમાં એમનાં આ કાર્યોની પ્રશસ્તિ પ્રકટ થતી રહેતી. એમનાં સેવાકાર્યોને બિરદાવતા હજારો પત્રો દેશના ખૂણેખૂણેથી એ છાપાંની કચેરીઓમાં રોજ ઠલવાતા. રાજ્ય સરકારની સહાય માગ્યા વિના સ્વેચ્છાએ ઉપાડેલા, અને પ્રશસ્ય રીતે પાર પાડેલા એ રાહત કાર્યને સિસ્ટર નિવેદિતાએ 'મૉડર્ન રિવ્યૂ'માં એક વિસ્તૃત લેખ લખીને બિરદાવ્યું હતું, '...એક શિક્ષક અને એના વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ કરી બતાવેલું આ સેવાકાર્ય બંગાળમાં કે અન્ય ક્યાંયે થયું જાણ્યું નથી.' બારીસાલની પ્રજા એમને પોતાના પિતા કહે એમાં કંઈ નવાઈ નથી, અને એમનો બોલ એ જ કાયદો બની રહે એ તદ્દન સ્વાભાવિક છે.

આવી વ્યક્તિ કેળવણીકાર અને સામાજિક કાર્યકર જ ગણાય, રાજકારણી નહિ. રાજકારણ સાથેનો એમનો સંબંધ લોકહિતની દૃષ્ટિએ જ હતો. પણ બંગભંગ સામેની ચળવળથી ચોંકી ઊઠેલા શાસકોને હવે એમની પ્રવૃત્તિમાં રાજકારણની ગંધ આવવા લાગી. એમની જે પ્રવૃત્તિઓને તેઓ ખુદ વખાણતા હતા એ પ્રવૃત્તિઓ જ એમને હવે કઠવા લાગી. પ્રજા પરનો અશ્વિનકુમારનો પ્રભાવ અંગ્રેજ સરકારને હવે અસહ્ય બની ગયો. બારીસાલના વિદ્યાર્થીઓ અને લોકો ઉપરની એમની પકડને સરકાર વિરુદ્ધનું સંગઠન ગણવામાં આવ્યું. એમની શિક્ષણસંસ્થાઓને ઉશ્કેરણીનાં સ્થાન માનવામાં આવી. એમની સ્વદેશીની ભાવનાને અંગ્રેજી માલનો તિરસ્કાર ગણવામાં આવી. એમનાં મંડળોને દાબી દેવામાં આવ્યાં, એમની સંસ્થાના વહીવટમાં આડખીલીઓ ઊભી કરવા માંડી અને બંગભંગથી નવા રચાએલા પૂર્વ બંગાળ ને આસામના પ્રાંતની સરકારે એમને હદપાર કરવાનો પ્રસ્તાવ હિંદ સરકાર સમક્ષ રજૂ કર્યો. પ્રથમ તો કેન્દ્ર સરકારે એને અનુમતિ ન આપી, પણ ફરી પ્રાંત સરકારનું દબાણ વધતાં એની માગણી સ્વીકારાઈ અને પરિણામે અશ્વિનીકુમારને ૧૯૦૭ની ૩જી જુલાઈએ લખનૌની જેલમાં લઈ જવામાં આવ્યા. પરંતુ એમનાં સામાજિક કાર્યો અને ખુદ એમનાથી પરિચિત એવા કેટલાક અંગ્રેજ અમલદારોને પણ એમના પર મુકાએલા આરોપો ગલત લાગ્યા હતા. બ્રિટિશ સરકારના એક મુક્ત નાગરિકના અધિકારનો એમાં ભંગ થતો હતો એમ અહીં તેમજ ઈંગ્લૅન્ડમાં પણ મનાયું હતું. અશ્વિનીકુમારની આ હદપારી અને કેદથી જાગેલા ઉગ્ર વિવાદ સામે સરકારને આખરે નમવું જ પડ્યું અને ૧૯૧૦ની ૯મી ફેબ્રુઆરીએ એમને મુક્ત કરી દેવામાં આવ્યા. જો કે અશ્વિનીકુમારને જેલવાસનો રંજ ન હતો. પોતાને જે સત્ય લાગે તેને વળગી રહેવાની દૃઢતા એમને માતપિતા તરફથી વારસામાં મળી જ હતી. જેલમાં

મળતા સમયનો સદુપયોગ કરીને એમણે ત્યાં ગરમુખી શીખી લઈ શીખ ધર્મના 'ગ્રંથ સાહેબ'નો અભ્યાસ કર્યો હતો.

બારીસાલ જિલ્લો એ જ એમનું મુખ્ય કાર્યક્ષેત્ર. ત્યાંની મ્યુનિસિપાલિટીની સ્થાપના થઈ ત્યારે તેઓ એના પહેલા પ્રમુખ બનેલા બાર વર્ષ પછી તેઓ એના ચેરમૅન થએલા. મુખ્યત્વે એમના જ પ્રયાસોથી બારીસાલ જિલ્લા લોકલ બોર્ડની સ્થાપના થએલી. ઢાકામાં મળેલી બંગાળ પ્રાંતીય પરિષદમાં તેઓ પ્રમુખ ચૂંટાએલા અને ૧૯૨૧માં બારીસાલમાં એની પરિષદ યોજાઈ ત્યારે ત્યાંની સ્વાગત સમિતિનું પ્રમુખપદ એમને અપાએલું. આસામ અને બંગાળની રેલવે અને સ્ટીમરના કામદારોની હડતાળને એમણે ચાના બગીચાના કામદારોના હિતમાં ટેકો આપેલો. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના અનુસારના લેજિસ્લેચરના બહિષ્કારને ટેકો આપી એમણે ગાંધીજીની અસહકારની ચળવળને આવકારેલી. આમ, દેશ અને પ્રજાના હિતની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સતત કાર્યશીલ રહી એમણે વતનના લોક અને સમાજની સેવા કરી એથી તેઓ 'પૂર્વ બંગાળના બેતાજ બાદશાહ' બની રહ્યા હતા.

પોતાના એક લેખમાં એમણે કેળવણીને વ્યવસાયલક્ષી બનાવવાની હિમાયત કરી હતી. પોતાની શિક્ષણસંસ્થાઓમાં એમણે વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, લોકસેવા અને વ્યાવહારિકતાનું સિંચન કરેલું. નૈતિકતા અને ચારિત્ર્યઘડતર દ્વારા માનવતાભરી ધર્મભાવનાનો એમણે વિદ્યાર્થીઓમાં પ્રસાર કરેલો. હિન્દુ પંડિતો અને મૌલવીઓને એકસાથે પોતાની સંસ્થામાં શિક્ષણ આપતા કરીને એમણે રાષ્ટ્રીય ઐક્યની ભાવના પ્રકટાવેલી. અનેક સરકારી સમિતિઓમાં એમની વરણી થતી રહેલી. કૉંગ્રેસની રાજકીય પ્રવૃત્તિના પ્રારંભનાં વર્ષોમાં જ એમણે સ્પષ્ટ કહેલું કે, 'લોકોને માત્ર વચનો આપવાથી સ્વરાજ આવવાનું નથી. એ માટે તો નક્કર સિદ્ધિઓ પ્રાપ્ત કરવી પડશે.' અને એવી સિદ્ધિઓ એમણે પોતે સ્વીકારેલાં કાર્યોમાં તો પ્રાપ્ત કરી બતાવી જ હતી.

એમનું જીવન તદ્દન નિરાડંબરી, સરળ અને તપસ્વી સમું હતું. ૧૮૮૬માં એમણે બ્રહ્મોસમાજની દીક્ષા પણ લીધેલી. પાલી ભાષાના બૌદ્ધ ધર્મગ્રંથો, ગીતા, બાઈબલ ને ગ્રંથસાહેબના એ ઊંડા અભ્યાસી હતા સંસ્કૃત સાથે ફારસી ભાષાનું પણ એમને અચ્છું જ્ઞાન હતું. અસ્પૃશ્યતા, નશાખોરી અને વેશ્યાવૃત્તિને દૂર કરવાના પ્રયાસો પણ એમણે કરેલા. કુટિરઉદ્યોગને ઉત્તેજવાનો પ્રયત્ન પણ એમણે કરેલો; જો કે ઔદ્યોગીકરણના એ વિરોધી ન હતા.

ભારતભરમાં તેઓ ઘૂમ્યા હતા. દેશના જુદાજુદા લોકોને જોવા-સમજવામાં એમને રસ પડતો. 'ભારતગીતિ' નામે એમણે સ્વરચિત ગીતો પ્રકટ કરેલાં. એમણે લખેલા 'ભક્તિયોગ'ની તો અનેક આવૃત્તિઓ છપાઈ હતી. 'પ્રેમ' અને 'કર્મયોગ' પરની એમની પુસ્તિકાઓ પણ એટલી જ લોકપ્રિય રહી હતી. દુર્ગાપૂજાનો મર્મ સમજાવતું એમનું 'દુર્ગોત્સવ તત્ત્વ' તો વ્યાપક લોકાદર પામેલું. સ્વાતંત્ર્ય પૂર્વેની યુવાન પેઢીએ એમનાં અનેકવિધ સેવાકાર્યો ને એમનાં લેખાણોમાંથી ઘણી પ્રેરણા લીધી હતી.

બેઠી દડીના, સ્વભાવે શરમાળ અને સંકોચશીલ અશ્વિનીકુમારે પોતાની નિર્વ્યાજ સેવાપ્રવૃત્તિથી રાષ્ટ્રના નિર્માણમાં જે પ્રદાન કર્યું છે એ અનુપ્રેક્ષણીય છે. દેશ-એટલે કે આપણે એને વિસારી ન શકીએ. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૭૭

અવાજ બેસી જવો

અવાજ બેસી જવો, ઘાંટો બેસી જવો કે ગળું બેસી જવું એને આયુર્વેદે 'સ્વરભેદ' નામ આપ્યું છે. સામાન્ય સ્થિતિમાં અવાજ સ્પષ્ટ અને રણકતો હોય છે, તેને બદલે આ રોગમાં અવાજ ઘોઘરો, બેસી ગએલો ને ધીમો પડી જાય છે. રોગી જોરથી પ્રયત્ન કરે છતાં પણ એનાથી સ્પષ્ટપણે બોલી શકાતું નથી.

આ રોગનું મુખ્ય કારણ ગળાનો અથવા સ્વરયંત્રનો સોજો છે. વિષદ્રવ્ય ખવાઈ જવાથી, ગળા ઉપર કોઈ પ્રહાર થવાથી, સિંદુર જેવા સ્વરઘ્ન પદાર્થનું સેવન થઈ જવાથી આવું બને છે. આ રોગનો ઉપચાર આ રીતે કરી શકાય:

૧) નવટાંક દૂધમાં એકાદ તોલો હળદર કાલવી એ પી જવું.
૨) ૩ થી ૪ ગ્રામ મરીના ચૂર્ણને ઘીમાં કાલવીને ચાટી જવું.
૩) ગરમ પાણીમાં મીઠું નાખી સારી પેઠે કોગળા કરવા.
૪) ગળા ઉપર ગોટાનો શેક કરવો.
૫) ગરમ પાણીમાં ત્રિફલા ચૂર્ણ ને ફટકડી મેળવી કોગળા કરવા.
૬) જેઠીમધના શીરો મોંમાં રાખી ચૂસવો.
૭) લવિંગાદિ વટી, ખદીરાદિ વટી, દ્રાક્ષાદિ વટી કે એલાદિ વટી મોંમાં મૂકી ચૂસવી.
૮) ત્રિકટુ ચૂર્ણ મધમાં મેળવી ચાટવું.
૯) આમળાના ચૂર્ણને દૂધમાં કાલવી ગળે લેપ કરવો.
૧૦) તેલી પદાર્થો ખાવા બંધ કરવા.

વૈદ્ય નવીનભાઈ એ. [illegible]

અનુસંધાન] **પ્રતીતિ** [પૃષ્ઠ ૧૮૪થી

સાલું, ક્યાંય નિરુના મોતનો અહેસાસ થતો જ નહોતો!

'વાહવાહ થઈ ગઈ મોટા ભાઈ! બા સારી પેઠે ઊજવાઈ ગયાં!' મોદીનાં બિલો, બૅન્કની પાસબુકો, ચેક પર સહીઓ, ડેથ સર્ટિફિકેટ, જૂનાં આલ્બમ, 'મોટા ભાઈ, બાનો એક પોર્ટ્રેઈટ કરાવજો હોં!' પછી મીના એનાં બાળકો સાથે એને ઘેર ચાલી ગઈ—ચંદ્રશેખરની રજાઓ પૂરી થતી હતી. કલ્પનાને ચાર દિવસ માટે પણ જવું જ પડે તેમ હતું—એનાં મોટાની પરીક્ષા આવતી હતી. સુધીરને ઈન્ટરવ્યૂ આપવાનો હતો. ભદુકાકાને કોર્ટના કેસની મુદત હતી એટલે 'ચાલ ભાઈ, હું ય જાઉં હવે.' સુમિત્રા મહેન જાતે જ ફ્લ્યુમાં પટકાયાં હતાં. હરુકાકાને દમ ઊભર્યો હતો. ને પેલી છોકરી—એનું નામ હજી યે હું જાણી શક્યો નહોતો—તેના વિવાહ થવાના હતા એટલે...

બૅગ બિસ્તરા બંધાતાં હતાં. સામાન પૅક થતો હતો. ધીમે અવાજે 'આવજો' થતું હતું. હોઠ ભીડીને ડૂસકું રોકી લેવાતું હતું. આંખના ખૂણા લાલ થઇ જતા હતા. ઑટોરિક્ષાઓ થોભતી હતી ને પછી એમની ઘરઘાટીના પડઘા ડૂબી જતા હતા.

વધુ એક વાર એ ઑટોરિક્ષા દૃષ્ટિ-મર્યાદાની પાર ચાલી ગઈ ને હું બંગલાના કમ્પાઉન્ડનો લોખંડનો ઝાંપો વાસીને પગથિયાં ચડી વરન્ડામાં આવ્યો. વસાએલા ઝાંપાની સાંકળનો કિચૂડાટ હજી મારી કફનીના છેડા સાથે જાણે ચોંટેલો હતો. સાંજની ધુમ્મસી ઝાંખપ બ્લૉટિંગ પેપર પર દબાએલી ભૂરી શાહીની જેમ ફેલાઈ ગઈ હતી. મેં સ્વિચ ઑન કરી. તેનો ખટ્ અવાજ વધારેપડતો મોટો લાગ્યો. મોતિયાવાળી આંખ જેવો ફિક્કો બલ્બ પ્રકાશી ઊઠ્યો. હાથ વડે અકારણ ફંફોસતો હું રસોડા ભણી ગયો. આશરે આશરે ગૅસ કર્યો. કૉફીનું પાણી મૂક્યું. કૉફીની કડક સોડમ છવાઈ ગઈ. ટ્રેમાં પૉટ લઈને હું વરન્ડામાં આવ્યો. પૉટ ટીપૉય ઉપર મૂક્યું. પાસે કપ-રકાબી પડ્યાં હતાં. દૂધ અને સ્યુગર. મેં એક કપ તૈયાર કર્યો. બીજા કપમાં કૉફી રેડવા માટે કીટલીવાળો હાથ ઊંચક્યો—અને તે થંભી ગયો. મેં બાજુમાં જોયું. પડખેની ગાર્ડનચેર ખાલીખમ હતી. નિરુ— □

પ્રતીતિ

—ભગવતીકુમાર શર્મા—

ટ્રંકકૉલ કરાવ્યો તેના ચાર કલાકમાં જ મીના આવી પહોંચી. સુધીરને તાર થોડોક મોડો મળ્યો, પણ મળ્યા પછી તેણે વાર ન કરી. કલ્પનાને જતા-આવતા સાથે સંદેશો મોકલાવી દીધો હતો. એટલે એણે ય સીધી ટ્રેઈન પકડી. ભદુકાકા તો અણધાર્યા જ ગામથી અહીં આવી ચડેલા–'મને એમ કે નિરુને મળતો જાઉં, પણ અહીં તો...' અને રોકાઈ ગયા.

બંગલો એકલવાયો અને છેવાડાનો ખરો, પણ જેમ જેમ પડોશીઓને ખબર પડતી ગઈ તેમ તેમ પેલાં સુમિત્રાબહેન, હરુકાકા ને પેલી છોકરીનું તો નામે ય જાણમાં નથી—બધાં બપોર-સાંજ ધક્કા ખાવા માંડયાં. હવે માંદગીને કહીએ આવી જા; તારી સાથે બાથ ભીડવામાં હું ને નિરુ એકલાં નથી. બાકી જે રાત્રે નિરુને હેમરેજ થયું તે રાત્રે તો પુરુષ જેવો હું પુરુષ પણ પીંછાની જેમ ધ્રુજી ઊઠેલો. મધરાતનો સમય; સોસાયટીમાં સૂનકાર. અધૂરામાં પૂરું ટેલિફોનની ઘરમાં સગવડ નહિ. આસપાસમાં કોઈ ડૉકટર ન મળે. હું નિરુને સંભાળું કે ડૉકટર પાસે દોડું? જેમતેમ કરીને પાસેના બંગલાવાળાંને ઉઠાડયાં ને તેઓ ડૉકટરને તેડી લાવ્યાં, જેથી નિરુને કંઈક કરાર વળ્યો.

વિધિના ખેલ પણ કેવા હોય છે! કલ્પના બે દિવસ પહેલાં જ અહીંથી ગઈ હતી, ને સુધીર માંડ પાંચ દિવસ પહેલાં જ અહીં હતો. મીના શુક્રવારે આવવાનું લખતી હતી. પણ જ્યારે નિરુને હેમરેજ થયું ત્યારે તો ઘરમાં એ, હું અને અમારા પડછાયા...! ડૉકટર તો તે રાત્રે દવા ને ઇન્જેક્શન આપીને ગયા: 'સવાર સુધી જોઇએ, નહિતર બહેનને હૉસ્પિટલ ખસેડવાં પડશે' એમણે કહ્યું હતું. બાજુના બંગલાવાળાં યે કલાક બેસીને બગાસાં ખાવા લાગ્યાં એટલે મેં જ એમને ઘેર મોકલી દીધાં. રાતના બે થયા હશે. આવડા મોટા બંગલામાં બેભાન નિરુ અને અર્ધબેભાન જેવો હું. સમય તો જાણે અજગરની જેમ અમને ઝાડનાં થડ સમજીને ચૂડ ભરાવી વળગી પડયો હતો. ન મોકળાશથી શ્વાસ લઈ શકાય, ન આંખોમાં ભીનાશ ઊમટે. અનંત લાગતી ક્ષણો પછી સૂરજનું પહેલું કિરણ ડોકાયું–ગભરુ બાળક જેવું. સૂરજ એકસાથે આટલો બધો પોતીકો અને છતાં પરાયો તે પહેલાં ક્યારે ય લાગ્યો નહોતો.

પણ હવે બધું કેવું ભર્યુંભર્યું બની ગયું હતું! મીના નિરુના ઓશીકા પાસે બેસી ભીની આંખે તેનું કપાળ પસવારતી હતી. કલ્પના તેના પગ દબાવતી હતી. સુધીર મોસંબીનો રસ કાઢતો હતો. ભદુકાકા રાતના ઉજાગરા પછી હમણાં જ આરામ ખુરશીમાં ઝોલે ચડયા હતા. હરુકાકા ઇન્જેકશન લેવા બજાર ગયા હતા. સુમિત્રાબહેન આ જાણે એમનું જ ઘર હોય તેમ રસોડામાં બેસી કાંજી તૈયાર કરતાં હતાં અને મેં કેટલાય દિવસ પછી છાપું હાથમાં લીધું હતું. બે લીટી હું સમાચારની વાંચતો હતો અને પછી આંખો મીંચીને સૂતેલી નિરુ તરફ નજર નાખી લેતો હતો.

નિરુ...! છેલ્લાં ચાળીસ વર્ષથી અમે બંને પરસ્પરમાં ઓગળી ગયાં હતાં. નજીકપણું એટલું બધું હતું અને એટલું સ્વાભાવિક બની કોઠે પડી ગયું હતું તે એની પ્રતીતિ જ વિસરાઈ ગઈ હતી. અમે બંને એકબીજાની આદત, વ્યસન બની ગયાં હતાં. છતાં એની ખાસ સભાનતા પણ નહોતી રહી. હાથ, પગ, આંખો, કાન વગેરે અંગો શરીર પર છે છતાં એનું અલગ હોવાપણું નથી અનુભવાતું, એવું જ કાંઈક અમારા બંનેના સંબંધો વિષે હતું. અમે બંને લડતાં-ઝગડતાં, નિરુ ક્યારેક ઘર છોડી જવાની વાત કરતી, હું ગુસ્સે થઈ બરાડા પાડતો, એને છૂટાછેડા આપવાની ધમકી દેતો, પણ એ બધું દરિયાનાં પાણીની સપાટી પરનાં ફીણ જેવું નીવડતું અને અમે બંને રોજ સાંજના ઝાંખા ઉજાસમાં બંગલાના વરન્ડામાં ખુરશીઓ નાખી અચૂક બેસતાં. મોતિયો ઉતરાવેલી આંખોને કારણે નિરુ મને પડછાયા જેમ ફિક્કી વર્તાતી. એનો એક હાથ સતત ધ્રૂજતો રહેતો, છતાં એ ધ્રૂજતા હાથ વડે તે ઘરનું બધું કામ કરતી. પણ એક કામ હું એને ન કરવા દેતો, અને તે ઢળતી સાંજે કૉફી બનાવી તેને એક કપ આપવાનું. વર્ષોથી એ ક્રમ જળવાઈ રહ્યો હતો. ઘડિયાળમાં છના ટકોરા પડે એટલે હું બે ખુરશીઓ અને એક ટીપૉય વરન્ડામાં ગોઠવવા માંડું. નિરુ અંદરથી આવીને એક ખુરશી પર બેસે, એટલે હું કિચનમાં જઈ બે કપ કૉફી બનાવી તેને ટ્રેમાં ગોઠવી બહાર આવું. પછી કપમાં જાતે દૂધ અને ખાંડ નાખી એક પ્યાલો નિરુને આપું ને બીજો હું લઉં. ઓછામાં ઓછા શબ્દોમાં અમે થોડીક વાતો કરતાં કૉફી પૂરી કરીએ. એમ અરધો પોણો કલાક નીકળી જાય. નિરુ મને ઘણી વાર કહેતી: 'તમારી આંખનાં તો ઠેકાણાં નથી, મોતિયો ઉતરાવેલો છે, પછી શું કામ રોજ સાંજે આ કૉફીની કડાકૂટ કરતા હશો? મને જ એ કરવા દેતા હો તો?' જવાબમાં હું હસીને કહેતો: 'મારી આંખોનાં ઠેકાણાં નથી તો તારો હાથ ક્યાં સાજો છે? આખાં દિવસમાં હું એક આ કામ કરું છું તે તો મને કરવા દે! હું નહિ હોઉં ત્યારે તું જાતે કૉફી બનાવીને પીજે, બસ?' અને એ ચૂપ થઈ જતી, ઠપકાભરી આંખે મારી તરફ જોતી અને અમારો નિત્યક્રમ ચાલ્યા કરતો: છના ટકોરા, ખુરશીઓ, ટીપૉય, કૉફીના બે કપ અને નિરુ તરફ લંબાતો મારો હાથ... ક્યારેક એ મને ટાગોરની 'ગીતાંજલિ'ના થોડાંક પાનાં વાંચી સંભળાવતી. વર્ષમાં એકાદ બે વાર હું એને માટે સિતાર કે સરોદની નવી રેકોર્ડ લઈ આવતો. મારું અસ્તવ્યસ્ત ટેબલ તે હમેશ સરખું કરતી, મારાં ચશ્માં સાચવીને મૂકતી, મારાં પુસ્તકોને પૂઠાં ચડાવતી, મારા ઓશિકાનું કવર બદલતી, મારી ટપાલ...

વર્ષમાં ત્રણ-ચાર વાર અમારો આ સૂનકાર ભાંગતો. ક્યારેક કલ્પના એનાં બાળકો સાથે આવી ચડતી; ક્યારેક મીના અને એનો વર. કોઈક વાર સુધીર આંટો દઈ જતો; કદીમદી ભદુકાકા. પંદર દહાડે મહિને એમના પત્રો યાયાવર પંખીઓની જેમ ફરકી જતા ને પછી એમના જવાબ લખવાનું મારાથી વિસરાઈ જતું ત્યારે નિરુ યાદ કરાવતી. રોટલાટાણે હાજર થઈ જતા વફાદાર કૂતરાની જેમ મહિને એક વાર હું સરકારી ટ્રેઝરીમાં જઇને પેન્શન લઈ આવતો. સુધીર નિયમિત રીતે મનીઑર્ડર મોકલતો. નિરુ બૅન્કમાં જઇને થોડાંક ડિવિડન્ડ જમા કરાવી આવતી. વર્ષમાં એકેક વાર અમે કલ્પના, મીના અને સુધીરને ત્યાં ચાર પાંચ દિવસ રહી આવતાં ને એમની યુવાન દુનિયામાં થોડોક ભંગ પાડતાં. ક્યારેક ભદુકાકા અમને એમને ત્યાં ખેંચી જતા. નાનકડા શહેરની ઉનાળાની બપોર વેળાની શેરીની જેમ બધું એકધારું અને કોઠે પડી ગએલું હતું. જિન્દગી કાળા માટલામાંના મોળવેલા દૂધના જેમ જામી ગઈ હતી–કહો કે થીજી ગઈ હતી. એની રહીસહી જીવંતતા જાણે માત્ર પેલી ઝાંખી ધુમ્મસઘેરી સંધ્યાઓમાં જ આવીને સમાઈ ગઈ હતી–વરન્ડો, ગાર્ડનચૅર, ટીપૉય, કૉફીસેટ, ધ્રૂજતી આંગળીઓ વડે કશુંક ભરત ભરતી નિરુ, ચમચીનો રણકાર અને લંબાતો કૉફીનો કપ અને નિરુની ઠપકાભરી છતાં વહાલ વરસાવતી નજર...

તબિયત મારી ડૂબતા સૂરજ સરખી, કે કાચના તિરાડવાળા ફ્લાવરવાઝ જેવી; પણ નિરુ કડેધડે. એક આ એનો હાથ ધ્રૂજ્યા કરે એટલું જ. મનોબળ તો એનું વજ્જર જેવું; હું ગેંગેંફેંફેં. સુધીરને થોડાંક વર્ષ પહેલાં સ્કૂટરનો અકસ્માત નડેલો ત્યારે એ સમાચાર જાણીને હું દિશાશૂન્ય બની ગએલો, પણ નિરુએ એક ડૂસકું સરખું યે ખાધા વગર કે એક નિઃશ્વાસ પણ નાખ્યા વિના પરિસ્થિતિ એવી તો સંભાળી લીધેલી કે...

અને એટલે જ મારે હૈયે બેસતા શિયાળાની ગુલાબી સવાર જેવી ટાઢક હતી ને! ખાતરી હતી કે હું નિરુને મૂકીને જ આ દુનિયામાંથી એક ઝાંખી સાંજે ચાલ્યો જઈશ અને ત્યારે મારી આંખો ઉપર આ જાડાં ચશ્માં પણ નહિ હોય અને એ આઘાતને નિરુ જીરવી શકશે—એનો ધ્રૂજતો હાથ સહેજ વધારે ધ્રૂજશે કદાચ, એટલું જ. વૈધવ્ય એને આવશે, પણ એને સહન કરવાની સંપદ એના ભીતરમાં હતી. આ બધા વિચારો મને સુખદ લાગતા. તે સાથે ક્યારેક એમ પણ થતું કે જિંદગીમાં ભાગ્યે જ જેની આંખો પ્રકટપણે ભીની થઈ છે તે નિરુને ડૂસકાંના બોજથી ભાંગી પડતી હું જોઈ શકું તો... હું પરપીડક તો નથી ને, એવો પ્રશ્ન મને વીંધી નાખતો. પાણીપોચું ભીતર ધરાવતો હું ભવિષ્યે આઘાત અને એકલતા વેઠવાની શક્તિ કેળવવાને બદલે ઇચ્છામૃત્યુ સ્વીકારીને બધો બોજ નિરુ ઉપર નાખી દેવાનું વિચાર્યા કરતો હતો એ મારો સ્વાર્થ નહિ તો બીજું શું?

પણ માંદગી આવી નિરુને જ—ને તે ય ગંભીર: હેમરેજ! સાજી સમી નિરુ અચાનક બેભાન બની ગઈ. હજી સાંજે તો મેં એને કૉફીનો કપ આપ્યો હતો, 'ગીતાંજલિ'માંથી થોડાંક કાવ્યો એણે મને વાંચી સંભળાવ્યાં હતાં અને લો વૉલ્યૂમમાં સિતારની લૉંગ પ્લે મૂકી, બત્તી બુઝાવી અમે સૂઈ ગયાં હતાં. એ ઊંઘી ગઈ હશે એમ માની મેં રેકોર્ડ બંધ કરી ત્યારે તેણે ઘેનભર્યા સ્વરે કહ્યું હતું: 'હું જાગું છું...સિતાર વાગવા દો ને... આજે તો આખી રાત સિતાર સાંભળવાનું મન થાય છે.' મેં સ્વિચ ઑફ કરવા માટે લંબાવેલો હાથ પાછો ખેંચી લીધો. પછી તો મારી જ આંખો બિડાઈ ગઈ. મધ્ય રાત્રિનો સમય હશે. મેં ઉંહકારો સાંભળ્યો હતો—નિરુનો જ હતો—ધીમી ચીસ જેવો. એણે માથામાં સણકા મારે છે તેવી ફરિયાદ કરી. હું કાંઈ સમજું-વિચારું એ પહેલાં તો તે બેભાન થઈ ગઈ.

મન નહોતું માનતું કે નિરુ બીમાર પડી શકે ને તે ય આટલી ગંભીર. સવારે ડૉક્ટરે કહ્યું કે કેસ સીરિયસ છે ત્યારે જ મનમાં ગડ બેઠી. અનહદ મૂંઝવણથી હું બેવડ વળી ગયો હતો. નિરુ...બીમારી...સીરિયસ...અને હું એકલો...! કલ્પના-મીના-સુધીર-ભદુકાકા બધાં જ માઇલો દૂર... ડૉક્ટર તો આવે જાય, પડોશીઓ પણ શું અને કેટલું કરી શકે? છેવાડો, એકલવાયો બંગલો ને એમાં એવો જ હું—લૉંગ પ્લે રેકોર્ડ જેવો અમારો સંસાર હવે...મીના, સુધીર અને કલ્પનાને તાર ટેલિફોન કરીને બોલાવી શકાય અને તેઓ ગણતરીના કલાકોમાં જ અહીં દોડી આવી શકે એવી સમજણ પણ મને કેટલી વારે ઊગી!

હા...શ! છેવટે બધાં—બધાં જ આવી ગયાં. વર્ષો પછી બંગલો ભરચક બન્યો. જોકે ઘણું બધું સખળડખળ—ઊઠવા આવેલી મહેફિલ વેળાના ગાલીચા જેવું બની ગયું લાગતું હતું. કલ્પનાએ રસોડું સંભાળી લીધું. નિરુની માંદગીની વચ્ચે પણ એણે એક વાર મને ભાવતાં પકોડાં ઉતારી આપ્યાં. સુધીરે ડૉક્ટર અને દવાખાનાનો હવાલો સંભાળી લીધો. જોતજોતાંમાં એણે છ-સાત ડૉક્ટરોની પૅરેડ ગોઠવી દીધી. મીના ચોવીસે કલાક નિરુના ખાટલા પાસે. ભદુકાકા આ ઉંમરે ય ઉજાગરા કરતાં થાકતા કે અકળાતા નહોતા. ખરું પૂછો તો હું હવે સાવ નવરો પડી ગયો હતો. કોઈ મને કશું કામ કરવા દેતું નહોતું. 'રહેવા દો મોટાભાઈ, તમને એ નહિ ફાવે.' કહી મીના કે કલ્પના મારા હાથમાંથી દૂધનો પ્યાલો કે મોસંબીના રસનો ગ્લાસ લઈ લેતી. 'ત્યારે મારે કરવું શું?' એમ હું પૂછતો ત્યારે તેઓ હસતાં અને કહેતાં: 'તમે નિરાંતે તમારું કામ કરો—વાંચો-લખો કે લાયબ્રેરીમાં જાઓ. તમે હશો તો ઊલટાં અમે રઘવાટમાં પડીશું. તમારો સ્વભાવ—'

કેવી વાત કરતાં હતાં આ લોકો! નિરુ માંદગીને બિછાને પડી હતી અને હું વાંચવા-લખવા બેસું કે લાયબ્રેરીમાં જાઉં? ને આખી જિંદગી એ સિવાય બીજું કર્યું છે શું મેં? હવે મારે આયુષ્યનાં જેટલાં વર્ષ ગાળવાનાં હતાં તેમાં હું બીજું શું કરી શકવાનો હતો? એક આ નિરુ-એ જો સાજી થઈ જાય તો—પણ એ સાજી થશે ખરી? થવી જ જોઈએ. એના જેવી મક્કમ મનની સ્ત્રી...તો પછી એ આંખ કેમ ઊંચી કરતી નથી? ક્યારેક કશુંક બબડે છે...ડૉક્ટરોના કપાળ પરની કરચલી ઊંડી ઊતરતી જતી હતી, કે પછી એ મારો ભ્રમ હતો? સમયે તો જાણે કાચબાનું રૂપ ધર્યું હતું. એક એક દિવસ કાપતાં તો શ્વાસ ભરાઈ આવતા હતા.

ને ઘરમાં તો જાણે ઉત્સવનું વાતાવરણ જામ્યું હતું! મીના ને કલ્પના ને સુધીર; ને મીનાનો પતિ, એનાં બાળકો; કલ્પનાનો વર, સુધીરની પત્ની; એમનાં મિત્રો, ભદુકાકાના ગોઠિયા—બધાં નિરુની ખબર જોવા આવતાં, થોડીક વાર ગંભીર ચહેરે બેસતાં, તબિયત વિષે પૂછપરછ કરતાં, પછી ગપ્પે ચડી જતાં. તેમને માટે ચાના કપ અને નાસ્તાની પ્લેટો અને બાળકોનો કોલાહલ...નિરુ કણસતી ત્યારે બધું ક્ષણભરમાં મૂગુંમંતર થઈ જતું—બંગલામાં જાણે બે-નાળી બંદૂક લઈને કોક લુટારુ આવી ગયો હોય તેમ સોપો પડી જતો. પછી પાછું બધું એનું એ...એ સોપાની ક્ષણો અને વસતિના શેષ કલાકો વચ્ચે હું ફંગોળાયા કરતો. ક્યારેક લાગતું કે આ ઘરમાં હું જ પરાયો હતો: પારકા માણસની જેમ દિવસમાં બે-ત્રણ વાર નિરુની ખબર પૂછીને પાછો અટૂલાપણાના કોચલામાં ભરાઈ જતો હતો—બાકીના સમયે તો આ ઊભરાતી વસતિ...હું ઝટઝટ સોપાની પેલી ક્ષણોને ઝંખવા લાગી જતો—જ્યારે નિરુનો કણસાટ હું સ્પષ્ટપણે સાંભળી શકું, અનુભવી શકું, હયાતીના છેક છેલ્લા સ્તર સુધી.


ને એ ક્ષણો વધતી ગઈ. તેમતેમ હું આ મોટામસ બંગલામાં ભીડની વચ્ચે ય મારી જાતને પામતો ગયો—એ જાત, જે છેલ્લાં ચાળીસેક વર્ષથી નિરુની સહજ હૂંફમાં ટકી રહી હતી. આયુષ્યનો એ લાંબો ગાળો નીરવતાની—શૂન્યતાની એ થોડીક ક્ષણોમાં જ પ્રતીત થતો હતો જાણે.

અનિવાર્ય હતું તે જ બન્યું. વિકલ્પ નહોતો. નિરુએ શ્વાસ મૂકી દીધા. એણે આંખો મીચી દીધી. એનો શામળો વાન કશાક તેજથી ઝગમગી ઊઠ્યો. એના કપાળમાંનો ચાંદલો આથમતા સૂરજની જેમ તગતગી રહ્યો. એક સફેદ ચાદર હેઠળ એનું શરીર ઢંકાઈ ગયું—એ શરીર કે જે... પણ આવું કશું વિચારવા માટે એક શ્વાસની આવ-જા જેટલો ય અવકાશ નહોતો. ઘીનો દીવો, પિંડ, દાન-પુણ્ય, ગંગાજળ, તુલસીપત્ર, ગીતાપાઠ, ફૂલમાળા, ઘાટડી, ચૂંદડી, નનામીનાં વાંસ-દોરી, ધૂમાતાં છાણાં, રોકકળ, લાંબાં ડૂસકાં, લુછાતી આંખો, નાકની રાતીચોળ દાંડી, સફેદ-સફેદસફેદ વસ્ત્રો, માંદગીના લાંબા એકધારા અહેવાલો, શબવાહિની માટે ટ્રન્કકૉલ, લાઈન એન્ગેજ, ટ્રાફિક જામ, હૉર્નની ચીસાચીસ, કંકુ-અબીલ-ગુલાલ, 'નિરુકાકી તો ભાગ્યશાળી થઈ ગયાં'નાં ત્રુટક વાક્યો, 'મોટાભાઈ બીચારા એકલા-'ના રુંધાએલા શબ્દો, ચિતાના કેસરી ભડકાથી સળગી ઊઠતું નિર્જન નદીકાંઠાનું મેલું આકાશ, ચાના પ્યાલા, લાકડાંના હિસાબ, નદીના જલપ્રવાહમાં ઘસડાઈ જતાં અસ્થિ-રાખ, બેસણે આવનારાં માટે ડઝનબંધ ખુરશીઓની સગવડ, 'ઓ હો, કેટલાં બધાં માણસો ઊમટ્યાં! મોટાભાઈના સંબંધો એટલે—' ગરુડ-પુરાણ, બ્રાહ્મણના અશુદ્ધ ગરબડિયા ઉચ્ચારો, સીધું-સામાન, વાડી, પતરાળાં-દડિયા, વાસણ-કૂસણ, શાકભાજીના ઢગલા, ચા-કૉફીનાં ઊકળતાં તપેલાં, સફેદ-સફેદ સફેદ વસ્ત્રો, મજૂરણો સાથે કચકચ, રસોઈયાનો ત્રાસ, ઘી-તેલના ડબ્બાની અછત, 'ખાટલાની પાટી ધોવડાવવી પડશે', 'ઇલેક્ટ્રિકના વાયર હજી લંબાવવા પડશે—'. 'બાની પેલી હીરાકંઠી ક્યાં ગઈ? ને મગમાળા?' 'મને શય્યા નહિ મળે તો હું—' 'અમને જ ભૂલી ગયાં?' ભદુકાકાની હોકલીના ધુમાડાની વાસ, સવ્ય ને અપસવ્ય, માળિયામાંથી શોધાતો દર્ભ, શોકના પત્રોની થોકડી, 'ઓહો, કેટલા બધા કાગળો આવ્યા! મોટાભાઈના સંબંધો એટલે—' 'દૂધપાકના ચોખા સહેજ કાચા રહી ગયા'. (અનુ. પૃ. ૧૮૨)

'વિનોદ'ની નજરે [૧૫]

વેણીભાઈ પુરોહિત

લેખક
વિનોદ
ભટ્ટ



આજથી લગભગ આઠ-દસ મહિના અગાઉ તમે વેણીભાઈને 'જન્મભૂમિ' પ્રેસના તંત્રીખાતામાંથી આસાનીથી શોધી શકત. તમારે કોઈને ય પૂછવું ના પડત. બેઠી દડીનો, ગલોફામાં પાન ઠાંસેલા મોંવાળો, તામ્રવર્ણનો ને માથાની ચળકતી તાલ પરનો પરસેવો રૂમાલને બદલે ન્યુઝ પ્રિન્ટના કાગળથી લૂછતો કોઈ 'જણ' તંત્રીખાતામાં દેખાય ને તેની પાસે જઈને 'કેમ છો વેણીભાઈ?' એવું પૂછો એટલે, 'ઉમરના પ્રમાણમાં ઠીક છે...' એમ કહ્યા પછી જ તમને પૂછશે: 'આપનો પરિચય?'...ને થોડી ક્ષણોમાં તો વેણીભાઈ તમારા પાકા દોસ્ત બની જશે. તેમને ત્રણેક વાર મળ્યા પછી તો તમને એક વ્યસન થઈ જશે—તેમને વારંવાર મળવાનું. નશાખોરના પગ પીઠા ભણી વળી જાય એમ તમારા પગ વેણીભાઈ તરફ વળી જશે.

આ વેણીભાઈનું મૂળ નામ તો મૂળશંકર છે. એમના તાલકામાં અત્યારે તો ફૂલ મૂકવાની પણ જગ્યા નથી—લપસી જાય. (માખી પણ પોતાના બચ્ચાંને સૂચના આપતી હશે કે આ મહાનુભાવના માથે બેસવા જતાં હાથ-પગ કે પાંખમાં ફ્રૅક્ચર થવાની શક્યતા છે.) પણ એ જ્યારે નાના હતા ત્યારે એમના માથામાં ખૂબ જ વાળ હતા. માથામાં તે વેણી નખાવતા. આથી બધા તેમને વેણિયો કહેતા. હવે તો સાપ ગયા ને લિસોટા રહ્યા જેવું થયું છે. વાળ ગયા છે, પણ નામ રહ્યું છે.

સાઠી વટાવ્યા છતાં ય આજે વેણીભાઈ રંગીન તબિયત ધરાવે છે. કપડાં ય ભડક રંગનાં પહેરે છે. તેમને જીવનમાં 'સોબર' રહેવું નથી ગમતું. સોબરિયાપણાની તેમને ખીજ છે. ઊઘડતા-ઉત્સાહના-રંગોનો આ પ્રેમીજન છે. ઉલ્લાસપ્રિય માણસ છે. મેઘધનુષી હૃદય ધરાવનાર વેણીભાઈની વાતો ય કલરફુલ હોય છે. એમની દસ વાતોમાંની સાડા નવ વાતો સ્ત્રી ને શૃંગારની આસપાસ જ ભમતી રહે છે. જીવનમાં તમે નાસિપાસ થયા હો, 'બોર' થઈ ગયા હો તો વેણીભાઈ પાસે પહોંચી જજો. તમે હળવા ફૂલ જેવા બની જશો. (પછી એમનું શું થશે એની ચિંતા તમારે નહિ કરવાની.)

પેન, પાન ને પત્ની—એ ત્રણે ય 'પી'ના વેણીભાઈ બંધાણી છે (આ જ ઑર્ડરમાં). વેણીભાઈ વાર્તાકાર છે, નાટ્યકાર છે, ફિલ્મના આલોચક છે, પત્રકાર છે—ઘણું બધું છે... પણ કોઈ તેમના પરિચયમાં આવું બધું બોલે તો તેને અધવચ્ચે અટકાવીને વેણીભાઈ કહી દે છે: 'હું પહેલાં કવિ—બીજું બધું પછી. વાર્તાઓ, રેડિયો નાટિકાઓ, ફિલ્મોનાં અવલોકનો, 'ગોકુળ ગીતા' વગેરે એ લોકો માટે લખે છે ને કવિતા પોતાના માટે—વેણીભાઈના માટે. પાનના ગલ્લાવાળો પાનની સાથે જેમ સિગારેટ, સાબુ, અગરબત્તી, બૅટરીના સેલ ને એવું બધું રાખે છે તેમ વેણીભાઈ કવિતાની સાથે આ બધું રાખે છે. માત્ર સૉનેટથી છોકરાં ધૂઘરે ના રમે એટલે આવા બધા ખેલ તે કરે છે—કરવા પડે છે. પોતાની કાવ્યેતર પ્રવૃત્તિ માટે તે જાનપદી લહેજામાં કહે છે ય ખરા: 'હું તો ભૈ, જાગતાં જ પથારીમાં પેશાબ કરું છું.' કાપડની દુકાનમાંથી કાચા રંગનું ચળકતું ને સસ્તું કાપડ કોઈ વખાણીને લઈ જાય ત્યારે સાચા સેલ્સમૅનનો માંહ્યલો જેમ કકળી ઊઠે ને તેને થાય એવો વિષાદ વેણીભાઈને ક્યારેક થાય છે; પણ એવે ટાણે તે જડભરતનું મૌન સેવે છે.

'તમે કવિ કેવી રીતે થયા?' એવું પૂછનારને તે એક સરસ વાર્તા કહે છે. (દરેક પ્રશ્નના જવાબમાં તેમની પાસેથી એકાદ મઝાની વાર્તા તો મળવાની જ.) એ બહુ જ મરજાદી કુટુંબમાં જન્મેલા. એ જમાનામાં કવિતા અ-સામાજિક પ્રવૃત્તિ ગણાતી. (આજે ય જોકે એ માન્યતામાં ખાસ ફરક નથી પડચો). ઘરમાં તો કવિતાનો ક પણ બોલાય નહિ એટલે પછી આ વેણીલાલ થેલીમાં કાગળ-પેન્સિલ નાખી ઘરની બહાર દૂર... જંગલ સુધી ચાલ્યા જાય. આગળ-પાછળ જોઈ લે: કોઈ પીછો તો નથી કરતું ને! તેમની જ ભાષ માં કહીએ તો યારને મળવા જતી સ્ત્રીની જેમ ધડકતે હૈયે તે કવિતા કરે ને પછી છાનામાના ઘેર આવી જાય.

ત્રણમાંનો બીજો 'પી' પાનનો છે. સૈનિક બંદૂકમાં ગોળી ભરે એમ ગલોફામાં પાન ભર્યા પછી જ વેણીભાઈ રંગમાં આવે. એક વાર અમે બન્ને સાથે બહાર નીકળતા'તા. વચ્ચે પાનનો ગલ્લો આવ્યો. વેણીભાઈએ કહ્યું: 'જરા થોભો, હું અહીંથી પાન બંધાવી લઉં.' પાનવાળાને હું પાનના પૈસા આપવા માંડચો એટલે મને અટકાવતાં તે બોલ્યા: 'રહેવા દો ભાઈ, મને મઝા નહિ આવે.' 'કેમ?'

'પારકાં પાનમાં લિજ્જત નથી આવતી. રેડિયોમાં મોજાં ઝીલાય નહિ એવું લાગે છે. સૉકેટમાંથી પ્લગ નીકળી ગયો એવું થાય છે—કરન્ટ નથી આવતો.' લખતાં લખતાં જો કોઈ ટર્નિંગ પૉઈન્ટ આવી જાય તો વેણીભાઈ જૂનું પાન થૂકી નાખીને નવું પાન મોંમાં ઠાંસી દેશે. એમની કવિતા તો પાન પર જ નિર્ભર હોય છે. એમને જેવું પાન જામે એવી જ કવિતા જામવાની. પાનમાં બરકત ન આવે તો પછી એ કવિતા ય એવી જ આવવાની. (એમણે થોડીક નબળી કવિતાઓ લખી છે એમાં વાંક એમનો નથી, પાનનો છે.)

ને હવે ત્રીજો 'પી'. ત્રીજો 'પી' પત્નીનો છે. એકસઠમા વર્ષે ય વેણીભાઈની વાતોમાંની મોટા ભાગની વાતો તેમની પત્ની રોકી લે છે. મોટી ઉમરના માણસોનો જીવ પત્નીમાં રહે એ હજી સમજાય, પણ આ તો પોતાની જ પત્નીની વાત કરે છે—ઉત્સાહથી કરે છે. વેણીભાઈના પિતાશ્રી જમનાદાસ કાકાએ તેમના મગજમાં ઠસાવી દીધેલું કે 'તેં પાંચ આંગળીએ પ્રભુને પૂજ્યા હશે ત્યારે જ આવી બાયડી મળી છે.' વેણીભાઈ પણ એમ જ માને છે. તેમને ઈશ્વર કરતાં ય વધારે ડર તેમનાં પત્ની રેખાબહેનનો છે. વેણીભાઈ આદર્શ પતિ છે. પત્નીને ના ગમે તેવું કશું જ તે નથી કરતા. (કરે છે તો કહેતા નથી.) જીવન જીવવાની જડીબુટ્ટી વેણીભાઈને મળી ગઈ છે. ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુ કરેલા. આમણે એક જ બનાવ્યો છે—પત્નીને. દર બેસતા વર્ષે વેણીભાઈ સવારના પહોરમાં નાહીને, ટુવાલ વીંટીને સૌ પહેલાં પત્નીને પગે લાગે છે—શિષ્યભાવે.

વેણીભાઈને બોલવા બહુ જોઈએ ક્યારેક તો સંયમની પાળ પણ તૂટી જાય. બોલવામાં તે બ્રેક વગરની ગાડી જેવા છે. રેખાબહેન તેમને

હમેશાં ટોકે. (ટોકી ટોકીને તેમણે વેણીભાઈને ઘરડા કરી નાખ્યા છે એવું વેણીભાઈ માને છે.) વેણીભાઈ બહારગામ જતા હોય ત્યારે તો ખાસ કહે: 'બોલવાનું જરા ધ્યાન રાખજો.' (પણ શેઠની શિખામણ ઝાંપા સુધી.)

વિશ્વની બીજી સ્ત્રીઓની જેમ રેખાબહેન પણ, વેણીભાઈ કોઈ ચીજ-વસ્તુ ખરીદીને લાવે ત્યારે શકાશીલ નજરે જુએ છે: છેતરાયા તો નથીને! (માણસ તેને પરણીને એક વાર છેતરાયો એટલે કાયમ છેતરાય જ એવું બધી જ પરણેલી સ્ત્રીઓ માનતી હોય છે.)

વેણીભાઈ પત્નીની આ શંકાને જાણે, એટલે પછી ગપ્પું મારે: 'મારી ભેગા ભનુભાઈ પણ હતા.' ત્યારે રેખાબહેન વિચારે: 'તો તો કદાચ નહિ છેતરાયા હોય.'

વ્યવહાર પુરુષ તરીકે રેખાબહેને ભલે વેણીભાઈના નામ પર મોટું મીંડું મૂકી દીધું હોય, પણ મારી દૃષ્ટિએ વેણીભાઈ વ્યવહારડાહ્યા પુરુષ છે. તેમના કેટલાક મિત્રો આજે ય તેમને ગુરુ માને છે. (ગાંધીજી પણ વેણીભાઈના ગીત 'થાકે ન થાકે છતાં હો માનવી, ન લેજે વિસામો' ને પ્રાર્થના સમયે ગવડાવતા—તેમાંથી જ જીવન જીવવાની પ્રેરણા મેળવતા.) વેણીભાઈની સલાહને તેમના દોસ્તો સોનાની માને છે. મારા એક પ્રકાશક મિત્રને મેં પૂછ્યું: 'ફલાણા લેખકનું પુસ્તક છાપવું છે?'

'હું પહેલાં સ્ક્રિપ્ટ જોઈ જાઉં, પછી કહું. મારા ગુરુ વેણીભાઈએ કહ્યું છે કે 'શરમના માર્યા ગાભણા ના થવાય...'

અમને જુવાન મિત્રોને વેણીભાઈ કાયમ સલાહ આપે કે કોઈ દિવસ ઑફિસેથી વહેલા ઘેર ના જવું. બૈરાંને ખોટી ટેવ પડી જાય. એ લોકોને બહુ હેવાયાં થવા ના દેવાં. રોજ ઘેર વહેલા ટળવાની ટેવ પાડી હોય ને પછી કો'ક દિવસ કામસર મોડું થઈ જાય તો ઘરમાં મહાભારત થઈ જાય. એ પોતે ય દરરોજ રાત્રે આઠ વાગ્યા પછી જ ઘેર પહોંચવાના. (તે નોકરી કરવા જતા ત્યારની આ વાત છે. જાન્યુ. '૭૭થી તો તે નિવૃત્તિ માણી રહ્યા છે.) ક્યારેક જો ભૂલમાં વહેલા ઘેર પહોંચી જતા તો રેખાબહેન ચિંતાથી પૂછતાં: 'કેમ વહેલા? તબિયત તો સારી છે ને?' આ સાંભળીને વેણીભાઈને ગિલ્ટ ફીલ થતું. એટલે આવું ફરી વાર ના બને એ માટે ય તે બને એટલા મોડા ઘેર પહોંચવા પ્રયત્ન કરતા. કોઈ વાર ટ્રેઈન ઘાટકોપરમાં બિફોર ટાઈમ આવી જાય તો પ્લૅટફૉર્મ પર આંટાફેરા કર્યા કરે, પણ ઘેર તો વહેલા ના જ જવાય એની તકેદારી રાખે.

વેણીભાઇને બોલવા મોં-ફાટ જોઈએ. કોઈની ય પરવા ના કરે. જે લાગે તે મોઢામોઢ જ કહી દે. એક વખત અમે મિત્રો હોટેલમાં બેઠેલા. વેણીભાઇએ કોઈક નગીનભાઈની વાત કાઢી.

'કોની, નગીનભાઈ સંઘવીની વાત કરો છો?' બટકબોલા દિનકર જોશીએ વચ્ચે પૂછ્યું. થોડી ક્ષણો સુધી દિનકર સામે એકીટસે જોઇને વેણીભાઈ બોલ્યા: 'દિનકર, તું તારું સર્કલ વધાર.'

હમણાં વચ્ચે તે મારા ઘેર આવેલા. ગપ્પાંબાજી ચાલતી'તી. ત્યાં મારો નાનો ભાઈ ભરત આવ્યો. મેં કહ્યું: 'તું અહીં ખુરસીમાં બેસ.'

'ના, હું તો વડીલનાં ચરણોમાં જ બેસીશ.' વેણીભાઈની બાજુમાં બેસતાં તે બોલ્યો. 'વડીલનાં ચરણો તો અમદાવાદની માટીવાળાં છે.' વેણીભાઇએ તરત જ કહ્યું.

વેણીભાઈ અહીંના એક છાપાની ઑફિસે ગયા. છાપાના તંત્રીએ પ્રસ્તાવ મૂક્યો: 'વેણીભાઈ, અમારા ફિલ્મના મૅગેઝીન માટે કંઈક લખો.'

'હવે આ ઉંમરે શા માટે મારી પાસે હેમા માલિનીના ચણિયા ધોવડાવો છો?' વેણીભાઇએ મોઢું બગાડીને કહી દીધું.

વેણીભાઇને સલામ કરતાં બરાબર ફાવતું નથી. છતાં જરૂર પડતાં પેટ માટે કોઇને સલામ ભરવાનો ચાળો કરે છે ખરા. કોઈ ફિલ્મની પાર્ટીમાં હીરો-હીરોઈનનાં વખાણ કે એવું કંઈક કરી બેસે! પણ જ્યાં પેટ વચ્ચે આવતું હોય ત્યાં જ...સાહિત્ય માટે તેમણે કોઇને સલામ ભરી નથી. સાહિત્યમાં કોઈની ય સાડાબારી તેમણે રાખી નથી. કોઈ તેમને કવિ કહે કે ના કહે, એની બહુ ફિકર તે રાખતા નથી. કવિતા શોધવા ય તે નથી જતા. કવિતા એમને શોધતી આવે છે; ને સાચું કહીએ તો એ કવિતા જીવે છે...અને એટલે તો તેમને જીવવાનો કે કવિતાનો માથે જરા ય ભાર નથી. રેલવેના સૂત્ર જેવું જ તેમનું જીવન-સૂત્ર છે: 'ટ્રાવેલ લાઈટ.' કશા ય ભાર વગર, હળવે હૈયે, જીવનને મેળો સમજીને મહાલી લેવું—માણી લેવું. ફાગણનો ફાગ ખેલવા જ જાણે આ માણસ જન્મ્યો હોય એવું મને તો લાગે છે.

તેમને જીવનમાં એકલતા ક્યારે ય સાલી નથી. ઊલટાનું પોતાના જ સંગમાં ફરવાનું તેમને વધારે ગમે છે. (તેમને ઈન્ટેલિજન્ટ માણસો સાથે બોલવું વધારે ગમે છે. એટલે ઝાઝે ભાગે તે પોતાની સાથે જ વાત કરતા હોય છે. તેમને ઊંઘમાં બબડવાની ય ટેવ છે—આ જ કારણે.) તે એકલા જ પોતાની સાથે રહે એ તેમને પસંદ છે. આ તેમની 'નોળવેલ' છે. ક્યારેક તો સવારે છ વાગતામાં જ નાહી ધોઇને વેણીભાઈ ઘરની બહાર નીકળી પડે છે—કોઈ પણ જાતના પ્રોગ્રામ વગર; કોઇને ય કહ્યા વિના. પછી સામેથી આવતી પહેલી જ બસમાં તે ચડી જાય છે ને એ બસ લઈ જાય ત્યાં જાય છે. કોઈ ઓળખીતો સામે ના ભટકાય એવી જગ્યા તે શોધે છે. આ પળોમાં કોઈ ઓળખીતું પારખીતું મળે એ તેમને સમાધિભંગ જેવું લાગે છે.

આના વિરોધાભાસમાં તેમને ભીડ પણ ઘણી ગમે છે. ભીડમાં જ તે પોતાની જાતને ખોઈ (કે શોધી) શકે છે. મને આ થોડું વિચિત્ર લાગે છે. સામાન્યરીતે ખિસ્સાકાતરુઓને જ ભીડ વધારે ગમતી હોય છે: એ લોકોની ભીડ આ ભીડને લીધે ભાંગતી હોય છે. એટલે પણ વેણીભાઇનો ભીડ-પ્રેમ સમજાતો નથી.

વેણીભાઈ પંદર રસના આશક છે. સાહિત્યના નવ રસ ઉપરાંત ષડ્-રસ ભોજનના ય તે ભોગી છે. ષડ્-રસ ભોજન મળે ત્યારે તો સાહિત્યના નવ રસને ય તે તડકે મૂકી દે છે. 'ચન્દ્રવિલાસ'ની દાળનો સબડકો ભર્યા વગર અમદાવાદ છોડવું તેમને માટે દુષ્કર છે. ('ચન્દ્રવિલાસ'ની દાળની આ જાહેરખબર નથી.)

પણ વેણીભાઈને ગભરાવવા હોય તો કોઈ ઠેકાણે એમનું એકાદ ભાષણ ગોઠવી દેવું. પછી તેમની સામે દૂધપાક-પૂરીનું જમણ મૂકશો તો ય તે ભરપેટ ખાઈ નહિ શકે. બીમાર જેવા થઈ જશે. પેટમાં ગોટા વળશે. જીવ ચૂંથાવા માંડશે. એમને સભાક્ષોભ ઘણો છે. મુશાયરામાં એમની જ કાવ્યપંક્તિઓ બોલીને સુરેશ દલાલ તાળીઓ લઈ જાય, પણ એ જ કડીઓ બોલવા છતાં તેમને જોઇએ એવી દાદ ના મળે! આ જ કારણે મોટે ભાગે તે જાહેરમાં બોલવાનું ટાળે છે (જ્યારે ખાનગીમાં તેમને બોલતા અટકાવવાનું કામ અઘરું છે.)

એક વાર કોઈ એક નાટયસ્પર્ધામાં નિર્ણાયક તરીકે તે ગએલા. નાટકોના ક્રમ તેમણે આપ્યા. પરિણામ જાહેર થયું. (જે લોકોને ઈનામ નો'તું લાગ્યું એ સિવાયના) બધાએ વેણીભાઈના નિર્ણયને હર્ષનાદથી વધાવી લીધો. કાર્યક્રમના સંચાલકોએ તેમને સૂચન કર્યું: 'વેણીભાઈ, આ નાટકોની ગુણવત્તા વિષે કશુંક કહો.'

'ના, હો!' વેણીભાઇએ ગભરાટિયા અવાજે કહ્યું: 'એ કામ મારું નહિ. હું તો ભૈ, શયનગૃહની પ્રિયતમા જેવો છું. જાહેરમાં ના ખીલી શકું.'

વેણીભાઈમાં સેક્સનું ઑબ્સેશન ખરું. તેમની ઉપમાઓમાંની નેવું ટકા ઉપમાઓમાં સેક્સનું તત્ત્વ ઓછા વત્તા અંશે દેખાવાનું જ.

ગુરુવારે તે લગભગ રઘવાટમાં જ હોય. છતાં મને તે ચંદુભાઈને ત્યાં ઘાટકોપરમાં મળવા આવેલા—ઊભાઊભા. મેં કહ્યું: 'બેસો તો ખરા;

જવાય છે ચા પીને'. તો કહે: 'એ વાતમાં માલ નહિ, હોં! હું ગાભણો છું ને અત્યારે પ્રસવવેદનાથી રીબાઉં છું. ઘેર જઈને 'ગોફણગીતા' લખીશ ત્યારે જ છુટકારો થશે.'

અમારા એક કૉમન ફ્રેન્ડની વાત નીકળતાં વેણીભાઈ બોલ્યા: 'તમે કાન્તિભાઈની વાત કરો છો ને? પરણ્યા પછી પંદર વરસે છોકરો આવે એવું જોયું. તે પીએચ.ડી. થયા.'

એમનો મકાન-માલિક બધા ભાડુઆતોની રૂમને પોતાના ખર્ચે ધોળાવી આપતો'તો. વેણીભાઈ બહારથી આવ્યા એટલે બાજુની રૂમવાળાએ વેણીભાઈને પૂછ્યું: 'આ કેવું લાગે છે?'

'નાહ્યા વગર પાઉડર લગાડ્યા જેવું.' વેણીભાઈ ઉવાચ.

વેણીભાઈએ ગામડાની રેતી રગદોળી છે. ઉકરડા ચૂંથ્યા છે. તે ડામરમાં નથી ઊગ્યા, ગોબરમાં ઊગ્યા છે. એટલે દંભની તેમને પારાવાર સુગ છે. (ખાદી દંભ છે એ જાણ્યા પછી તેમણે ખાદી પણ છોડી છે.) ઈસ્ત્રીકડક ભાષા બોલવાનું તેમને નથી ફાવતું. એ હમેશાં તળપદા મિજાજમાં જ વાત કરવાના. એમના એક કવિમિત્રના સન્માનસમારંભમાં તે જઈ ચડ્યા. લોકોએ તેમને પ્લૅટફૉર્મ પર ચડાવી દીધા–બોલવા માટે. અગાઉ બોલી ગએલા વક્તાઓએ પેલા મિત્રનાં ખોબલે ખોબલે વખાણ કરેલાં. એ ભાઈને પીવાની જબરી લત. કોઈએ આ લતનો ઉલ્લેખ સુધ્ધાં નો'તો કર્યો. વખાણનાં જ ગાડાં ભરેલાં. વેણીભાઈએ કહ્યું: 'અગાઉ બોલી ગએલા વક્તાઓ તો કવિના ગુણોને ચાહે છે, પણ હું તેના અવગુણોને ય એટલા જ ચાહું છું...' વગેરે.

વેણીભાઈમાં આજે ય બાળક પડેલો છે. પોતે ક્યારેક બાળપણ માણી લે છે. રસ્તામાં ઊભેલા ટોળાની વચ્ચે આજે ય તે ઊભા રહે છે ને 'ભોલાનાથ' બળદ પાસે પોતાની જાતને શોધાવે છે. 'લાલ બંડીવાલા ચાચા કૌન હૈ?' એવું પેલો ભોલાનાથ બળદનો માલિક પૂછે એટલે બળદ શોધતો શોધતો વેણીભાઈ પાસે આવીને ઊભો રહી જાય. ને તેમને ગુદગુદી થવા માંડે. ફરી વાર પંદર પૈસા આપીને તે ટોળાના બીજે છેડે ઊભા રહી જાય છે. ('કુમાર' કે 'સંસ્કૃતિ'માં પોતાનું નામ છપાય એના કરતાં ય વધારે એમનો અહમ્ ભોલાનાથ તેમની આગળ ઊભો રહી જાય એમાં સંતોષાય છે.) રસ્તામાં કોઈ વરઘોડો નીકળે તો બૅન્ડ સાંભળવા ઊભા રહે છે. ક્યારેક રામલીલા જોવા કે કોઈ વખત નાચ-મુજરામાં ય તે ગોઠવાઈ જાય છે. જિંદગીમાં મળે ત્યાંથી ભરપેટ જલસો તે મેળવી લે છે.

વેણીભાઈ આમ તો પાછા નરસિંહ મહેતા જેવા છે. દિનકરની બૅંકમાં તેમનું ખાતું છે. (કવિઓનાં, ગુજરાતી કવિઓનાં બૅંકમાં ખાતાં હોય એ વાત ગુજરાત માટે હરખાવા જેવી કહેવાય.) પણ વેણીભાઇને બૅંકમાંથી પૈસા કેવી રીતે ઉપાડવા, મૂકવા, સ્લિપ ભરવી વગેરે ફાવતું નથી. પૈસા ભરવાના હોય ત્યારે તે ચેકબુક લઇને બૅન્કમાં જાય છે ને ઉપાડવાના હોય ત્યારે સ્લિપબુક! એક લૉકર પણ તેમણે ભાડે રાખ્યું છે. (કેમ રાખ્યું છે એની તો તેમને ય ખબર નથી.) વર્ષ પૂરું થયે બૅંકવાળા લૉકરનું ભાડું માગે ત્યારે વેણીભાઈ હસીને કહે છે: 'હરામ બરાબર છે, મેં જો લૉકરને હાથે ય લગાડ્યો હોય—સ્પર્શ સુધ્ધાં ય કર્યો હોય તો... પેલો રજપૂત વચ્ચે તલવાર રાખીને પેલી સ્ત્રી સાથે સૂતેલો એ રીતે... મારે મન—(ઓહ, સેક્સ!)

વેણીભાઈ પત્ર લખવાના બહુ જ કાયર છે. તેમને હું ત્રણ-ચાર કાગળ લખું ત્યારે માંડ એકાદનો જવાબ વાળે. આ બાબત તેમને ફરિયાદ કરી તો કહે: 'પત્ર લખવામાં હું પહેલેથી જ આળસુ છું. એ તો વળી સારું થયું કે મેં ગોઠવણીનાં લગ્ન કર્યાં છે. બાકી કોઈની સાથે પ્રેમ કર્યો હોત તો પ્રેમપત્રો નહિ લખવાને કારણે પ્રેયસી ગુમાવી બેઠો હોત.'

'તારી આંખનો અફીણી' કે 'મને અંધારાં બોલાવે' જેવાં કવિતા-

લઘુકથા

આઠમું પાતાળ

રમેશ ત્રિવેદી

અશ્વિન બ્રશ કરીને રસોડામાં આવ્યો અને ચા ગાળી રહેલી સીમાની સામે બેસી ગયો. મૂગે મોંએ જ સીમાએ એની સામે કપ મૂક્યો. ગરમ ચામાંથી ઊઠતી વરાળ સામે એ ખિન્ન નજરે તાકી રહ્યો.

ગઈ કાલે સાંજે એ ઘેર આવ્યો ત્યારે બારણામાં જ રાહ જોઈ રહેલી સીમાએ કહેલું: 'અસ્મિતાબેનને ત્યાંથી હમણાં જ ફોન હતો, અસ્મિતાબેન બહુ જ દાઝી ગયાં છે.' તુરત એણે અસ્મિતાને ત્યાં ફોન જોડેલો પણ ત્યારે તો બેલ ખલાસ થઈ ગયો હતો. મોડી રાતે એ સ્મશાનેથી પાછો ફર્યો ત્યારે યે સીમા સૂનમૂન બની એની રાહ જોતી જાગતી બેઠી હતી......

'તમારી ચા...' સાંભળી નજર ઉઠાવી એણે સીમા સામે જોયું. વિષાદની છાયા હજી યે એના ચહેરા પર અંકાએલી હતી.

'અસ્મિતાબેન આટલાં બધાં શી રીતે દાઝી ગયાં હશે?' થોથવાતા અવાજે સીમા પૂછી રહી હતી. અશ્વિન ફરી વિચારોમાં સરી પડ્યો. ગઈ કાલે રાતે પણ એણે આ જ પ્રશ્ન પૂછ્યો હતો. એનો જે ઉત્તર પોતાના મનમાં ઘોળાઈ રહ્યો હતો એ જ ઉત્તર શું સીમાને પણ સતાવી રહ્યો હશે? અસ્મિતા આત્મહત્યા શા માટે કરે? સામે ચાલીને જ તો એણે ડાઇવૉર્સ માગ્યા હતા. એ માટે વાતવાતમાં એ આપઘાતની ધમકી પણ આપતી, એટલે છેવટ કચવાતે મને એણે એને સંમતિ પણ આપી દીધી. પણ પોતાનું મનમાન્યું થયા પછી યે હવે એણે આવું પગલું શા માટે ભર્યું હશે? અને અસ્મિતાના મરણ બદલ સીમા આટલી બધી ગમગીન કેમ બની ગઈ છે? પોતાની સાથે પરણીને સીમાએ અસ્મિતાને અન્યાય કર્યો છે એવું એને લાગતું હશે? સ્ત્રીઓનું હૃદય પણ ગજબ ઊંડું છે—પાતાળ જેવું. એનો તાગ જ ન મળે...

'એક વાત પૂછું?' સીમા ક્ષીણ અવાજે બોલી. એની આંસુ તગતગતી આંખ સામે અશ્વિન જોઈ રહ્યો.

'અસ્મિતાબેને ડાઇવૉર્સ લેવામાં ઉતાવળ તો...' પણ એ આગળ બોલી ન શકી. એનો કંઠ રુંધાઈ ગયો.


'અરે! તું તો રડવા લાગી!' અશ્વિને સીમાને પોતાની નજીક ખેંચી લીધી. એની આંખમાંથી પડુંપડું થતાં આંસુ લૂછવા હાથ લંબાવતાં એ મનોમન બોલી રહ્યો: 'અજબ છે તમારું સ્ત્રીઓનું હૃદય!...'

નીતરતાં ફિલ્મી ગીતો પણ વેણીભાઈએ લખ્યાં છે. પણ આ ગીતોને તે પોતાનાં ગેરકાયદેસર બાળકો જ ગણે છે. આવાં બધાં લખાણોને તે પિતૃત્વ નથી આપતા; કેમકે આને તે પેટ વાસ્તે લાકડાં ફાડવાના ધંધા તરીકે જ ખપાવે છે, વિશેષ નહિ.

વેણીભાઈ ૧૯૪૩માં જેલમાં પણ ગએલા. એમની સાથે એ સમયે જેલમાં હતા એમાંના ઘણા બધા અત્યારે રાજકારણમાં ઊંચે સ્થાને છે; વેણીભાઈ સ્થૂળ દેહે હતા ત્યાં ને ત્યાં જ છે. (હા, સૂક્ષ્મ દેહે લોકોના હૃદયમાં રોપાયા છે ખરા.) એક વાર તેમને મેં પૂછ્યું: 'તમે લીડર કેમ ના થયા?' ત્યારે તે હસી પડ્યા. પછી બોલ્યા: 'મારા ઘરનો જ જ્યાં લીડર બની શકું એમ નથી તો પછી બહાર તો બની જ શી રીતે શકું? આપણને એવું બધું ના ફાવે. ફટાયા રહેવામાં જ મઝા આવે. કશું વળગણ ના ખપે. ફકીરીમાં જે મઝા છે એ આ બધાંમાં નથી.'

ખરી વાત છે. વેણીભાઈ ફકીર જ છે. સાચા અર્થમાં ફકીર. તે ફકીરનાં લૂગડાં નથી પહેરતા એટલું જ; બાકી એ જ મસ્તીમાં તે જીવે છે.

યુરેનસનાં વલયની શોધ



સૂર્યના નવ પૈકીનો સાતમો ગ્રહ યુરેનસ હાલ તુલા રાશિમાંથી પસાર થઈ રહ્યો છે. પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં ૧૯·૧૯ ગણા, એટલે કે સૂર્યથી લગભગ ૧,૭૮,૨૦,૦૦,૦૦૦ માઈલ દૂર આવેલા આ ગ્રહનાં અવલોકનોમાં પૃથ્વી પરથી જે ચોકસાઈથી જોઈ શકાય એ કરતાં ઊંચે આકાશમાંથી એના પર દૂરબીન માંડતાં ઘણું વધુ જાણવા મળે, એ હકીકતને લક્ષમાં લઇને અમેરિકાની કૉર્નેલ યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રીઓએ 'સી–૧૪૧' નામની એક ઊડતી પ્રયોગશાળામાંથી ૩૬ ઇંચ વ્યાસના દૂરબીનની સહાયથી ગયા એપ્રિલ માસમાં યુરેનસનું નિરીક્ષણ કર્યું હતું. તુલા રાશિના એક અતિ દૂરના તારાની આડે આવીને યુરેનસ એ તારા પરથી આવતા પ્રકાશમાં જે અવરોધ પેદા કરે છે (જેમ સૂર્યગ્રહણ વખતે ચંદ્ર સૂર્યની આડે આવે છે તેમ) તેના આધારે યુરેનસનો વ્યાસ વધુ ચોક્સાઈથી માપવાની તથા યુરેનસના વાતાવરણ વિષે વધુ અભ્યાસ કરવાની તેમની નેમ હતી. આ માટે ઑસ્ટ્રેલિયાની નૈઋત્યેથી ઊંચે આકાશમાંથી તેમણે રાત્રે યુરેનસનું અવલોકન કરેલું.

અને આ પ્રયોગ દરમિયાન ખગોળશાસ્ત્રીઓને યુરેનસ વિષે નહિ ધારેલું એવું નવું જ જોવા-જાણવા મળ્યું. જે તારાના આધારે તેઓ યુરેનસ અવલોકી રહ્યા હતા એ તારો યુરેનસ દ્વારા નવ મિનિટ સુધી તદ્દન ઢંકાઈ જતો હતો. પણ યુરેનસ વડે સંપૂર્ણ ઢંકાઈ જવા પહેલાં યે એ તારો પાંચ વખત અમુક સેકંડો જેટલા સમય સુધી દેખાતો બંધ થઈ જતો હતો. આ જ રીતે યુરેનસની આડશ દૂર થયા પછી યે એટલી જ વાર અને એટલી પળો માટે ફરી એ તારો દેખાતો બંધ થઈ જતો જણાયો હતો. આના પરથી ખગોળશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું કે યુરેનસની ફરતાં પાંચ ચપટાં વલયો હોવાં જોઇએ કે જે પેલા તારાને ઢાંકી દેતાં હતાં. આ વલયો પૃથ્વીના વિષુવવૃત્તને કાટખૂણે હોવાથી પૃથ્વી પરથી દૂરબીનો વડે એની હસ્તી પામી શકાતી નહોતી. ખગોળજ્ઞોએ એ પણ ગણતરી કરી કે આ વલયો લગભગ સાતેક હજાર કિ. મી. (૪૪૦૦ મા.) પહોળા પટમાં વિસ્તરેલાં હશે અને એમાંનાં અંદરની બાજુનાં ચાર વલયોની પહોળાઈ ૧૦–૧૦ કિ. મી. (૬–૬ મા.) જેટલી અને છેક બહારના પાંચમા વલયની લગભગ ૧૦૦ કિ મી. (૬૦ મા.) જેટલી હશે. અત્યાર સુધી એક માત્ર શનિને જ વલયો હોવાનું આપણે જાણતા હતા તે ઉપરાંત હવે આ યુરેનસ પણ વલયધારી હોવાનું સાબિત થયું છે. યુરેનસનાં આ વલયો શાનાં બનેલાં છે એ હજી નક્કી નથી થયું, પણ શનિનાં વલયો માટે મનાય છે તેમ યુરેનસનાં વલયો પણ કોઈ પ્રકારના બરફના ટુકડાઓનાં બનેલાં હશે એમ આ ખગોળશાસ્ત્રીઓના જૂથના નેતા જેઈમ્સ એલીઅટનું કહેવું છે.

ઈ. ૧૭૮૧માં વિલિયમ હર્શલે સૂર્યના આ સાતમા ગ્રહની શોધ કરી હતી. જો કે ઈ. ૧૭૬૮ દરમિયાન ફ્રેંચ ખગોળશાસ્ત્રી પીઅરી લેમોનેરે એને લગભગ આઠેક વાર દૂરબીનમાંથી જોએલો ખરો, પણ એ ગ્રહ હોવાની એને કલ્પના જ નહોતી. ઓગણીસ વર્ષ બાદ હર્શલે સૈદ્ધાંતિક રીતે એ એક ગ્રહ હોવાનું જાહેર કર્યું. છેક પ્રાચીન કાળ પછી શોધાએલો આ પ્રથમ નવો ગ્રહ હતો. આગળ જતાં એ પણ જાણવા મળ્યું કે પોતાની ધરી પર એ પૃથ્વીની પેઠે ઊભો નહિ પણ આડો પડીને ફરે છે અને એને પાંચ ચંદ્રો પણ છે. આ અને એવી એની અન્ય વિશિષ્ટ લાક્ષણિકતાઓની શોધ થયા પછી છેક હમણાં–હજી આ વર્ષના ગયા માર્ચ માસમાં જ એક ભારતીય ખગોળશાસ્ત્રીએ એના છઠ્ઠા ચંદ્રની પણ શોધ કરી છે.

યુરેનસનાં આ વલયોની શોધ વિષે વધુ નવાઈ કદાચ એ જાણીને થશે કે ઈ. ૧૯૭૨માં અમેરિકામાં એક ભારતીય સ્નાતકે ગાણિતિક આધારે યુરેનસની આસપાસ શનિ જેવાં વલયો હોવાની શકયતા જાહેર કરી હતી. પોતાની આ ધારણા અંગે એક લેખ લખીને એણે ત્યાંના એક વિજ્ઞાન વિષયક સામયિકમાં પ્રકટ કરવા પણ મોકલ્યો હતો. પરંતુ એને વજૂદ વગરનો ગણીને એ સામયિકે એ લેખ પાછો વાળેલો! હવે જ્યારે યુરેનસને વલયો હોવાનું સાબિત થઈ ચૂક્યું છે ત્યારે એની શોધનો યશ પેલા અખ્યાત ભારતીય વિદ્યાર્થીને કોઈ આપશે? જેમ અન્ય ક્ષેત્રોમાં એમ વિજ્ઞાનમાં યે ખ્યાતનામ વ્યક્તિઓનાં જ ગાન ગવાય એ સ્વાભાવિક છે.

છતાં યુરેનસનાં વલયોની શોધમાં પોતે પહેલ કર્યાનો દાવો પેલા વિદ્યાર્થીએ રજૂ કર્યો છે. પોતાની ધારણા પ્રકટ કરતાં એણે કહેલું કે '...એમ માની શકાય કે યુરેનસની આસપાસ હજી નહિ દેખાએલા પદાર્થો હોઈ શકે, અને જો એમ હોય તો એ વલયનાં રૂપમાં હોવા જોઈએ.' એટલે એની ધારણા પ્રમાણે યુરેનસને ખરેખર વલયો છે કે નહિ તે ચકાસી શકાય તેમ તો હતું જ. સંભવ છે કે એનો દાવો સ્વીકારવામાં આવે અથવા પ્રત્યક્ષ પુરાવાને બદલે એ માત્ર એક તારણ જ હતું એમ કહીને કદાચ એના દાવાને નકારવામાં પણ આવે. પરંતુ સૈદ્ધાંતિક ગણતરી પરથી કરેલી ધારણાની આવી ઉપેક્ષા તો નેપ્ચ્યુન ગ્રહની બાબતમાં પણ કયાં નહોતી થઈ? □

સાક્ષરશ્રી ગોવર્ધનરામ સ્મૃતિમંદિર જીર્ણોદ્ધાર

નડિયાદના અ. સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય સંચાલિત સાક્ષરશ્રી ગોવર્ધનરામ સ્મૃતિમંદિરના જીર્ણોદ્ધાર અંગે, ગુજરાતની સાહિત્ય અને સંસ્કારપ્રેમી જનતાને આ ઉમદા કાર્યમાં ઉદાર હાથે ફાળો આપવા, એ સંસ્થાના ટ્રસ્ટીમંડળ તથા ગુજરાતની વિવિધ ક્ષેત્રની અન્ય અગ્રણી વ્યક્તિઓની સહીથી એક જાહેર વિજ્ઞપ્તિ કરવામાં આવી છે. ફાળો આપવા ઈચ્છનારે 'શ્રી ગોવર્ધનરામ સ્મૃતિમંદિરના જીર્ણોદ્ધાર માટે' એવા નિર્દેશ સાથે, માનદ મંત્રી, અ. સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદના નામે ચેક અથવા મનીઑર્ડરથી એ મોકલવો.

—— ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૩ ——

લઘુતમ ટેસ્ટ વિજય

—— ભરત ના. ભટ્ટ ——

ચોથી ટેસ્ટ: ઓલ્ડ ટ્રેફર્ડ–માંચેસ્ટર વિ. ઑસ્ટ્રેલિયા : ૧૯૦૨.

ઑસ્ટ્રેલિયા માત્ર ૩ રનથી આ ટેસ્ટ મૅચ જીત્યું ત્યારે અંત સમયની એ પળો કેવી હશે, પ્રેક્ષકો તેમ જ બંને ટીમોએ શું શું અનુભવ્યું હશે એ કલ્પવું પણ મુશ્કેલ છે.

ટેસ્ટનો આરંભ આકર્ષક થયો. ટૉસ જીતી ઑસ્ટ્રેલિયાએ દાવ લીધો ને ટ્રમ્પર (૧૦૪) અને ડફ(૫૪)એ ખતરનાક ઝડપે રન ચડાવ્યા. લંચ સમયે ટ્રમ્પરના ભેગે ૧૭૩ રન! ક્લેમ હિલ અને સુકાની ડાર્લિંગે પણ સારી ફટકાબાજી બોલાવી. ડાર્લિંગે રૂહોડ્સની બોલિંગમાં બૉલને બે વાર સ્ટેડિયમ બહારના રોડ પર મોકલેલો. ઑસ્ટ્રેલિયાના ૨૯૯ રનના જવાબમાં ઇંગ્લૅન્ડે કંગાલ આરંભ કર્યો ને સૅાન્ડર્સ–ટ્રમ્બલે ૪૪ રનમાં પાંચ વિકેટો ખેડવી, પણ જેક્સન (૧૨૮) અને બ્રાઉંડે (૬૫) સ્થિતિ સુધારી અને ઇંગ્લૅન્ડના ૨૬૩ રન થયા.

ઑસ્ટ્રેલિયાના બીજા દાવથી આ ટેસ્ટે ઐતિહાસિક વળાંક લીધો. ૧૦ રનમાં ટ્રમ્પર, ડફ અને હિલ ઊડી ગયા. આ પળે ફ્રેડ ટેઇટે ડાર્લિંગનો એક ઊંચો પણ સાદો કૅચ પડતો મૂક્યો. આ બાબત મૅચનું ટર્નિંગ પૉઈન્ટ સાબિત થવાની હતી. ડાર્લિંગ–ગ્રેગરીએ ૫૪ રન ચડાવ્યા છતાં ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં માત્ર ૮૬ રન કરી શક્યું. માતબર બૅટિંગ લાઈન–અપ ધરાવતા ઇંગ્લૅન્ડે ત્રીજા દિવસે માત્ર ૧૨૪ રન કરવાના હતા!

તા. ૨૫મીની રાત્રે વરસાદ પડ્યો છતાં ૨૬મીએ ઇંગ્લૅન્ડે વિના વિકેટે ૪૪ રન કર્યા ત્યાં સુધી પાસું ઇંગ્લૅન્ડ તરફી હતું. લંચ પછી તડકામાં સુકાતી જતી વિકેટ પર ખરો જંગ જામ્યો! એક બાજુ ટ્રમ્બલ ને સૅાન્ડર્સ હતા તો સામે હતા મેક્લેરેન, ટાઈલ્ડસ્લે, રણજી, જેક્સન, રૂહોડ્સ વગેરે. પહેલી વિકેટ પડતાં મૅક્લેરેન અને ટાઈલ્ડસ્લે ભેગા થયા. આ બંને ધુરંધરોને રમતા જોયા અને પ્રેક્ષકોને ભાન થયું કે વિકેટ કેવી બગડી રહી છે! અને નિરાંતે બેઠેલાં, ઇંગ્લૅન્ડની જીત નક્કી માનતાં પ્રેક્ષકો ફુણા પર ઊભા થવા લાગ્યાં. કુલ ૭૨ના આંકડે પહોંચતાં તો આ બંને પણ તંબૂ ભેગા! ૯૭ રન સુધીમાં તો રણજી અને એબેલ પણ ટ્રમ્બલના બૉલમાં ગયા–૨૭ રન બાકી અને પાંચ વિકેટ! ૧૦૭ રને આવાસમા જેક્સન ગયા. વિકેટકીપર લીલે બૅટિંગમાં આવ્યા ત્યાં ટ્રમ્બલે બ્રાઉંડ અને લૉકવૂડને કાઢ્યા–૧૦૯ રને આઠ વિકેટ! લીલે અને રૂહોડ્સે આંકડો ૧૧૬ સુધી પહોંચાડ્યો. આ ક્ષણે લીલેએ લેગ બાજુ એક કૌવતસભર ફટકો માર્યો ને વાતાવરણ 'ચોગ્ગો ચોગ્ગો'ના નાદોથી ગાજી ઊઠ્યું. પણ હવામાં બાઉન્ડ્રી તરફ બાજગતિએ જતા એ બૉલ તરફ કોણ દોડતું હતું? શા માટે? પ્રેક્ષકોએ તેમને ઓળખ્યા ને મૂર્ખ માન્યા-આવા નિશ્ચિત ચોગ્ગાને અટકાવવાના પ્રયત્ન માટે. તે ક્લેમ હિલ હતા. તેમણે ન માત્ર ચોગ્ગો અટકાવ્યો પણ બૉલને ઝીલી લીલેને આઉટ કર્યા. પૂર્વે તો ખબર નથી, પણ બૉલ પકડ્યા પછી તેઓ ૨૦ વાર દોડી ગએલા! તાળીઓના ગડગડાટ ગાજી ઊઠ્યા. છેલ્લા ટેઈટ બૅટિંગમાં આવ્યા ત્યાં વરસાદ પડ્યો એટલે પોણો કલાક રમત બંધ રહી. આઠ રન અને એક વિકેટ માટે મૅચ ફરી શરૂ થઈ ને સૅાન્ડર્સના પ્રથમ બૉલને ટેઈટના બૅટનો એક અછડતો સ્પર્શ ને સ્લીપ વચ્ચેથી ચાર રન!

જિંદગીમાં આ એક જ ટેસ્ટમાં રમેલા ને કૅચ છોડી અપ્રિય થએલા (જાણીતા ઇંગ્લિશ મિડિયમ પેસર મ્યુરિસ ટેઈટના પિતા) ફ્રેડ ટેઈટ પાસે ચાર રન કરી લોકપ્રિય થવાની તક હતી, પણ કમનસીબ ટેઈટ! બે બૉલ તેઓ શાંતિથી રમી ગયા પણ ચોથો બૉલ ઉત્તમ બેટ્સમૅન માટે પણ ખતરનાક હતો. ટેઈટની દાંડી ગઈ ને માત્ર ૩ રનથી ઑસ્ટ્રેલિયા જીત્યું. □

ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા·ઉમરેઠ) ની સલાહ

૧. ચુસ્ત અન્નાહારીએ ઈષ્ટ પોષણ માટે બીજો કયો ખોરાક લેવો?

ઉ. સમગ્ર વનસ્પત્યાહારમાંથી એક વિટામિન 'બી-૧૨' સિવાય શરીરને આવશ્યક બધા પોષક ઘટકો મળી રહે છે. વિટામિન 'બી-૧૨' માટે દૂધ લેવું જરૂરી છે. વૃદ્ધાવસ્થા, સગર્ભાવસ્થા અને સ્તનપાનના સમય દરમિયાન એની વધુ જરૂર છે. પૂરતું વિટામિન બી-૧૨ મેળવવા માટે એક થી ત્રણ ગ્લાસ દૂધ લેવું જોઈએ, પણ એ સુવિધા ન હોય તો તે ઔષધ રૂપે મેળવવું જોઈએ, વિટામિન બી-૧૨ની ખામીથી માઇક્રોસાઇટિક એનિમિયા થાય છે, જેમાં હાથપગનાં અંગો જૂઠાં પડે છે. કેટલાક લોકોને એ ન મળે તો યે ચાલે છે. કારણ કે આ વિટામિન એમને પોતાનાં આંતરડાંમાંથી મળી રહે છે. પણ એ છેક આંતરડાના નીચેના ભાગમાં પેદા થતું હોઈ લોહીમાં પૂરતું શોષાતું નથી. એટલે વનસ્પત્યાહારીઓએ ખોરાકમાં દૂધ અને તેની બનાવટો લેવી આવશ્યક છે.

૨. 'રિકેટ્સ' શું છે અને એનો શો ઉપાય છે?

ઉ. શરીરમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસની ચયાપચયતા માટે જરૂરી વિટામિન– 'ડી'ની ઊણપ હોય તો હાડકાંમાં કૅલ્શ્યમ જામતું નથી, અને એથી હાડકાં વૃદ્ધિ પામવા છતાં પોચાં રહે છે. આ પોચાં હાડકાં શરીરનો ભાર ઉઠાવવા અસમર્થ બને છે, પરિણામે પગ અંદર પડતા વળાંકદાર બને છે ને અન્ય ખોડ પણ આવી પડે છે. વિટામિન–ડી એ આંતરડાંમાંથી ખનિજ તત્ત્વોનું શોષણ કરવા માટે જરૂરી વિટામિન છે. રિકેટ્સથી બાળક તદ્દન માયકાંગલું બની જાય છે.

રિકેટ્સ નિવારવા માટે સૂર્યપ્રકાશની અત્યંત જરૂર છે. સૂર્યપ્રકાશમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણો ચામડીની નીચેની માંસપેશીઓમાં વિટા.-ડીનું પૂર્વ સ્વરૂપ ક્રિયાશીલ કરે છે જેમાંથી વિટા.-ડી પરિણમે છે. આહારમાંથી આ વિટામિન નહિ પામનારાં બાળકોને પૂરતા સૂર્યપ્રકાશમાં રાખવાં જોઈએ. પુષ્કળ કપડાં પહેરાવી ઘરમાં ગોંધી રાખવાને બદલે બાળકોને ખુલ્લા શરીરે કે પાતળાં કપડાં પહેરાવી વહેલી સવારના મૃદુ સૂર્યપ્રકાશમાં રમવા દેવાં જોઈએ.

૩. કઠોળ ફણગાવવાથી શા ફાયદા થાય છે?

ઉ. કઠોળ ફણગાવવાથી તેમાં સુષુપ્ત રહેલું એન્ઝાઈમ ક્રિયાશીલ બની કઠોળનું પોષણ મૂલ્ય ઘણું વધે છે. ફણગાવવાથી કઠોળમાં વિટામિન–'સી' પેદા થાય છે અને વિટા.–'બી–કૉમ્પ્લેક્સ' અને વિટા.–'ઈ'માં વધારો થાય છે. કઠોળનું સેલ્યુલોઝ પલળીને નરમ બનવાથી એ કઠોળ કાચું કે ઓછું પકાવેલું પણ ખાઈ શકાય છે. એમાંના સ્ટાર્ચ સાદા કાર્બોહાઈડ્રેટમાં પરિણમવાથી કઠોળ સહેલાઈથી પચે છે. પલળવાથી કઠોળનાં પ્રોટિનો એમિનો ઍસિડોમાં છૂટાં પડવાથી એનું પાચન અને શોષણ સરળ થાય છે. ફણગાવેલાં કઠોળ ઓછાં વાયડાં બને છે. ફણગાવેલાં કઠોળ પ્રોટિનની દષ્ટિએ માંસાહાર જેવાં અને વિટામિન–સીની દષ્ટિએ તાજાં ફળ–શાકભાજી જેવાં બની રહે છે. ફણગાવેલાં કઠોળનો પૂરો લાભ લેવા એને કાચાં યા ત્રણથી દસ મિનિટમાં જ રાંધેલાં લેવાં જોઈએ.

૪. સગર્ભાવસ્થામાં કેટલો વજન-વધારો ઈષ્ટ ગણાય?

ઉ. સગર્ભાવસ્થામાં વધુ પોષણ પામવાની લાલચે વધુ પડતું ખાવાથી એટલા પ્રમાણમાં વજન વધે છે. પ્રથમ ત્રણ માસ બાદ દર ત્રણ મહિને ત્રણ રતલ વજન વધે એ પૂરતું લેખાય છે. સગર્ભાવસ્થામાં વીસેક રતલ વજન વધે છે, એમાં દસેક રતલ તો ચરબી અને પાણીના ભરાવાને લીધે હોય છે. બાકીના વજનવધારામાં ગર્ભસ્થ બાળકનું વજન, ગર્ભાશયમાં એકઠા થએલા પ્રવાહીનું વજન, ગર્ભાશયનું પોતાનું વધેલું વજન અને લોહીના વધારાનું તથા સ્તનનું વધેલું વજન સમાવેશ પામે છે. પ્રસુતિ પછી તે ઘટી જાય છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો પ્રકરણ ૪થું · મહાકવિ મિલ્ટન—

મિલ્ટનની ત્રણ અન્ય કૃતિઓ

પૅરૅડાઈઝ લૉસ્ટ પૂર્વેની મિલ્ટનની અન્ય કૃતિઓમાં આર્કેડસ,(Arcades), કોમસ(Comus) અને લિસિડાસ(Lycidas) પ્રસિદ્ધ છે. 'આર્કેડસ'માં મિલ્ટનના વ્યક્તિત્વનું એક નવું પાસું છતું થાય છે. ડર્બી પરગણાની એક અમીર કુટુંબની સન્નારી ડૅાવેજર (Dowager)ના આનંદ-સન્માનાર્થે મિલ્ટને આ નાટ્યપ્રકાર–'માસ્ક' (Masque)ની રચના કરેલી. જૉન્સનના માસ્કનો નમૂનો તેના ચિત્ત સમક્ષ ભલે હોય, તેમ છતાં આ કૃતિમાં ઇલિઝાબેથ યુગની કવિતાની તાજગી અને મીઠાશ વરતાય છે. એક અમીર કુટુંબને અભિનંદવાનું આ કૃતિ પાછળનું પ્રયોજન છે. અમીર કુટુંબોમાં આદરપાત્ર બની ચૂકેલા હેન્રી લૂઈસે (Henry Lewis) આ માસ્કનું સંગીત પીરસેલું અને મિલ્ટનને પણ તેણે જ આ કૃતિ રચવા માટે આગ્રહભર્યું ઈજન આપેલું.

કોમસ

આ જ પ્રકારની તેની બીજી કૃતિ 'કોમસ'માં પણ સંગીત લૂઈસે જ પીરસેલું. એ 'આર્કેડસ' કરતાં ઘણી રીતે ચડિયાતી છે. એમાં વસ્તુગૂંથણીનું પણ થોડુંક તત્ત્વ છે. મિલ્ટનને આ પ્રકારની માસ્ક રચનાઓ દ્વારા અમીર કુટુંબોમાં પ્રવેશવાનો, માન પામવાનો મોકો મળ્યો; પણ એની પ્રકૃતિ જ એવી કે એનો લાભ લેતાં તેને આવડયું નહિ. અને વળી ઇંગ્લૅન્ડમાં રાજકીય ઘટનાઓ પણ એવો વળાંક લઈ રહી હતી કે મિલ્ટનનું સમગ્ર ધ્યાન એ દિશામાં ખેંચ્યું.

'કોમસ' એ સદ્ગુણો અને દુર્ગુણના ભાવોને પાત્રો દ્વારા મૂર્ત કરતી એક રૂપક રચના છે. મિલ્ટનના નામ વિના તે ૧૬૩૭માં પ્રકટ થઈ હતી. ઇલિઝાબેથ યુગની માસ્ક-રચનાની પ્રણાલી જાળવીને મિલ્ટને તેની રચના કરી હતી. કૃતિમાં સ્પેન્સર, જૉન્સન, પીલ, ફ્લેચર વગેરેની પ્રેરણા તેણે લીધેલી. પોતાના પુરોગામી તેમજ સમકાલીન કવિ–નાટ્યકારોની કૃતિઓના પોતાને અનુકૂળ ઉત્તમ અંશોનો તેણે એમાં સુપેરે વિનિયોગ કર્યો છે. એનું વસ્તુ સંક્ષેપમાં જોઇએ તો, એક અપાર્થિવ આત્મા પ્રવેશ કરીને વનપ્રદેશમાં પથરાએલા કોમસ–શયતાન–ના સામ્રાજ્યનો ખયાલ આપે છે અને એ વનમાં પોતાના બે ભાઈઓથી વિખૂટી પડેલી, પિતાને મળવા ઉત્સુક યુવતીના આગમનનો નિર્દેશ કરી એ અદશ્ય થાય છે. પછી કોમસ પોતાની અસુર સેના લઇને દૈહિક સુખનો મહિમા ગાતો વનમાં પ્રવેશ કરે છે. એ નૃત્ય શરૂ કરે છે, પણ અચાનક જ માર્ગ શોધતી પેલી કુમારિકાનાં પગલાં સાંભળી તે પોતાની સેનાને વિદાય કરી દે છે:

Break off, break off, I feel the different pace
Of some chaste footing near about this ground.

અને એ કુમારિકાને પોતાની જાળમાં ફસાવવાની તરકીબો ઘડવા માંડે છે. કુમારિકા પોતાની અવદશાનું દુ:ખ પ્રકટ કરતી પ્રવેશ કરે છે, પણ તેને કોમસની વનમાં ઉપસ્થિતિની ગંધ આવી જાય છે:

What might this be? A thousand fantasies
Begin to throng into my memory
Of calling shapes.

પણ એને પોતાના શીલ અને સદ્ગુણમાં દઢ વિશ્વાસ છે. એની આંતરિક સંપત્તિ કોઈ લૂટી શકે તેમ નથી તેની એને પ્રતીતિ છે. એના ભાઈ આસપાસમાં હોય તો તેમનું ધ્યાન ખેંચવા તે ગીત ગાય છે અને કોમસ પણ એ ગીતના માધુર્યથી મુગ્ધ બની જાય છે. કુમારિકાની પાસે આવીને તે આ અટપટા અરણ્યમાં તેનો માર્ગદર્શક બનવાની ખ્વાહેશ પ્રકટ કરે છે. એના ભાઇઓની તપાસમાં પણ તે સહાયક બનવા ઉત્સુક છે. સરળ પ્રકૃતિની યુવતી કોમસને અનુસરે છે. પછી તરત બહેનની ચિંતા કરતા બે ભાઇનો પ્રવેશ થાય છે. મોટા ભાઇને વિશ્વાસ છે કે પોતાની બહેન શીલસંપન્ન છે, સદ્ગુણી છે. તેની એ મીરાત કોઈ લૂટી શકે તેમ નથી. મિલ્ટનની જ નીતિ વિષેની ભાવના મોટા ભાઈના ઉદ્ગારમાં પ્રકટ થાય છે. પણ એ આખું દશ્ય નાટયરસ પીરસવાને બદલે બોધાત્મક બની રહે છે.

બંને ભાઈના વાર્તાલાપની વચમાં અપાર્થિવ આત્મા થર્સિસ (Thyrsis) આવી ચડે છે. કોમસની પ્રપંચલીલા વિષે તે બંને ભાઇઓને વાત કરે છે અને એમની કુમારિકાબહેન પરના જોખમનો નિર્દેશ કરે છે. નાનો ભાઈ એથી અસ્વસ્થ બની જાય છે, પણ મોટો ભાઈ ફરી વાર શીલ અને સદ્ગુણની શક્તિમાં પોતાનો પ્રબળ વિશ્વાસ પ્રકટ કરે છે:

Virtue may be assail'd, but never hurt,
Surpris'd by unjust force, but not inthrall'd.

થર્સિસ તેમને જાદુઈ વનસ્પતિ બતાવે છે, તેની સહાયથી કોમસની બધી છલના નિષ્ફળ બની જાય છે.

એ પછીનું દશ્ય કુમારિકા અને કોમસ વચ્ચેના સંઘર્ષને લગતું સમગ્ર કૃતિનું ઉત્તમ દશ્ય છે. કોમસ ભૌતિક વિલાસના પક્ષમાં આકર્ષક તર્કપ્રપંચ રજૂ કરે છે. એને પોતાના મહેલમાં વસી દૈહિક સુખોનો મનભર આનંદ માણવા વીનવે છે. કુમારિકા આક્રોશપૂર્વક તેની દલીલોને પોતાના પ્રબળ વક્તવ્યથી છેદે છે. તેનો રોષ જોઈ કોમસ તેને ફરી વીનવે છે:

Why are you vext Lady? Why do you frown?
Here dwell no frowns nor anger; from these gates
Sorrow flies far...

કુમારિકા કોમસના પ્રપંચભર્યા વક્તવ્યનો સમર્થ પ્રતિકાર કરે છે. કોમસની તર્કજાળ સોહામણી અને ભુલાવામાં નાખે તેવી છે. પ્રકૃતિએ માનવસુખ માટે, ઉપભોગ માટે વેરી મૂકેલાં સાધનોનું તે મનહર ચિત્ર કુમારિકા સમક્ષ આલેખે છે. મિલ્ટનની નાટ્યાત્મક કવિતા રચવાની કુશળતાનો આ પ્રસંગે યોગ્ય પરિચય મળી રહે છે. અંતે કુમારિકાના ચારિત્ર્યબળ આગળ કોમસ ફાવતો નથી. દિવ્ય શક્તિ આવીને તેને બંધનમુક્ત કરે છે, અને ઉત્સાહભર્યા નૃત્યથી કૃતિ વિરામ પામે છે. થર્સિસ પોતાનું કર્તવ્ય પૂરું કરી વિદાય લે છે:

To the ocean now I fly...

'ટૅમ્પેસ્ટ' નાટકના સ્પિરિટ એરિયલ સાથે થર્સિસની તુલના કેટલાક વિવેચકોએ કરી છે. પણ એરિયલ એના માલિક પ્રોસ્પેરોના અંકુશમાં, એની સેવા માટે છે, જ્યારે થર્સિસ મુક્ત આત્મા છે. તે નીતિ ને સત્યનો પક્ષકાર છે. નૈતિક પ્રયોજન માટે તેનું આગમન છે અને પોતાના પ્રયોજન વિષે તે પૂરેપૂરો સભાન છે. એરિયલ અને થર્સિસ બંને પોતાનું કર્તવ્ય સમાપ્ત કરી પૃથ્વી પરથી વિદાય લે છે, પણ મિલ્ટનનો 'સ્પિરિટ' જાણે ભરતવાક્ય ઉચ્ચારતો સૃષ્ટિ પર મંગલનો મહિમા ગાતો ઊડી જાય છે, એરિયલ પતંગિયાની જેમ મુક્ત વિહાર માટે ઊડે છે.

'કોમસ'ની સમગ્ર રચના મિલ્ટનના નિતિવિષયક સિદ્ધાંતને પ્રકટ કરવા માટે જ થઈ છે. કુમારિકાના ઉદ્ગારો ખરેખર તો મિલ્ટનના પોતાના જ નીતિવિષયક ઉદ્ગાર છે. મિલ્ટનને જે પ્રલોભનોનો પ્રતિકાર

કરવો પડેલો તે જ પ્રલોભનો કોમસના પાત્ર દ્વારા રજૂ થયા છે. આ રૂપક-નો સારબોધ એ મિલ્ટનના જીવનનો જ સારબોધ છે 'કોમસ'ની સાચી મહત્તા તેનાં કેટલાંક મનહર ગીતોમાં ને કેટલાક સુંદર સંવાદોમાં રહેલી છે. નાટકમાં જે સંવાદ સુદીર્ઘ લાગે, નાટ્યાત્મક અસરને રોળી નાખતા લાગે તે સ્વતંત્ર રીતે વાંચતાં અત્યંત આસ્વાદ્ય નીવડે તેવા છે. મિલ્ટન-ની સમર્થ કાવ્યબાનીનો આ કૃતિમાં સુંદર પરિચય થાય છે. અલબત્ત, કૃતિમાં મિલ્ટનના બોધાત્મક વલણને કારણે નાટ્યતત્ત્વ ચંપાઈ ગયું છે, મિલ્ટને નાટ્યતત્ત્વને જાણે ખીલવા જ દીધું નથી. સમગ્ર મારક એકોક્તિથી અથવા માત્ર સંવાદથી ભર્યોભર્યો લાગે છે.

લિસિડાસ

મિલ્ટનના આંતરિક નૈતિક સંઘર્ષને વધુ પ્રત્યક્ષરીતે પ્રકટ કરતી કૃતિ 'લિસિડાસ' છે. એની આરંભની કૃતિઓમાં એ કાળક્રમે છેલ્લી (૧૬૩૭) છે. રાજા એડવર્ડ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે સહુનું માન સંપાદન કરી શક્યો હતો. તેના ઉજ્જ્વળ ભાવિ વિષે સહુ શ્રદ્ધાવાન હતા. પણ અકસ્માત તેનું વહાણ ખરાબે ચડવાથી તે સમુદ્રમાં ડૂબી ગયો. એ પ્રસંગ પર ઘણા મિત્રોએ તેના વિરહનો શોક કાવ્યો રૂપે પ્રકટ કર્યો. મિલ્ટન જોકે એડવર્ડનો નિકટનો મિત્ર ન હતો, તેમ છતાં તેને આ આકસ્મિક ઘટનામાં એક મૂંઝવતો સવાલ દેખાયો. તેણે એડવર્ડના મૃત્યુને નિમિત્ત કરીને 'લિસિડાસ' કૃતિ રચી અને તેમાં રાજાને યુવાનીના પ્રતીક રૂપે લઇને પોતાના ચિત્તને વ્યથાકારી પ્રશ્ન તેમાં રજૂ કર્યો : રાજાએ મોજશોખ–વિલાસને તિલાંજલિ આપીને સ્વાધ્યાય અને કલામાં પોતાનું યૌવન સમર્પિત કર્યું, દુનિયાના વૈભવની આકાંક્ષા સેવી નહિ, છતાં એનો આવો કરુણ અંજામ? દુનિયામાં ધૃષ્ટ લોકો લહેર કરે, પ્રપંચી લોકો સત્તાનાં આસનો પર આરૂઢ થઈ જાય અને આદર્શ જીવન જીવનારાને મોત અકાળે ઝડપી જાય?

મિલ્ટને એડવર્ડને સ્થાને લિસિડાસ-ભરવાડ-ને મૂક્યો છે અને સમગ્ર કૃતિમાં ગ્રામજીવનનું વાતાવરણ ઊપસાવ્યું છે. ઉપરાંત તેણે આ કૃતિમાં ધર્માચાર્યોની સત્તા, દેવળમાં ચાલતી અનવસ્થા વગેરે પ્રશ્નો પણ આક્રોશપૂર્વક છણ્યા છે. અલબત્ત કાવ્યને અંતે મિલ્ટન આશ્વાસન શોધી લે છે : આવા લિસિડાસ જેવા તેજસ્વી આદર્શ યુવાનને માટે સ્વર્ગમાં નિશ્ચિત સ્થાન છે જ અને મનુષ્યે પોતાનો શોક મૂકીને જીવનમાં જે કર્તવ્યો છે તે પૂરાં કરવાં એ જ ઇષ્ટ છે. ઊર્મિ અને વિચારનો સુયોગ સાધતી, કલ્પનો યોજવાની શક્તિનો સુખદ પરિચય કરાવતી ઉત્તમ કાવ્યબાની પ્રકટ કરતી મિલ્ટનની આ સમર્થ કરુણપ્રશસ્તિ છે.

મિલ્ટનનાં સૉનેટો

મિલ્ટને જીવનભર સતત સૉનેટો રચ્યાં છે. અલબત્ત તેમાંનાં કેટલાંક મનોયત્નરૂપ છે, તેમ છતાં ઘણાં સૉનેટો સમકાલીન ઘટનાઓનું સહજપણે પ્રતિબિંબ ઝીલનારાં છે. મિલ્ટને ઇલિઝાબેથ યુગની સૉનેટ પરંપરા સ્વીકારવાને બદલે ઇટાલીમાંથી પેટ્રાર્કના સૉનેટરૂપને જ નવેસરથી પ્રયોજવાનું મુનાસબ ગણ્યું અને પેટ્રાર્કના સૉનેટનું રૂપ લઇને તેમાં પોતાની અનોખી મુદ્રા ઊપસાવી. તેણે સૉનેટને જે વિશિષ્ટ ઘાટ આપ્યો અને શેક્સ્પીઅરથી નિરાળી રીતે સૉનેટો રચ્યાં તેને કારણે ઇંગ્લૅન્ડના સૉનેટકારોમાં તે અગ્રગણ્ય સ્થાનનો અધિકારી બની રહે છે.

તેનું આરંભકાળનું સૉનેટ Nightingale જોકે મનોયત્નરૂપ છે, પણ ઇંગ્લૅન્ડમાં ચાલેલા આંતરવિગ્રહ દરમ્યાન તેણે રચેલાં કેટલાંક મિત્રોને ઉદ્‌બોધનરૂપે લખાએલાં સૉનેટો જાણીતાં છે; પાઇમોન્ટ (Piemont)ની કતલ વિષેના સૉનેટમાં મિલ્ટનના આક્રોશમય ઉદ્‌ગારો સહજરીતે વ્યક્ત થયા છે અને સૉનેટનું રૂપ તેને કેવું તો સાધ્ય બની ચૂક્યું છે તેની તે પ્રતીતિ કરાવે છે. મિલ્ટનની આંખો ગઈ તે પછી તેણે પોતાના અંધાપા વિષે રચેલા સૉનેટમાં મિલ્ટનનું વ્યક્તિત્વ બરાબર પ્રકટે છે. પોતાની બીજી વારની મૃત પત્ની વિષે રચાએલું સૉનેટ.

Methought I saw my late espoused aint

પણ સ્મરણીય છે.

આ તબક્કે, મિલ્ટનની મહાન કાવ્યકૃતિ 'પૅરેડાઈઝ લૉસ્ટ'ની ચર્ચા કરતાં પહેલાં તેનાં બીજાં બે પુસ્તકોનો સહેજ ઉલ્લેખ કરી લેવો યોગ્ય ગણાશે. મિલ્ટને 'બ્રિટનનો ઇતિહાસ' (History of Britain) ઇ. ૧૬૪૦માં લખવો શરૂ કરેલો, જે ૧૬૭૦માં પ્રસિદ્ધ થયો. તેમાં રોમનોના વિજયથી ઇતિહાસ આગળ જતો નથી, પણ પોતાના દેશના ઇતિહાસ વિષેનો મિલ્ટનનો જીવંત રસ તેમાં વરતાય છે. તેનું બીજું પુસ્તક 'ઑવ ક્રિશ્ચિયન ડૉક્ટ્રીન' (Of Christian Doctrine) લૅટિનમાં રચાયું છે અને ખ્રિસ્તીધર્મ વિષેના મિલ્ટનના પોતાના અભિગમ તેમાં પ્રગટ થયા છે.

(આવતે અંકે 'પૅરેડાઈઝ લૉસ્ટ')

કલાવાર્તા (અનુસંધાન પૃષ્ઠ ૧૯૫થી)

દેખીતી રીતે આવા અભાવગ્રસ્ત જીવનમાં પણ એમણે પોતાની કલાનિષ્ઠાને ચુસ્તપણે જાળવી રાખી હતી. ભારતની માટીમાં પલ્લવિત થએલા કલાના બીજાંકુરોને વિદેશનું આચાતી ખાતર ફિક્કા ન પાડી દે એની ચિંતામાં છેવટ સુધી તેઓ કલાનાં સ્વદેશીય તત્ત્વોને સાચવીસંભાળી રાખવામાં સદા વ્યસ્ત અને આશ્વસ્ત રહેતા. આધુનિકતા અને વ્યાવહારિકતાના કાચ ચડાવીને બેઠેલું આજનું કલાજગત એમની કલાને ભલે ગમે તે રીતે મૂલવે, પણ તેઓ સાચા અર્થમાં કલાના ભેખધારી ઉપાસક હતા. આવું નિષ્ઠાબળ ધીરેધીરે દૂર થઈ રહ્યું છે ત્યારે એમના સમાન ઉપાસકની ખોટ કલાક્ષેત્રે વરતાય એ સ્વાભાવિક છે. □

ગ્રંથ અને ગ્રંથકાર ભાગ ૧૨

ગુજરાત વિદ્યાસભાએ 'ગ્રંથ અને ગ્રંથકાર' ભાગ–૧૨ પ્રસિદ્ધ કરવાનું કામ હાથ ધર્યું છે. તેનું સંપાદન શ્રી પીતાંબર પટેલ અને શ્રી પ્રો. વ્રજલાલ દવે સંભાળી રહ્યા છે. આ ગ્રન્થમાં ૧૯૬૦ થી ૧૯૭૦ વચ્ચે પ્રસિદ્ધ થએલી કૃતિઓના લેખકોની વિગતવાર માહિતી આપવામાં આવશે. આ ગાળા દરમ્યાન જેમની કૃતિઓ પ્રસિદ્ધ થઈ હોય તેમણે સહાયક મંત્રી, ગુજરાત વિદ્યાસભા, પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ–૧ એ સરનામેથી માહિતી માટેનાં ફૉર્મ મંગાવી લેવા વિનંતી કરવામાં આવે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં


કુમાર


જૂન ૧૯૫૨ · સળંગ અંક ૩૪૨

યોગાનુયોગ તો જુઓ ! બે માસ પર મોરારજીભાઈ ભારતના વડા પ્રધાનપદે આરૂઢ થયા, અને બરાબર પચ્ચીસ વર્ષ ઉપરના અંકમાં એ કાળના મુંબાઈરાજ્યના મુખ્ય પ્રધાન તરીકે એમની જીવનરેખા આવેલી ! એ જ ઉતારીએ :

મુંબાઈરાજ્યના મુખ્ય પ્રધાન તો એ આજે થયા; પણ છેક ૧૯૩૭માં જ્યારથી એમને પહેલું મહેસૂલી પ્રધાનપદ મળ્યું ત્યારથી જ મુંબાઈના પ્રધાનમંડળમાં એમની શક્તિમત્તાનો એટલો પ્રભાવ પડેલો કે તે, વગર અગ્રણી બન્યે અગ્રપદે રહેતા; અને છેલ્લા પ્રધાનમંડળમાં તો પ્રાંતના સમસ્ત કારભાર પર એમની એવી છાપ પડી કે તે જ જાણે મુખ્ય પ્રધાન ન હોય ! મહારાષ્ટ્રમાં તો લોકો મુંબાઈના પ્રધાનમંડળને કટાક્ષમાં 'મોરારજી મિનિસ્ટ્રી' પણ કહેતા !

આ પ્રભાવ જેટલો એમની પ્રતિભાનો તેટલો જ એમની ઉગ્રતા અને આગ્રહીપણાનો પણ ખરો : પોતાને જે સત્ય લાગે તેને માટેનો મક્કમ અને અણનમ આગ્રહ, અને અનિષ્ટ માટેનો ઉગ્ર પ્રકોપ. લોકનજરમાં એમને અળખામણા બનાવનારી આ ઉગ્રતા અને આગ્રહીપણું, ઘણા માને છે તેમ, એમના સત્તાસ્થાનમાંથી નહિ, પણ મુશ્કેલી સામે બાથ ભીડનાર તેજસ્વી જીવનઘડતરમાંથી આવ્યાં છે.



મથાળે : (ડાબી બાજુ) શ્રી મોરારજી દેસાઈ વિલ્સન કૉલેજ–યુ. ટી. સી.માં વાઈસરૉયના કમિશન્ડ ઑફિસર હતા ત્યારે અને (જમણી બાજુ) ડેપ્યુટી કલેક્ટર હતા ત્યારે. ઉપર : (ડાબી બાજુ) મુંબાઈ ઈલાકાના ૧૯૩૮ના વચગાળાના પ્રધાન મંડળમાં મહેસૂલ પ્રધાન હતા ત્યારે (ફોટો : નરેન્દ્ર રાવળ) અને (જમણી બાજુ) મુંબાઈ રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા ત્યારે.

સુરત જિલ્લાના વલસાડ તાલુકામાં, ઔરંગા નદી અને અરબી સમુદ્ર વચ્ચેના એક ખૂણે આવેલા ભદેલી ગામના એક મધ્યમ વર્ગના કુટુંબમાં ઈ. ૧૮૯૬ના ફેબ્રુઆરીની ૨૯મીએ એમનો જન્મ થયો. એમના પિતા રણછોડજી નાગરજી દેસાઈ પણ બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા; પરંતુ પિતા (નાગરજી)ના અવસાનને લીધે ત્યારની પ્રીવિયસની પરીક્ષા પાસ કરીને તરત એમને અભ્યાસ પડતો મૂકી ભાવનગર રાજ્યમાં શિક્ષકની નોકરી લેવી પડેલી. જીવનના છેલ્લા દિવસોમાં તેમને માત્ર ૪૦ રૂપિયાનો પગાર મળતો. તેમનું વ્યક્તિત્વ બહુ વિશિષ્ટ ને સ્વભાવ ધર્મનિષ્ઠ હતો; એ જ રીતે મોરારજીભાઈનાં માતા વિજયાબહેનનો સ્વભાવ પણ સત્યનિષ્ઠ, દૃઢાગ્રહી ને સ્વમાન માટે મોતનો પણ સામનો કરવા તત્પર થાય તેવો હતો. મોરારજીભાઈના સ્વભાવમાંની ચીડિયાપણાની હદે જતી નીતિચુસ્તતા અને ઉગ્રતા એ બંનેના સ્વભાવનો વારસો છે.

મુરારિ–(મુર નામના રાક્ષસના અરિ એવા વિષ્ણુના નામ) પરથી પડેલા 'મોરાર' કે મોટે ભાગે 'મોરે' નામથી બાળપણમાં ઓળખાતા મોરારજી એ કાળથી જ ખૂબ ચબરાક અને હોશિયાર હતા. વલસાડની આવાબાઈ હાઈસ્કૂલમાં એ આગળપડતા વિદ્યાર્થી હતા; તેવા જ ઘેર અત્યંત પરિશ્રમી, આજ્ઞાપાલક અને વડીલો પ્રત્યે પૂજ્યભાવ ધરાવનાર બાળક હતા. ઘરના સૌથી મોટા પુત્ર તરીકે તે મા ને દાદીને દહીં વલોવવામાં મદદ કરતા, રસોઈ માટે લાકડાં ચીરતા અને ઢોરને પાણી પાવા પણ લઈ જતા. રોજ બ્રાહ્મમુહૂર્તે ઊઠતા, સંધ્યાવંદન કરતા ને જમતી વેળા અબોટિયું પહેરવાનો આગ્રહ રાખતા. આચારે ધર્મનિષ્ઠ, સ્વભાવે સત્યનિષ્ઠ અને જીવનમાં સાદા એ આદર્શ પુત્રથી એમના મામા તો એટલા પ્રસન્ન હતા કે એમને 'દેવ' કહીને જ બોલાવતા; ને આજે પણ એ નામે એમને બોલાવવામાં તેઓ ગર્વ અનુભવે છે.

અભ્યાસમાં સદાના તેજસ્વી મોરારજી ૧૫ વર્ષની વયે તો મૅટ્રિકમાં આવ્યા. પણ એ વખતના ધારા પ્રમાણે ૧૬ વર્ષની વય વિના મૅટ્રિકની પરીક્ષા આપી શકાતી ન હોઈ ને બીજે વર્ષે ૧૯૧૧માં તે મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા. એ વખતે એમનો નંબર પહેલા પચાસમાં હતો.

આવા જીવનની જાણે કસોટી કરવાની હોય તેમ, બરાબર એ જ વખતે એમના પર કુદરત રૂઠી : એમના પિતા રણછોડજીનું ૪૮ વર્ષની વયે અવસાન થયું અને ઘરના સૌથી મોટા પુત્ર તરીકે વૃદ્ધ દાદીમા, વિધવા માતા, ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોના બહોળા કુટુંબની જવાબદારી એમના ઊગતા ખભા પર આવી પડી. પૈસો ભેગો કરવામાં ધર્મનિષ્ઠ પિતાને રસ જ નહોતો, એટલે કુટુંબની સ્થિતિ નાજુક હતી. અધૂરામાં પૂરું પિતાએ દસ વર્ષની બાળા

સાથે એમનો વિવાહ પણ કરી રાખેલો, અને અગાઉની ગોઠવણ પ્રમાણે પિતાના અવસાન પછીના ૭૨ કલાકમાં જ એમનાં લગ્ન લેવાયાં!

પણ પ્રબલ ઈચ્છાશક્તિ અને પરિશ્રમી જીવન વડે એમણે એ કૂમળા ખભાને ખડતલ બનાવી જીવનનો ભાર વહ્યો. મુંબાઈની ગોકુલદાસ તેજપાલ બોર્ડિંગમાં મફત રહેવાની સગવડ મળતાં એમણે વિલ્સન કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો અને ત્યાં પણ એ જ ઉચ્ચ ધોરણ જાળવી રાખ્યું. ક્રિકેટ, ટેનીસ અને કૉલેજની બીજી પ્રવૃત્તિઓમાં પણ તે ભાગ લેતા. જીવનમાં સાદાઈ તો પ્રથમથી જ હતી, એટલે કૉલેજના સામાન્ય છેલબટાઉ જીવનથી ઊલટું અહીં એમણે શરીરને કસરત વડે કસે ચડાવ્યું અને અવારનવાર કુસ્તીમાં પણ ઊતરતા. ઉપરાંત કૉલેજ તરફથી ચાલતી હિંદ સંરક્ષણ દળ માટેની 'યુનિવર્સિટી ટ્રેઇનિંગ કોર્પ્સ'ની લશ્કરી તાલીમી ટુકડીઓમાં પણ તે જોડાએલા ને તેમાં વાઇસરૉયના કમિશન્ડ ઑફિસર બનેલા. એમનું મિત્રમંડળ બહોળું હતું અને પ્રાધ્યાપકોમાં પણ તે પ્રિય હતા. બીજી બાજુ, આર્થિક મુશ્કેલી ભોગવતા કુટુંબને મદદ કરવાનું પણ ચાલુ જ હતું.

ઈ. ૧૯૧૭માં મુખ્ય વિષય ફીઝિક્સ લઈને તે બી. એ.માં પહેલા વર્ગમાં ઑનર્સ સાથે પાસ થયા ને કૉલેજના દક્ષિણા ફેલો નિમાયા. દરમ્યાન ઈંગ્લૅંડ જવા માટે શિષ્યવૃત્તિનો પ્રસ્તાવ આવ્યો. તેઓ પણ આઈ. સી. એસ. થવા ત્યાં જ જવા ઈચ્છતા હતા; પરંતુ આર્થિક સ્થિતિ, કુટુંબની જવાબદારી અને નાના ભાઈઓના શિક્ષણના પ્રશ્નોએ તેમનો એ વિચાર પડતો મુકાવ્યો. એટલામાં તો તેમની આવી તેજસ્વી કારકિર્દીને લીધે તેમની પ્રાંતિક સિવિલ સર્વિસ માટે સીધી પસંદગી થઈ અને તે ડેપ્યુટી કલેક્ટર બન્યા.

બ્રિટિશ શાસનના એ કાળમાં પણ એ આદર્શવાદી જુવાન અમલદારે પ્રજાસેવાની જેટલી તકો મળી તે ઝડપી લીધી અને ખેડા, થાણા, ભરૂચ, પંચમહાલ અને અમદાવાદ; જ્યાં જ્યાં એમણે કામ કર્યું ત્યાં ત્યાંના લોકોનાં માન અને પ્રેમ જીતી લીધાં.

પણ ભાવિનું નિર્માણ કાંઈક જુદું જ હતું. એમના માટે કેવળ કલેક્ટરી નહિ પણ મહાઅમાત્યપદ લખાયું હતું, એટલે ગોધરાનાં કોમી રમખાણ અંગે એમના ઉપરીઓ સાથે એમને ઝગડો ઊભો થયો. મોરારજીએ જે કડક હાથે એ હુલ્લડને દાબી દીધું એ પગલું અધિકારીઓને ન રુચ્યું. તેમની વિરુદ્ધ ઉચ્ચ સત્તાવાળાઓને ફરિયાદો પહોંચી. તેઓ પોતે પણ સરકારની નીતિરીતિથી નિરાશ થયા હતા. બીજી બાજુ એ જ ગાળામાં ગાંધીજીએ વિખ્યાત દાંડીકૂચ આરંભી હતી અને રાષ્ટ્રીય લડત અણધાર્યો વેગ પકડતી જતી હતી.

આ બધી પરિસ્થિતિ જોઈને, એમણે આશાસ્પદ ભાવિની દરકાર કર્યા વિના ઈ. ૧૯૩૦ના મેની ૧૮મી તારીખે અમદાવાદમાં સરકારી નોકરીનું રાજીનામું આપી દીધું. તે વખતે વતનમાં તેમનો પુત્ર બીમાર હતો એટલે તેઓ ભદેલી જવા ઊપડયા; પરંતુ ત્યાં તો પુત્રના અવસાનના સમાચાર જ તેમની રાહ જોતા હતા. ૧૯૩૦ની ૨૧મી મેનો એ દિવસ: મૃત પુત્રની પાસે બેસી એમણે 'રઘુપતિ રાઘવ'ની ધૂન લગાવી. નોકરી અને પુત્ર બંને ગુમાવ્યાની આ સ્થિતિમાં પણ એમણે હૈયું કઠણ કરીને આંખમાં આંસુ સરખું આવવા દીધું નહિ.

લાગલા જ તેઓ હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)માં જોડાયા અને ત્રણ જ માસમાં ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી બન્યા. નોકરીમાંથી મુક્ત થતી વખતે પ્રૉવીડન્ટ ફંડની મળેલી થોડી રકમ સિવાય પાસે બીજી કાંઈ આવક તો હતી નહિ, એટલે અમદાવાદમાં જ પોતાના ભાઈ સાથે રહીને એમણે આખો સમય કૉંગ્રેસકાર્યને જ આપ્યો. ગુજરાતની કૉંગ્રેસની જે શિસ્ત અને શક્તિ હિંદભરમાં વખણાતાં આવ્યાં છે તેની પાછળનો સંગઠનનો યશ સરદારથી બીજે નંબરે એમને છે.

એ પછીનું એમનું જીવન જાહેરજીવન હોઈ મોટે ભાગે જાણીતું છે. ૧૯૩૦માં, જીવનમાં પહેલી વાર એમને ત્રણ માસ માટે જેલ મળી, અને જેની એમણે અમલદારી કરેલી એના જ કારાવાસમાં એ કેદી તરીકે ધકેલાયા. તે પછી ૧૯૩૨ અને '૩૩માં દોઢ અને બે વરસની સજાઓ મળી. જોકે જેલમાં પણ તે આદર્શ કેદી તરીકે જ વર્તતા. સારો ખોરાક મળતો તે છોડીને 'ક' વર્ગના દાળ રોટલા એમણે ઉમંગપૂર્વક ચાલુ રાખેલા, જેલના બધા નિયમો કડકપણે પાળતા ને સાબુને બદલે દિવેલ લગાવીને હજામત કરતા. જેલના અધિકારીઓ પણ તેમના પ્રત્યે માનભર્યો વર્તાવ રાખતા અને રાજદ્વારી કેદીઓની બાબતમાં તેમની સલાહ લેતા.

આ સમય દરમ્યાન એમને જીવનને સાદું અને તપોમય બનાવવા માત્ર શેતરંજી પર સૂવાનું શરૂ કર્યું, ખાંડ ખાવાની તદ્દન છોડી દીધી અને ત્રણ વરસનું અલૂણાવ્રત પાળ્યું. એક વખત અબોટિયાનો આગ્રહ રાખનાર 'ધર્મનિષ્ઠ' વિદ્યાર્થી એટલા વિશાળ અર્થમાં હિંદુ બન્યા કે સામાન્ય હિંદુત્વની નિશાની જનોઈનો પણ એમણે ત્યાગ કર્યો. પોતાના વાળ પોતાને હાથે જ કાપવા માંડયા અને સાપ્તાહિક મૌનનો કાર્યક્રમ શરૂ કર્યો. આમાંની મોટા ભાગની જીવનપદ્ધતિ આજે મુખ્ય પ્રધાન બન્યા પછી પણ એમણે ચાલુ રાખી છે. આજે સવારે ૭ વાગ્યે એ જાગે છે, થોડો સમય પ્રાર્થના કરે છે, વીસેક મિનિટ સુધી કસરત કરે છે, સમય મળે તો એકાદ કલાક કાંતે છે, અઠવાડિયે એક ઉપવાસ કરે છે, રસોયો રાખતા નથી, હજી પણ કેશ હાથે કાપે છે ને ખાંડ ખાતા નથી. દિનભરના ભરચક કાર્યક્રમ પછી રાત્રે ૧૧ વાગ્યે હજીયે માત્ર શેતરંજી ઉપર જ નિદ્રાધીન થાય છે.

રાષ્ટ્રીય લડતમાં તે જેમજેમ ઓતપ્રોત થતા ગયા તેમતેમ ગાંધીવાદી વિચારસરણીની વધુ ને વધુ નજીક જતા ગયા. ગુજરાતના ગામેગામ પ્રવાસ કરી તેમણે ઘેરઘેર કૉંગ્રેસનો સંદેશ પહોંચાડયો, અને જે જનતામાં અમલદાર તરીકે લોકપ્રિયતા મેળવી હતી તેથી વધુ વિશાળ જનતાના પ્રેમ અને માનના તે ભાજન બન્યા.

અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિના સભ્ય તો તે ૧૯૩૦થી જ થયા હતા. ત્યારથી ધીમે ધીમે રાષ્ટ્રના રાજ્યક્ષેત્રમાં પણ તેમનું સ્થાન ગણનાપાત્ર થતું ગયું, અને સરદારની પછી કૉંગ્રેસ કારોબારીમાં તેમને લેવામાં આવ્યા તેમજ કૉંગ્રેસનું ખજાનચીપદ પણ તેમને મળ્યું.

૧૯૩૭માં સુરત જિલ્લા ગ્રામમતદાર વિભાગમાંથી તે ધારાસભામાં ચૂંટાયા અને એ સાલમાં કૉંગ્રેસે જે પહેલાં પ્રધાનપદ સ્વીકાર્યાં તેમાં તરત જ એ મહેસૂલ ને જંગલખાતાના પ્રધાન થયા. ૧૯૩૯માં કૉંગ્રેસે પ્રધાનપદ છોડી દીધાં તે સાથે ફરી એમણે કૉંગ્રેસનું કામ ઉપાડી લીધું ને ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી ફરી જેલ ગયા. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળ પછી ૯મી ઑગસ્ટની દેશવ્યાપી ધરપકડોમાં એમની પણ થઈ ને ૧૯૪૫ સુધી તે અટકાયતમાં રહ્યા, જ્યાંથી છૂટયા બાદ ૧૯૪૬માં ફરી મુંબઈ ધારાસભામાં ચૂંટાઈ આવીને મહેસૂલી પ્રધાન ઉપરાંત ગૃહપ્રધાન બન્યા.

એમનાં બે વખતનાં પ્રધાનપદ દરમ્યાન, ડેપ્યુટી કલેક્ટર તરીકેનો સરકારી તંત્ર–સંચાલનનો એમનો અનુભવ અને એમનું તલસ્પર્શી જ્ઞાન ઘણાં ઉપયોગી નીવડયાં અને મહેસૂલી વહીવટમાં એમણે કેટલાક ક્રાંતિકારક સુધારા કર્યા. એમણે દાખલ કરેલો ગણોતધારો, પોલીસ અને જેલખાતાના વહીવટી સુધારા, ભાડાનિયમનધારો, દ્વિપત્ની પ્રતિબંધક કાયદો, ધિરાણધારો અને દારૂબંધી વગેરે માટે એમને યશ અને અપયશ બંને મળ્યાં છે અને પ્રબળ વિરોધ સામે એ પોતાની સ્વભાવસિદ્ધ અડગતાથી મક્કમ પણ રહ્યા છે.

રાજ્યના ગૃહ અને મહેસૂલી જેવાં બે મોટાં અને મહત્ત્વનાં ખાતાંઓનો બેશુમાર બોજો

સાથે હોવા છતાં અવિશ્રાંત કાર્યશક્તિ, અજબ હૈયાઉકલત, આદર્શ માટેનો દૃઢાગ્રહ ને જન્મજાત એવી વહીવટી દક્ષતા દાખવીને એમણે જે મજબૂત હાથે મુંબાઈ રાજ્યને કોમી હુલ્લડો અને આંતરિક અશાંતિમાંથી ઉગારી લીધું છે એની કિંમત તો બીજાં રાજ્યોની સ્થિતિ સાથે સરખામણી કરીએ ત્યારે સમજાય. ભારતભરનાં રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની એમની શક્તિની બૂજ ઘણી ઊંચી અંકાય છે.

અણીશુદ્ધ પ્રામાણિકપણું, અંગત જીવનમાં કડક સાદાઈ, ને દક્ષતાભર્યો મક્કમ તંત્રવહીવટ એ એમના ગુણોનો નિર્વિવાદ સ્વીકાર કરવા છતાં તટસ્થ માણસને પણ ઘણી વાર દ્વિધામાં નાખી દેતો ઉગ્ર સ્વભાવ ધરાવનાર મોરારજીભાઈ સામાન્ય અર્થમાં 'લોકપ્રિય' ન થયા હોય તો એમાં કોનો દોષ એ શોધવું મુશ્કેલ નથી.

આજ સત્તાવન વર્ષની વયે પણ એ જુવાન લાગે છે. શરીર સુંદર સુદૃઢ અને એમના હાથમાંની લાકડી જેવું ટટ્ટાર છે. એવો જ અક્કડ એમનો અવાજ અને સત્તાવાહી એમનો સ્વભાવ છે. એની પાછળ આદર્શવાદે ઘડેલા જીવનનું અને મેળવેલી સત્તાનું પીઠબળ છે. ઊણપો પ્રત્યેની અસહિષ્ણુતા એમને ઘણી વાર અણઘટતા ઉગ્ર બનાવે છે. ઘણાની વાતોમાં એમને પહેલી નજરે ભૂલો જડે છે અને સખ્ત જડતી લઈ નાખે છે. પરંતુ કોઈ એમને સહેજ વારે તો એ સહેલાઈથી વળે છે. શરત એટલી કે એમનો આવેગ ઝીલી લેવો જોઈએ; એમના તરફ પડકાર કે દ્વેષભાવ નથી એ સ્પષ્ટ થવું જોઈએ. નમતું જોખવાની, ચલાવી લેવાની, છૂટ મૂકવાની એમને ટેવ નથી. મોટાની મોટાઈ કે નાનાની ઊણપ એમને ચાલતી નથી. અંગત જીવનમાં એમણે તપસ્વીની કડક સાદાઈ રાખી છે. સ્વાદ નહિ, રાગ નહિ, શૉખ નહિ. બીજાને સુધારવાની એમને સ્વાભાવિક ઇચ્છા થાય, પરંતુ બીજા સમજે કે વર્તનમાં ઉતારતાં ઢીલ કરે એ એમને ન પોસાય. એ બોલે છે ચેતવણીરૂપે, ત્યારે લોક માને છે ધમકીરૂપે અને ગભરાય છે ને ગુસ્સો કરે છે.


રચનાત્મક કાર્યોવાળા એમને પોતાના ગણે છે. ગ્રામોદ્યોગમાં એ ખરા; કાંતણયજ્ઞમાં યે ખરા, હિંદુસ્તાની પ્રચારમાં, ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય શાળાઓમાં, હરિજનસેવા કામોમાં, નવજીવન ટ્રસ્ટમાં, એમ કૈંક પ્રવૃત્તિઓ સાથે એ સંકળાએલા રહે છે. સત્તા ને સેવા વચ્ચેની સમતુલા એ સાચવતા લાગે છે. પરિણામે સેવા એમની ઢાલ બની રહી છે ને સત્તા એમની તલવાર. જ્યાં જે વેળાએ ધરવા યોગ્ય ત્યાં એ ફાવતું સાધન વાપરે છે.

પણ આટલી બધી સત્તા અને શિસ્ત છતાં તે જેનું યોગ્ય વાહન બની રહે એવાં સ્વપ્નાં છે ખરાં? ગુજરાતની અસ્મિતા, એના ઉમંગના થડકાર, એના ગૌરવનો ઉલ્લાસ ક્યાં છે? એના વાણિજ્યની શુદ્ધિ, એના ધર્મને નવપલ્લવિત કરવાની, એના ઘડતરમાં પ્રાણ પૂરવાની, એના શિક્ષણમાં બળ અને એના સૌંદર્યનો વિકાસ કરવાની—ભાવિ ગુજરાતનું સ્વપ્નું ઘડવાની પ્રવૃત્તિ ક્યાંય જણાય છે ખરી? કે પછી એમને ગુજરાતના મટી જઈને સમગ્ર ભારતવર્ષના જ થવું છે? □

શતરંજના કોયડા .... સુરેશ મોદી

ગયા અંકમાં આપણે બે ચાલવાળો Help-mate કોયડો જોયો. આ અંકમાં એક વિશેષ પ્રકારનો Help-mate કોયડો — Series Help-mate—જોઈશું. તેના ઉકેલમાં કાળો એક સાથે (વચ્ચે સફેદની એક પણ ચાલ વિના) જણાવેલી ચાલ ચાલે છે. અને તે પછી સફેદ એક જ ચાલમાં મ્હાત કરે છે.

M. Parthasarathy



Series Help-mate in 8
(with Set-mate)

Help-mateની જેમ Series Help-mateમાં પણ કાળો સફેદને કાળા રાજાને મ્હાત કરવામાં મદદ કરે છે. આથી ઉકેલમાં વિકલ્પ હોતા નથી. અહીં પણ કોયડાને રસમય બનાવવા Set-mate આપેલ છે. Set-mate 1..., O-O. અહીં 1..., Rf1થી મ્હાત નથી. g2 પરના ઘોડાના રક્ષણ માટે રાજાનું E1 પર હોવું જરૂરી છે.

ઉકેલ: 1 K×g2, 2 Rf3, 3 KE3, 4 Kd4, 5 Kc3, 6 K×b2, 7 Kc1, 8 Pb2 એમ કાળાની આઠ ચાલ પછી 1..., KE2. અહીં 1..., O-Oથી મ્હાત નથી. d2ના કાબૂ માટે રાજાનું E2 પર હોવું જરૂરી છે.

આ સુંદર કોયડાના રચનાર શ્રી પાર્થસારથીનો 'કુમાર'ના વાચકોને પરિચય હશે જ. ભારતના કોયડા વિશેષજ્ઞ તેમજ કોયડારચનારામાં તેમનું સ્થાન મોખરે છે. તેઓ IAAS (Indian Accounts and Audit Service)-માં છે અને અમદાવાદમાં State Transportમાં મુખ્ય અધિકારી તરીકે રહી ચૂકેલા છે. શ્રી રવિશંકર રાવળના અમૃત મહોત્સવનિમિત્તે નીકળેલા ખાસ અંકમાં તેમના માનાર્થે R આકારનો એક ખાસ કોયડો શ્રી પાર્થસારથીએ રચી મોકલ્યો હતો એ ઘણા વાચકોને યાદ હશે.

આ કોયડામાં Set-mate તેમજ ઉકેલમાં હાથીથી મ્હાત થાય છે. એકમાં કિલ્લેબંધીથી જ મ્હાત થાય છે જ્યારે બીજામાં કિલ્લેબંધીથી શક્ય નથી તે બહુ સુંદર રીતે દર્શાવાયું છે.

નૃત્ય-વિવેચક શ્રી સુનીલ કોઠારીને પીએચ.ડી.

'કુમાર'ના પરિચિત તરુણ નૃત્યતજ્જ્ઞ શ્રી સુનીલ કોઠારીને તેમના મહાનિબંધ 'નૃત્ય-નાટ્ય પરંપરા અને રસસિદ્ધાંત' માટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી આપી છે. તેમણે શ્રીમતી અંજલિ મેઢના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ તૈયાર કર્યો હતો અને ડૉ. શ્રીમતી કપિલા વાત્સ્યાયન તથા ડૉ. વી. રાઘવનનું પણ માર્ગદર્શન મેળવ્યું હતું.



છેલ્લા બે દાયકાથી ભારતનાં શાસ્ત્રીય તથા લોકનૃત્યો પર અભ્યાસપૂર્ણ લેખો તેઓ 'કુમાર'-માં લખતા રહ્યા છે. નૃત્યવિવેચન માટે તેમને ૧૯૫૯નો 'કુમારચંદ્રક' આપવામાં આવ્યો હતો. છેલ્લાં અનેક વર્ષોથી તેમણે ભારતનાં વિવિધ સ્થળોની મુલાકાત લઈ તે તે સ્થળોનાં નૃત્યોનો સન્નિષ્ઠ અને ઊંડો અભ્યાસ કર્યો છે.

ડૉ. મુલ્કરાજ આનંદ સંપાદિત 'માર્ગ' કલા-સામયિકના વિશેષાંક 'છાઉનૃત્યો'નું સંપાદન તેમણે કર્યું હતું. તેની વિશેષ ગુણવત્તાને લક્ષમાં લઈ ૧૯૬૯માં બ્રિટિશ કાઉન્સિલ તરફથી તેમને યુરોપના પ્રવાસે જવા નિમંત્રણ મળેલું. ત્યાર પછી વર્ષોવર્ષ તેમણે યુરોપ, રશિયા તથા અમેરિકાના પ્રવાસો ખેડી આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં નૃત્ય પર વ્યાખ્યાનો આપ્યાં છે. યુનેસ્કોના આંતરરાષ્ટ્રીય નૃત્યવિભાગના તેઓ સભ્ય છે. પશ્ચિમ બર્લિનમાંથી છાઉનૃત્યો પર તેમનું પુસ્તક યુનેસ્કો ટૂંકમાં પ્રકટ કરનાર છે. હાલ તેઓ 'માર્ગ' માટે ભરતનાટ્યમ્ પુસ્તકનું સંપાદન કરી રહ્યા છે.

વ્યવસાયે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ હોવા છતાં નૃત્યમાં તેમનો રસ અખૂટ છે. મુંબાઈની સિડનહામ કૉલેજમાં પૂર્વે તે ગુજરાતીના પ્રાધ્યાપક હતા, અને હવે તે ઍકાઉન્ટ્સના પ્રાધ્યાપક છે. દેશના ગણ્યાગાંઠ્યા નૃત્ય તજ્જ્ઞોમાં તેમનું મહત્ત્વનું સ્થાન છે. તેમનો મહાનિબંધ યુનિવર્સિટીએ પ્રકટ કરવાનું નક્કી કર્યું છે. □

કલાવાર્તા

સ્વ. વિનાયક માસોજી

બંગાળના કલાક્ષેત્રે નવો જુવાળ પ્રકટ્યો હતો એ કાળે શાંતિનિકેતનની તાલીમમાં જે નવા કલાકારો પાક્યા તેમાં વિનાયક માસોજી-નું સ્થાન આગળ હતું. ગયા માસમાં પોતાના વતન નાગપુરમાં ૮૦ વર્ષની વયે એમનું અવસાન થતાં શુદ્ધ ભારતીય પ્રણાલિએ ચિત્રકામ કરતા એક અગ્રણી કલાકારની ખોટ પડી છે.

ઈસાઈ પાદરી પરિવારમાં એમનો જન્મ થયો હતો. પિતાની ઈચ્છા તો એમને પણ એ જ માર્ગે વાળવાની હતી, પણ નાના વિનાયક-ની અભિરુચિ કલા પ્રત્યે હતી. એમનો મોટા ભાગનો સમય ચીતરવામાં જતો અને ઘરમાં એ માટે અવારનવાર આકરી ટીકા સાંભળવી પડતી. અંતે ઘરની પરિસ્થિતિ પોતાને સાનુકૂળ થઈ શકે તેમ નથી એમ જણાતાં ઘર છોડી તેઓ મુંબાઈ પહોંચી ગયા અને ત્યાંની જાણીતી કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં કલાભ્યાસ માટે દાખલ થયા; અને ત્યાં આર્થિક તેમજ અન્ય અનેક મુશ્કેલીઓ વેઠી લઈને પણ એમણે પોતાનાં સીમિત સાધનો વડે એ કલાની અવિરત સાધના કરી, એટલું જ નહિ, એમાં ખ્યાતિ પણ પ્રાપ્ત કરી. પરંતુ મુંબાઈની નિતનવી કલાપ્રણાલિઓ અને વિધવિધ પ્રભાવોની વચ્ચે એમનો ભારતીયતાનો ચુસ્ત આગ્રહ અકળાવા લાગ્યો. મુંબાઈ છોડી શાંતિનિકેતન જેવી સાધનાભૂમિમાં રહીને કામ કરવાની એમને ઈચ્છા થવા લાગી અને ઘણા પ્રયત્નોને અંતે પિતાના એક મિત્ર દ્વારા દીનબંધુ ઍન્ડ્રુઝ પર એક ભલામણપત્ર મેળવી લઈ તેઓ શાંતિનિકેતન પહોંચી ગયા. ત્યાં તેમણે કલાગુરુ નન્દબાબુ પાસેથી કલાની સૂક્ષ્મતાનો મર્મ પામી લઈને નિજી મૌલિકતાનો વિકાસ સાધ્યો. અને પછી ત્યાં જ કલાનું અધ્યાપનકાર્ય આરંભી આગળ જતાં ત્યાંના કલા–કારીગરી વિભાગના વાઈસ પ્રિન્સિપલના પદે પહોંચેલા. શાંતિનિકેતનના કલાભવન અને ચીનભવનમાં અજંતાનાં ચિત્રોની પ્રતિકૃતિઓ સહિત અનેક સુંદર ભીંતચિત્રો બનાવ્યાં હતાં. જબલપુરમાં શહીદ સ્મારક માટે બનાવેલું એમનુ એક વિશાળ ભીંતચિત્ર પણ બહુ ખ્યાતિ પામેલું છે. ખડતલ શરીરસંપત્તિ, પ્રકૃતિપ્રેમ અને યાયાવર વૃત્તિથી પ્રેરાઈ એમણે વારંવાર પ્રવાસો કરીને આખો દેશ જોઈ નાખ્યો હતો. હિમાલયની એમની યાત્રાના પરિપાક રૂપે એમણે ત્યાંનાં અનેક સુંદર દશ્યચિત્રો સર્જ્યાં હતાં. બધી મર્દાની અને મેદાની રમતોના શોખીન હોવા સાથે તેમણે સંગીતની ઉપાસના પણ કરેલી અને અવકાશના સમયે તેઓ દિલરૂબાના સૂરમાં ખોવાઈ જતા.



સારંગીવાદક · માસોજીની એક કૃતિ

ચિત્રકલામાં તેઓ વિશુદ્ધ ભારતીયતાના આગ્રહી હતા. કૃત્રિમતા, અનુકરણ અને વાદનાં બંધનોમાં જકડાએલી કલા પ્રત્યે એમને નફરત હતી. આધુનિક ચિત્રશૈલીના ચવિત્રા પ્રયોગોને તેઓ દિશાશૂન્ય પ્રયાસ સમા લેખતા. એમને લાગતું કે આવા પ્રયાસોમાં ન તો ભારતીય કલાના આદર્શો સચવાય છે કે ન તો બહારી તત્ત્વોને આત્મસાત્ કરી શકાય છે. આવી શંકાકુલ કલાસ્થિતિ એમને અસ્તવ્યસ્ત લાગતી. પોતાની કલામાં તેઓ સૌંદર્યશોધની સાથે કલાની ભાવનાનું અવતરણ કરવા મથતા. જો કે ભાવુકતાજન્ય ઉત્તેજના એમાં નથી, પણ ઉર્જસ્વી ભાવબોધની દૃષ્ટિએ એમાં સમગ્ર દિશાવ્યાપી સૌંદર્ય પકડવાનો પ્રયાસ જોવા મળે છે. કલાત્મક અભિવ્યંજના અને સરલતમ દેશી પદ્ધતિથી એમણે જલરંગ, તૈલરંગ, ટેમ્પેરા વગેરે રંગ-માધ્યમો વડે તથા બંગાળની 'વૉશ' પદ્ધતિથી પોતાનું ચિત્રસર્જન કરેલું છે. ઈ. ૧૯૩૩માં નાગપુર, '૩૪માં કરાચી અને '૪૮માં શાંતિનિકેતનમાં પોતાની કૃતિઓ પ્રદર્શિત કરવા ઉપરાંત દેશવિદેશમાં અવારનવાર ચિત્ર-પ્રદર્શનોમાં તે ભાગ લેતા રહેતા.

સ્વભાવે તેઓ વિનમ્ર અને શીલવાન વ્યક્તિ હતા. આજીવન અપરિણીત રહી શાંતિનિકેતનથી આવ્યા બાદ નાગપુરની ગીચ વસ્તીથી દૂર એક નિર્જન ખૂણે બહુ નાના એવા ઝૂંપડી સમા ઘરમાં એમણે પોતાનો આવાસ રાખેલો.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૧)

સાહિત્યસંપર્ક

બૃહદ ગુજરાતી કોશ: ગ્રંથ ૧

ધીરુ પરીખ

ગુજરાતી ભાષામાં કોશપ્રવૃત્તિ ઈસુની ઓગણીસમી સદીના છેક આરંભથી થતી આવી છે. ત્યારથી લઈને પ્રસ્તુત કોશ પ્રકટ થાય છે તે વચ્ચેના લગભગ પોણા બસો વર્ષના ગાળામાં અનેક નાનામોટા કોશ બહાર પડચા છે. આ સૌમાં 'ભગવદ્ ગો-મંડળ'–કોશ અદ્યપિ બૃહત્તમ રહ્યો છે. પરન્તુ એ અપ્રાપ્ય બનતાં, 'સાર્થ જોડણીકોશ'ની અધૂરપ કંઈક અંશે પૂરી કરે એવા ઈરાદાથી, મુખ્યત્વે 'ભગવદ્ગોમંડળ' કોશને આધારે એક બહદ્ કોશ આપવાની યોજનાના ફળરૂપે આ કોશનું પ્રકાશન થાય છે ત્યારે એ એક આવકાર્ય પ્રકાશન છે એમ અનુભવાય છે. હજુ તો આ એનો પ્રથમ ખંડ જ છે, જેમાં સ્વરો અને ક–ચ–ટ વર્ગના વ્યંજનો સુધીના શબ્દો આપવામાં આવ્યા છે. એનો બીજો ખંડ બહાર આવશે ત્યારે તે સંપૂર્ણ થશે.

આ કોશનું સંપાદન જાણીતા વિદ્વાન વ્યાકરણવિદ્ કે. કા. શાસ્ત્રીએ કર્યું છે. આમ, એક અધિકારીને હાથે થએલા એકહથ્થુ સંપાદનમાં એકહથ્થુપણાનાં લાભ-હાનિ બન્નેનો સ્પર્શ આ ગ્રંથને મળ્યો છે તે જોઈ શકાશે. સંપાદન-પદ્ધતિમાં સંપાદકની દષ્ટિ, ઉચ્ચારણો વિશેની એમની માન્યતા વગેરેનો પડઘો પડચા વગર રહ્યો નથી. દા. ત. 'ઉત્તેજવું' શબ્દ પછી કૌંસમાં 'સં. તત્સમ' લખ્યું છે. આમાં સંસ્કૃત લખ્યા પછી 'તત્સમ'ની આવશ્યકતા ખરી? એવો પ્રશ્ન થાય ખરો. તો 'કલગી' જેવા શબ્દને ૧, ૨, એમ વિવિધ પંક્તિઓમાં દર્શાવવાને સ્થાને સળંગ રીતે વિવિધ શબ્દાર્થો આપ્યા હોયતો સ્થળબચાવની શકયતા ઊભી કરી થોડા વધુ શબ્દો સમાવી શકાય એમ પણ લાગે.

આ જ રીતે પ્રદેશભેદે ઉચ્ચારણના ભેદોને અનુસરીને પણ એમણે જે વિવિધ જોડણી આપી છે તે પણ એના યથાર્થ વિષે પ્રશ્ન કરવા પ્રેરે તેવી બાબત છે; તો 'કલચૂરિ' શબ્દ કે જે દક્ષિણ ભારતના એક રાજવંશનો સૂચક છે તે અને તેવા બીજા શબ્દો કોશમાં કઈ રીતે—એના આ કદને જોતાં–સ્થાન પામી શકે તે ચર્ચાસ્પદ મુદ્દો છે. શાસ્ત્રીજીએ આ કોશને સમૃદ્ધ બનાવવા અનેક પ્રચલિત અંગ્રેજી શબ્દોનો પણ સમાવેશ કર્યો છે. આ અભિગમ આવકાર્ય છે જ, પણ એનો અતિરેક થાય અને 'ચર્ચ' જેવો અતિપરિચિત અને જોડણીની દષ્ટિએ અતિસરલ શબ્દ અંદર જોવા મળે ત્યારે આશ્ચર્ય થયા વગર રહેતું નથી.

આમ છતાંય, 'ભગવદ્ગોમંડળ' કોશના બિનજરૂરી પ્રસ્તારને ગાળી સઘન રૂપે તેને રજૂ કરવાની પ્રકાશકોની મુરાદ અહીં કઈક અંશે—કંઈક અંશે એટલા માટે કે તે સંપૂર્ણપણે ભગવદ્ગોમંડળ કોશને અનુસરતો લાગતો નથી—બર આવી છે. આથી, ગુજરાતી વાચકોને એક મહત્ત્વનો સહાયક ગ્રંથ પ્રાપ્ત થયાનું આશ્વાસન લેવાની પરિસ્થિતિ સર્જાઈ છે એમાં ના નહિ. વળી પ્રત્યેકભાષાના કોશ પરથી તેભાષાની સમૃદ્ધિનો ખયાલ મળી રહે તે ન્યાયે આ કોશ પણ આપણી ભાષાની સમૃદ્ધિ પ્રથમ કોશના પ્રાકટચ સમય કરતાં કેટલી વધી છે તેનો પણ નિર્દેશ કરી રહે છે. આવો કોશ ખૂબ ઉપયોગી હોવાથી સંસ્થાઓ તો વસાવે જ, પણ વ્યક્તિઓને ય વસાવવાની ભલામણ કરી શકાય. જોકે અંગ્રેજી ભાષાના જાણીતા કોશોની સસ્તી આવૃત્તિ–માત્ર નાની જ નહિ–વ્યક્તિના લાભાર્થે થતી હોય છે તેવું કંઈક આ પ્રકારના કોશ માટે વધુ અનુદાન મેળવીને પણ જો કરી શકાય તો પ્રકાશક સંસ્થાને એક અનિવાર્ય ગ્રંથના વધુ પ્રસારકાર્યનું શ્રેય લેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય. (પ્ર. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, વિતરક: બાલગોવિંદ બુકસેલર્સ, બાલાહનુમાન સામે, ગાંધીરોડ અમદાવાદ–૧; પાકું પૃ. ૧૦૪૦, કિ. બંને ગ્રંથના મળી રૂ. ૧૦૦–બીજો ગ્રંથ પણ લગભગ આટલો જ ૧૦૦૦ ઉપરાંત પૃષ્ઠનો થશે.)

શબ્દકથા: ઓસામણ · પસાવન · સ્ટ્રીમ

દાણો ચડી જાય એટલે વધારાનું પાણી નિતારી નાખવું તે ઓસાવવું કે ઓસવવું. સંસ્કૃત **अवस्त्रावयति**, પ્રાકૃત **अवसावइ**, પછીથી ઓસાવે. જેમ ગભરાવું વગેરે ઉપરથી ગભરામણ વગેરે નામ બન્યાં, તેમ ઓસાવવું ઉપરથી ઓસામણ. તે ઓસાવવાની ક્રિયાના પરિણામ રૂપ પાણીની બનેલી વાની માટે પણ પ્રચલિત છે: ભાતનું, દાળનું, મગનું ઓસામણ. પ્રાકૃતમાં **अवसावण**નો આવો જ અર્થ થતો.

હિંદીમાં ઓસામણ માટે **पसावन** કે **पसाव** છે; અને **पसाना** એટલે 'ઓસાવવું'. આ શબ્દોના મૂળમાં સંસ્કૃત **प्रसावण** અને **प्रसावयति** છે. ગુજરાતી અને હિંદી શબ્દોના મૂળમાં ધાતુ એક જ છે, ઉપસર્ગો જુદા છે. સંસ્કૃત **स्रु** એટલે 'વહેવું' અને તેનું પ્રેરક રૂપ **स्रावय्** એટલે 'વહેવડાવવું'. આ ધાતુ ઉપરથી બનેલ **स्रोत** 'પ્રવાહ, ઝરો' અને **स्राव** (જેમ કે **रक्तस्राव**માં) આપણે વાપરીએ છીએ.

આ શબ્દો વિષે એક રસપ્રદ હકીકત એ છે કે કેટલાક લોકો એ શબ્દોના **स्त्रोत** અને **स्त्राव** એવા ઉચ્ચાર કરે છે, એટલે કે શબ્દને આરંભે રહેલા **स्** અને **र्**ની વચ્ચે **त्** ઉમેરી દે છે. આવું જ **सहस्र**ના વ્યાપકપણે કરાતા **सहस्त्र** એવા ઉચ્ચારમાં પણ થાય છે. **स्र्** ને સ્થાને **स्त्र्** ઉચ્ચારવાનું આ વલણ અન્ય ભાષાઓના ભાષકોમાં પણ જોવા મળે છે. જેમ કે અંગ્રેજી સ્ટ્રીમ 'પ્રવાહ, ઝરણું'નો મૂળ ધાતુ સંસ્કૃત **स्रु**નો જ સગોત્ર છે, એટલે સ્ટ્રીમમાં પણ દંત વ્યંજન આગંતુક છે.

હરિવલ્લભ ભાયાણી

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

વોરા ઍન્ડ કં.
ગાંધી ચેમ્બર્સ ગાંધીમાર્ગ અમદાવાદ–૧

સાંજ ઢળે: મિસિસ પ્રીતિ દેસાઈના વિલક્ષણ અને વિચક્ષણ પાત્રની આસપાસ આકાર લેતી આ લઘુનવલમાં એના સર્જક શ્રી મોહનલાલ પટેલ સસ્પેન્સ જમાવવાના મોહમાં પડી ના ગયા હોય તો પુરુષના સાચા પ્રેમની ભૂખી એક નારીના અંતઃસ્તલમાં વાચકને ડોકિયું કરાવી શકયા હોત. આમ છતાં ચંદ્રશેખર, અભિજિત, રીના, મૃણાલ, બંસીલાલ, સુમિત્રાબેન વગેરે પાત્રોને આટલી નાની કથાસૃષ્ટિમાં પણ સુરેખ આકાર આપી શકવા બદલ લેખકને અભિનંદન ઘટે છે. સંકલના, સંવાદ, પ્રસંગાલેખન ને શૈલીની દષ્ટિએ પણ કૃતિ રસપ્રદ બની છે. (પૃ. ૨૬૭, પાકું, રૂ. ૧૨–૭૫.)

ખેલ: કલા દ્વારા પોતાને પામવા પ્રયાસ કરતા એક ચિત્રકાર અને સાહિત્ય દ્વારા પ્રતિષ્ઠા પામવા ઈચ્છતા એક મહત્ત્વાકાંક્ષી લેખક વચ્ચે રહેંસાતી એક સંવેદનશીલ અનાથનારીના જીવનની આ કરુણ કથામાં ગુજરાતી સાહિત્યમાં (અથવા કોઈ પણ પ્રદેશના સાહિત્યમાં) ચાલતા રાજકારણના અખાડા પરના કટાક્ષો એ તો માત્ર આડવાત છે, આનુષંગિક બાબત છે. લેખકને જે ધ્વનિત કરવું છે એ તો છે સાહિત્યના અથવા કલાના પ્રયોજન અંગેની પોતાની

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રીમતી કપિલાબહેન ખાંડવાળા

૧. કેળવણી એટલે? અને એમાં કોઈ સુધારા કરવા જેવું ખરું?

ઉ. બાળકોનો સર્વાંગી વિકાસ સાધે એ જ ખરી કેળવણી. એમાં વાલીઓના સહકારની પણ અપેક્ષા ખરી. આવી કેળવણીમાં પાંચમા ધોરણથી ઔદ્યોગિક, તાંત્રિક ને ખેતીપ્રધાન શિક્ષણ હોવું જોઈએ. વળી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની વચ્ચે સંકલન હોવું જોઈએ. આ માટે રાજ્ય દ્વારા જ શાળાઓનું સંચાલન હોય તો સરળતા રહે. અને દરેક સ્તરે શિક્ષણ મફત યા ઓછામાં ઓછું ખર્ચાળ હોવા સાથે વિદ્યાર્થીઓના પ્રમાણમાં હજી ઘણા વધુ શિક્ષકો હોવા જોઈએ.

૨. કેળવણીની દૃષ્ટિએ આપને કયો દેશ વધુ પ્રગતિશીલ લાગે છે?

ઉ. સમાજવાદી દેશો મને વધારે પ્રગતિશીલ લાગ્યા છે. ત્યાં સર્વસામાન્ય કેળવણી ફરજિયાત અને મફત છે. ખાસ કરીને તેઓ વૈજ્ઞાનિક અને તાંત્રિક શિક્ષણ પર ભાર મૂકે છે અને તેમાં છોકરા છોકરીઓને સમાન તક મળે છે.

૩. જગતના કયા બે કેળવણીકાર આપને સવિશેષ ગમ્યા છે?

ઉ. મહર્ષિ કર્વે, જેમણે સ્ત્રીશિક્ષણને આપણે ત્યાં વ્યાપકપણે પ્રસાર્યું. બીજા કુપસ્કાયા, જેમણે રશિયાને સાક્ષરતા આપી.

૪. આપના પ્રિય લેખક, પ્રિય પુસ્તક અને પ્રિય પાત્ર?

ઉ. લેખક ગોવર્ધનરામ. એમનું 'સરસ્વતીચંદ્ર', ને એમાંનું કુમુદસુંદરીનું પાત્ર મારાં પ્રિય છે. લેનિન શાંતિ પારિતોષિકના વિજેતા આફ્રિકાના જીલ માર્ટિન એ મારા બીજા પ્રિય લેખક છે.

૫. જગતની અગ્રગણ્ય નારીઓમાંથી આપને કોનાં વ્યક્તિત્વ સવિશેષ ગમ્યાં છે?

ઉ. દેશપ્રેમ, બલિદાન ને સાક્ષરતા માટે સરોજિની નાયડુ, નિર્ભયતા અને દેશનું સંગઠન કરી એને સમાજવાદને માર્ગે વાળવા માટે ચીનનાં માદામ સુન ચિંગ લિંગ (સુન યાત સેનનાં વિધવા) અને ફ્રાન્સનાં યુજિની કૉટો, જેમણે ફાસીઝમનો સામનો કરી શાંતિનો સંદેશ પ્રસાર્યો, તથા પ્રથમ સ્ત્રી-અવકાશયાત્રી રશિયન વૅલેન્ટિના ટૅરેસ્કોવા.

૬. આજની સ્ત્રીના પુરુષ સમોવડી થવાના પ્રયાસોને વિષે આપનું મંતવ્ય કેવું છે?

ઉ. સ્ત્રી પુરુષ સમોવડી બને એમાં કંઈ ખોટું નથી, પણ એટલા ખાતર પુરુષ સાથે સ્ત્રી સ્પર્ધામાં ઊતરે એ મને બરાબર લાગતું નથી.

૭. સ્ત્રીના સૌન્દર્ય માટે પ્રસાધનોને આપ મહત્ત્વ આપો છો ખરાં?

ઉ. સ્ત્રી સૌન્દર્યને ખીલવવા પ્રસાધનોની આવશ્યકતા મને લાગતી નથી. સ્ત્રીનું ખરું સૌન્દર્ય એનાં સ્વાસ્થ્ય, કાર્યશીલતા અને આભિજાત્યમાં છે.

૮. આપને મન જિંદગી એટલે? ઉ. જીવવું અને જીવવવું.

કપિલા ખાંડવાળા

જન્મ: ઑગસ્ટ, ૧૯૦૬. મુંબાઈમાં બી.એ. બી.ટી., એમ.એ. (યુ.એસ.એ.) પ્રથમ ગુજરાતી મહિલા બી.ટી., ૧૯૪૧માં બૉમ્બે મ્યુનિસિપલ કૉર્પો.ની સ્કૂલ કમિટીના મંત્રી. તથા ૧૯૬૦માં ડૅપ્યુટી મ્યુનિ. કમિશનર, ભારતમાં આ બંને પદ પામનાર પ્રથમ મહિલા. સામાજિક સેવા તથા સ્ત્રીઉન્નતિ અને શૈક્ષણિક ક્ષેત્રે અનેક આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ સાથે સક્રિય રીતે સંકળાએલાં તથા એ અંગે અવારનવાર વિદેશ પણ ગયાં છે. મ્યુનિસિપાલિટીમાંથી નિવૃત્ત થયા બાદ ૧૯૬૨માં એમણે 'સાધના એડ્યુકેશન સોસાયટી' સ્થાપી. આ સંસ્થા પૂર્વ પ્રાથમિક શાળાથી માંડી કૉલેજ સુધીની વિવિધ શિક્ષણસંસ્થાઓ ચલાવે છે. લેનિન શતાબ્દીવર્ષમાં જી.ડી આર. અને ચેકોસ્લૉવૅકિયાએ એમની સેવાઓને સુવર્ણચન્દ્રકથી બિરદાવી છે. ઈ. ૧૯૭૫ ઈન્ટરનેશનલ વીમેન ઇયર ઉજવણી સમિતિએ પણ એમનું બહુમાન કરેલું છે. હજી યે તેઓ વિવિધ શૈક્ષણિક, સામાજિ પ્રવૃત્તિઓમાં સતત સક્રિય રસ લઈ રહ્યાં છે.

સમજ. કલાનું એ પ્રયોજન સમજાવવા શ્રી મોહમ્મદ માકડ નિશીથ જેવું સરસ પાત્ર સર્જને સફળ થઈ શક્યા છે.

પણ આ નવલકથાની સૃષ્ટિમાં આકર્ષકતત્ત્વો તો છે કેટલાંક યુગ્મો: ઉરૂના માસા અરવિંદકુમાર અને જ્યોતિબહેન, ઉરૂ અને નિશીથ, શિલ્પા અને ગિરીશ. આ બધાંમાં સ્ત્રીપુરુષના પ્રેમની વાત, જીવનનાં બાહ્ય સુખ અને આંતરિક સુખની વાત, જીવનના અને કલાના પ્રયોજનની વાત ને સમગ્રતયા શૂન્યમાંથી પસાર થવાની વાત બહુ સરસ રીતે વ્યંજિત થાય છે. (પૃ. ૩૩૯, પાકુ પૂઠું, રૂ ૧૬-૫૭.)

આર. આર. શેઠની કં.
મુંબાઈ-૨ • ગાંધીરોડ અમદાવાદ-૧

સમયના ભીના વનમાં: પ્રેમલગ્નની એક પરિણીતા પતિના વેદિયાપણાથી કંટાળીને બીજા પુરુષ તરફ આકર્ષાય અને એના દૈહિક આકર્ષણમાં લટ્ટુ બનેલો પેલો પુરુષ એના પતિને મસૂરીની ખીણમાં ગબડાવી દઈ બંને માટેનો માર્ગ મોકળો કરી લે એ આખી પરિસ્થિતિ કેવી નાટ્યાત્મક છે!

શ્રી ભગવતીકુમાર શર્માએ આ પરિસ્થિતિ સર્જ્યા પછી એષાના બીજા પતિ તપન અને મૃત પતિ સત્ય પ્રત્યેના પરસ્પર વિરોધી આકર્ષણમાં છિન્નભિન્ન થઈ જતા વ્યક્તિત્વનું અત્યંત વેદનાસભર આલેખન કર્યું છે. પરંતુ ગુનાહિત માનસ ધરાવતી એષાના તીવ્ર મનોમંથનને આલેખવામાં બધું જ ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે લેખકે એષાની બહેનપણી મીરાંની સંતાનવિહીનતા અને દિલ્હીના હરબન્સ ખન્નાના કુટુંબની અપ્રતીતિકર ભાવનાશીલતા દર્શાવવામાં કૃતિના બંધને શિથિલ બનાવી દીધો છે.

તપનને દિલ્હી મોકલી દેવાના બદલે એની હાજરીમાં જ એષાને સત્ય જીવતો હોવાના ભ્રમથી વ્યથિત થતી બતાવવાથી પરિસ્થિતિ વધારે રસપ્રદ ના બની શકી હોત? લેખકે ઘણી બધી ઘટનાઓને બાથમાં લેવાના મોહમાં મૂઠીમાં આવેલી એક સરસ પરિસ્થિતિને અન્યાય કર્યો છે. દિલ્હીમાં કમલજિતે ચા પકડાવવા કરેલી બહાદુરી(!)નું ને પ્રીતિના ટીનુને લઈને ભાગતી સંતાનભૂખી મીરાંનું દૃશ્ય હિન્દી ફિલ્મોની અસર બતાવ્યા ઉપરાંત કૃતિની રસિકતામાં ભાગ્યે જ કશો વધારો કરે છે. આવી સસ્તી પરિસ્થિતિઓ સર્જવાના મોહમાં લેખકે ભૌતિક સુખમાં રાચનારા તપન ને રજનીશ-શિષ્ય સત્યના પાત્રાલેખનને પૂરતો ન્યાય આપ્યો નથી. (પૃ ૪૧૩, પાકું, રૂ. ૨૦.)

મને એક સાંજ આપો: બહેનપણીના બંગલે ગએલી મીના એની પાછળ પડેલા એક ધનિકના પુત્ર મયૂરનો સામનો કરે છે, જેના પરિણામે મયૂર બંગલા પાછળની ખીણમાં ગબડી પડે છે. એ ગુનાહિત માનસ સાથે પોતાના વતનના ગામમાં દાદા પાસે રહેવા આવેલી મીના બૅંકમાં કામ કરતા વિપુલ નામના યુવાન તરફ આકર્ષાય છે, પણ પાસેના ગામનાં ભક્ત શેઠાણીના તોફાની દીકરા કાંતિની નજરમાં એ વસી જાય છે. અંતે કાંતિના બળાત્કારનો ભોગ બનતાં બચવા માટે મીના એને પથ્થરથી પૂરો કરે છે. આમ બે ગળે પડતા પ્રેમીઓને પૂર

કરી મીના વિપુલ સાથે પરણે છે. પણ સદ્ભાગ્યે કાંતિ મરી નથી ગયો, માત્ર અંધ જ થયો છે. શ્રી વિઠ્ઠલ પંડયાને ખૂબ ગમતું કોર્ટનું દૃશ્ય લાવવાનું એમણે અહીં ટાળ્યું છે. ગુનાહિત માનસ ધરાવતી મીનાનું પાત્ર સારું આલેખાયું છે. વસ્તુસંકલના અને પ્રસંગ–આલેખનની દૃષ્ટિએ કૃતિ રસપ્રદ બની છે. (પૃ. ૨૫૨, પાકું પૂઠું, રૂ. ૧૨.)

સંગમત્રિવેણી: '...એટલે હવે બધાં સાથે રહે છે. મનોહર કૉલેજમાં નોકરી જાય છે ત્યારે સુષમા સાવ નાની બનીને એનાં બા અને બાફોઇને રેજાડવાનું શરૂ કરે છે. બેઉનાં હૈયાં પ્યારથી ભરી દે છે ને પોતે ધન્યતા અનુભવે છે'.

'ખાધુંપીધું ને રાજ કર્યું'ના આવા સુખદ અંતવાળી શ્રી સારંગ બારોટની આ નવલકથામાં નણંદની કુટિલતાથી પતિ અને પુત્રીને ત્યજી જતી એક સ્ત્રી ફરી પાછી સુષમાની કુનેહથી કેવી રીતે એ ઘરમાં પાછી ફરે છે એની કથા કહેવાઈ છે. નણંદ-ભાભી વચ્ચેના વેરને સ્નેહમાં પલટી નાખવાની ને પ્રેમી મનહરને પટાવી લેવાની સુષમાની આવડત એ કથાનું કેન્દ્રબિન્દુ છે. કલા કરતાં કથા પર વિશેષ લક્ષ આપતી મધ્યમ કક્ષાની નવલકથા. (પૃ. ૪૩૭, પાકું પૂઠું. રૂ. ૨–૭૫.)

વિલાસવહુ: ગુણસુંદરીની યાદ આપે એવા ગુણ ધરાવતી નારીના કુટુંબપ્રેમી સ્વભાવના ફલ રૂપે એક કુટુંબમાં સ્નેહની સુવાસ કેવી રીતે પ્રસરે છે એનું આલેખન કરતી શ્રી સારંગ બારોટની મધ્યમ કક્ષાની હેતુલક્ષી નવલકથાનું પુનર્મુદ્રણ (પૃ. ૩૨૦, પાકું, રૂ ૧૬.)

લોહીની સગાઈ: સામાજિક જીવનના વિવિધ પ્રશ્નોને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ મૂલવતી શ્રી ઈશ્વર પેટલીકરની ૧૯ સુવાચ્ય ટૂંકી વાર્તાઓના સંગ્રહનું છઠ્ઠું પુનર્મુદ્રણ. (પૃ. ૨૪૭, પાકું પૂઠું, રૂ. ૧૨–૨૫.)

માસૂમ ચહેરા: આપણી આસપાસના બનાવોમાંથી માનવમનની વિવિધ વૃત્તિઓ કેવી રીતે પ્રકટ થાય છે એનું આલેખન કરતી શ્રી સારંગ બારોટની ૨૫ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પૃ. ૧૯૮, પાકું પૂઠું, રૂ. ૯–૨૫)

હૃદયવિભૂતિ: ઉત્તર ગુજરાતની ગુનેગાર કોમમાં પ્રકટ થતી માનવતા દર્શાવતી સ્વ. ર. વ. દેસાઈની નવલકથાની ત્રીજી આવૃત્તિ. (પૃ. ૩૦૯, પાકું પૂઠું, રૂ. ૧૫.)

ત્રિશંકુ: મધ્યમ વર્ગની હાડમારી દર્શાવતી સ્વ. ર. વ. દેસાઈની સુવાચ્ય નવલકથાની ત્રીજી આવૃત્તિ. (પૃ. ૨૭૦, પાકું પૂઠું, રૂ. ૧૩)

સ્નેહયજ્ઞ: ગુજરાતમાં પ્રવેશેલી સામ્યવાદની અસર નીચે લખાએલી શ્રી ર. વ. દેસાઈની સામાજિક નવલકથાની પાંચમી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પૃ. ૩૪૮, પાકું પૂઠું, રૂ. ૧૬–૫૦.)

સૌન્દર્યજ્યોત: સ્વરાજ્ય મળ્યા પછી જનમાનસમાં ચાલી રહેલા મનોમંથનને વાચા આપતી સ્વ. ર. વ. દેસાઈની ત્રણ લઘુનવલોનો સંગ્રહ; બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પૃ. ૩૯૦, પાકું પૂઠું, રૂ. ૧૮–૫૦.)

હૃદયનાથ: ગાંધીયુગના યુવાનોની ભાવના ને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓને લક્ષમાં રાખી લખાએલી સ્વ. ર. વ. દેસાઈની નવલકથાની પાંચમી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પૃ. ૩૫૩, પાકું પૂઠું રૂ. ૧૭.)

ગ્રામલક્ષ્મી ભા. ૪: ગાંધીજીની ગ્રામસુધારણાની પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી લખાએલી સ્વ. ર. વ. દેસાઈની એક કાળે ખૂબ વંચાતી નવલકથાની છઠ્ઠી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પૃ. ૩૩૦, પાકું પૂઠું, રૂ. ૧૮–૭૫.)

લોકપ્રિય પ્રકાશન
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

કુંડલી: આબિદ સૂરતીની 'કુંડલી' ને 'બી' નામની બે લઘુનવલોના આ યુગ્મમાં, પહેલીમાં એકબીજાના પ્રેમમાં પડેલાં મીરાં અને મોની નામનાં યુવતીયુવકનાં માતાપિતા એમના વિવાહ નક્કી કરવા એકઠાં થાય છે ત્યારે મોનીના જ્યોતિશાસ્ત્રના પ્રખર હિમાયતી પિતા કહે છે કે મારા પુત્રનું ૧૮મા વર્ષે મૃત્યુ થવાનું છે એથી હું એના માટે એવી યુવતી શોધવા ઈચ્છું છું કે જે ૭૦ વર્ષ સુધી સૌભાગ્યવતી રહેવાની હોય. પોતાના પિતાની આ વાત જાણ્યા પછી મોની મીરાંને લઈને ભાગી જવા તૈયાર થાય છે, પણ એ જ સમયે આ રહસ્યથી અભિજ્ઞ થએલી મીરાં એને લેવા આવેલા મોનીને 'આવું છું' કહીને ત્રીજા માળની બારીએથી પડતું મૂકે છે. વિષયના નાવીન્યની દૃષ્ટિએ અને નાટયાત્મક પ્રસંગોના આલેખનથી કૃતિ આહ્લાદક બની છે.

બીજી કૃતિ 'બી'માં રીતૂ નામની નર્સ ધનાઢ્ય પણ સંતાનવિહીન પુરુષો સાથે સહચાર સાધી એમને સંતાનો પૂરાં પાડે છે એની અપ્રતીતિકર કથા, લેખકને બહુ ફાવી ગએલા જાતીય સહચારનાં ખુલ્લાં વર્ણનો સાથે કરવામાં આવી છે. સમાજમાં સુખ વહેંચતી રીતૂ જેના પ્રેમમાં પડે છે એ રાજેશ નામના ટ્યૂમરના દર્દી અને ધનિક ઉદ્યોગપતિને પુત્ર આપી શકતી નથી એ એના જીવનની મોટી કરુણતા સાથે નવલ પૂરી થાય છે. અહીં કથા સહજરીતે કહેવાઈ નથી પણ કોઈ ભૌમિતિક આકૃતિની જેમ એની આયાસપૂર્વક ગોઠવણ કરવામાં આવી હોય એવું વાચકને સતત લાગ્યા કરે છે. (પૃ. ૨૫૯, પાકું પૂઠું, રૂ. ૧૨–૫૦.)

નવાં પ્રકાશનો
બહાદુરશાહ પંડિત

ધૂપસળી: શ્રી ઈશ્વર પેટલીકરે 'રેખા' માસિક માટે જુદાંજુદાં ક્ષેત્રોની વિભૂતિઓની લીધેલી મુલાકાતોનો આ સંગ્રહ દાદાસાહેબ માવળંકર, રવિશંકર મહારાજ, ઠક્કર બાપા, સ્વામી આનંદ, આચાર્ય વિનોબા, ઢેબરભાઈ આદિ ૧૯ જીવન-ઉપાસકોના જીવનઘડતરમાં ફાળો આપનાર સંજોગો અને ઘટનાઓમાં ડોકિયું કરવાની સુંદર તક પૂરી પાડે છે. (પ્ર. આર. આર. શેઠની કંપની, મુંબાઈ–૨, અમદાવાદ–૧; ચોથી આવૃત્તિ, પાકું પૂઠું, રૂ. ૧૩–૫૦.)

પ્રેમપંથ ભા. ૧–૨: સમાજજીવનના તટસ્થ નિરીક્ષક શ્રી ઈશ્વર પેટલીકરે આ નવલકથામાં પ્રણય અને પરિણય અંગેની પ્રત્યેક સંભવિત સમસ્યાની ચર્ચા કરી છે. એ ચર્ચા દ્વારા લેખકે સમસ્યાઓના ઉકેલ આપવાને બદલે માત્ર એનું વિવિધ પાત્રો દ્વારા દર્શન જ કરાવ્યું છે. પ્રેમપદાર્થ એટલો છટકણો છે કે પ્રત્યેક વ્યક્તિ માટે એને જુદો આકાર આપવાની જરૂર પડે છે, એટલે એના માટે કોઈ સીધું સમીકરણ આપવું શકય નથી. શ્રી પેટલીકરની એક રસપ્રદ નવલકથા (પ્ર. ઉપર મુજબ; ત્રીજી આવૃત્તિ, પૃ. ૩૩૬, પાકું પૂઠું, રૂ. ૧૬–૫૦.)

પ્રલય: બીજા વિશ્વયુદ્ધ સમયે સ્વ. ર. વ. દેસાઈએ યુદ્ધની ભયાનકતાના પરિણામે આ દુનિયાનો કેવી રીતે નાશ થશે એની કલ્પના કરીને લખેલી, આંતરરાષ્ટ્રીય વ્યાપ ધરાવતી આ નવલકથાએ લેખકનું પોતાનું પણ સર્જક તરીકેનું એક નવું પરિમાણ વ્યક્ત કર્યું છે. (પ્ર. ઉપર મુજબ; ત્રીજી આવૃત્તિ, પાંચમું પુનર્મુદ્રણ, પૃ. ૩૭૯, પાકું પૂઠું, રૂ. ૧૮–૨૫.)

મીઠા જળનાં મીન: કૉલેજની પિકનિક દરમ્યાન પ્રેમમાં પડેલાં ઉમેશ ને મીનાને લગ્ન પૂર્વે ને લગ્ન બાદ ઉમેશની બેકારી ને ખોટી નોટો છાપવાના ધંધાના કારણે પડતી તકલીફોનું આલેખન કરતી આ કૃતિ, સામાન્ય વાચકવર્ગને સારો કથારસ પૂરો પાડતી શ્રી વિઠ્ઠલ પંડયાની લોકપ્રિય નવલકથા છે. (પ્ર. ઉપર મુજબ પૃ. ૬૫૮, પાકું પૂઠું, રૂ. ૧૭–૨૫.)

—અને છેલ્લે

હેન્રી વાર્ડ બીચર નામે એક પ્રખ્યાત પાદરી ઉપર એક દિવસ ટપાલમાં એક કાગળ મળ્યો, જેમાં માત્ર એક જ શબ્દ લખ્યો હતો: 'ગધેડો'. બીજે દિવસે દેવળમાં પોતાના પ્રવચનમાં તેણે એ પત્રનો ઉલ્લેખ કરીને કહ્યું કે 'મેં એવા માણસો જોયા છે કે જેઓ પત્ર લખીને નીચે પોતાની સહી કરવી ભૂલી જાય છે; પણ આ પત્ર લખનારે તો પોતાની માત્ર સહી જ કરી છે, અને કાગળ લખવો ભૂલી ગયો છે.'

ઋષિમંડળ-૬

વસિષ્ઠ

સપ્તર્ષિમંડળમાં જેમની પ્રતિષ્ઠા છે એ, ગાયત્રીના ૨૪માંના એક ઋષિ વસિષ્ઠ સ્વાયંભુવ મન્વંતરમાં બ્રહ્માના દસ માનસ પુત્રોમાંના એક હતા. ઈક્ષ્વાકુના પુત્ર નિમિને શાપ આપવા બદલ એમને પોતાનો પાર્થિવ દેહ છાડવો પડયો હતો. પુનર્જન્મમાં એ ઉર્વશીને જોઇને વિચલિત બનેલા મિત્ર-વરુણના વીર્ય બીજમાંથી જન્મ્યાની કથા છે.

ઋગ્વેદના સાતમા મંડળના એ રચયિતા ગણાય છે. આ મંડળનાં ૧૦૪ સૂકતો એમણે એકલાએ જ રચેલાં છે. આ સૂક્તોમાં ઇતિહાસ ભૂગોળ વિષયક જે પ્રકાશ પડે છે તેટલો અન્ય સૂક્તોમાં પડતો નથી. મંત્રવિદ્યા અને યજ્ઞકર્મ બંનેમાં એ નિષ્ણાત હતા. વિછિન્ન આર્યજનોને સુસંગઠિત કરવાનો યશ પણ એમને આપવામાં આવ્યો છે. વસિષ્ઠ પાસે કામધેનુ હતી એવી પુરાણ કથા છે પણ ઋગ્વેદમાં એનો ઉલ્લેખ નથી. પરંતુ વસિષ્ઠના મંત્ર સામર્થ્યનું એ પ્રતીક માની શકાય. બીજી બાજુ વસિષ્ઠે આપેલી કામધેનુ ગાયની સેવા કરી અયોધ્યાના રાજા દિલીપે પુત્રપ્રાપ્તિ કરેલી. એ પુત્ર રઘુના વંશમાં રામનો જન્મ થએલો.

દક્ષની પુત્રી ઊર્જા એમની પત્ની હતી જેનાથી એમને પુંડલિકા નામક પુત્રી અને સાત પુત્રો થએલા. કર્દમઋષિની પુત્રી અરુંધતી પણ એમની પત્ની હતી અને એનાથી એમને 'શક્તિ' સહિત એક સો પુત્રો થએલા. જેમની વંશપરંપરામાં પરાશર, કૃષ્ણદ્વૈપાયન, શુક, ભૂરિશ્રવા પ્રભુ, શંભુ, કૃષ્ણ વગેરે થયા.

વેદવેદાંતમાં પારંગત, ધનુર્વિદ્યામાં કુશળ, તત્ત્વજ્ઞ, તપસ્વી, કર્મકાંડી, સત્યવક્તા ત્રિકાલદર્શી વસિષ્ઠ પૂર્ણ બ્રાહ્મણ તરીકે ખ્યાત છે. એ બ્રાહ્મણત્વની સરાસરી કરવા માટે વિશ્વામિત્રે જે પ્રયાસો કર્યા તેમાં વસિષ્ઠે વારંવાર એનું ગર્વખંડન કરેલું.

રઘુવંશના એ કુલગુરુ, રાજા દશરથના રાજપુરોહિત અને રાજકાજમાં સલાહકાર હતા. એમની જ પ્રેરણાથી પુત્રેષ્ટિ યજ્ઞ કરી દશરથે રામ આદિ પુત્રો પ્રાપ્ત કર્યા જેમને વસિષ્ઠે સકળ વિદ્યાનું શિક્ષણ આપેલું. રામને યોગ સમજાવતાં એમણે ગ્રંથ લખ્યો એ 'યોગવાસિષ્ઠ' નામે ખ્યાત છે. એમણે રચેલો સ્મૃતિગ્રંથ 'વસિષ્ઠ સંહિતા' નામે જાણીતો છે.

વેદના જ્ઞાનકાંડ અને વેદાંતશાસ્ત્રના વલણ ઉપરથી એમણે એક આગવો યોગધર્મ સ્થાપ્યો હતો. જેના તેઓ આચાર્ય ગણાતા હતા. મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, રાજા ગોપીચંદ અને ભરથરી વગેરેએ આ યોગધર્મ અપનાવેલો.



માધુકરી

જિંદગી ગોરસ જેવું ગીત,
ગુપત છે ગોરસમાં નવનીત. —જિંદગી૦
ઘટભીતર ઘમઘમ છલકાતું,
ઘટાકાશમાં રમવા જાતું—
સોહમનું સંગીત... —જિંદગી૦


—વેણીભાઈ પુરોહિત

સંસ્કારમૂર્તિ દરબાર વાજસુર વાળા

સ્વરાજ પહેલાં આજનું સૌરાષ્ટ્ર જ્યારે કાઠિયાવાડ કહેવાતું હતું ત્યારે તેનાં ૨૦૨ જેટલાં નાનાંમોટાં દેશી રાજ્યોમાં કેટલાંક કાઠી રજવાડાં પણ હતાં. બગસરા પણ એમાંનું એક હતું. એના પાંચ ભાગદારોમાંના એક દરબાર વાજસુર વાલેરા વાળા એ સમયના કાઠી દરબારોમાં અનેકરીતે ભિન્ન હતા.

ઈ. ૧૮૭૪માં એમનો જન્મ. ગુજરતી છ ધોરણ સુધી બગસરામાં જ ભણી એમણે રાજકોટની રાજકુમાર કૉલેજમાં વધુ અભ્યાસ કરેલો. એ દરમિયાન લાઠીના ઠાકોર સુરસિંહજી—'કલાપી' અને વડિયા દરબાર બાવા વાળા જેવા સાથે એમની મૈત્રી થઈ. સારા અભ્યાસ અને માંસાહાર કે મદ્યપાન યા અન્ય કોઈ પ્રકારના વ્યસન રહિત એમના સદ્ ચરિત્રને કારણે એમને એમના તાલુકાના વહીવટી અધિકારની સોંપણી વહેલી થઈ ગએલી. એમનું એ રજવાડું હતું તો નાનું, પણ જે કૌશલથી એમણે એનો વહીવટ ચલાવ્યો એથી પ્રભાવિત થઈને બ્રિટિશ પોલિટિકલ એજન્ટે અમને, સામાન્યતઃ અંગ્રેજ અમલદારને સોંપાતી એવી એક જવાબદારી સોંપીને, પોરબંદરના મહારાણા નટવરસિંહજીની સગીર અવસ્થા દરમિયાન એ મોટા રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર બનાવ્યા હતા. સમજદાર મુત્સદ્દીની રીતે એમણે એ જવાબદારી બહુ કુશળતાપૂર્વક અદા કરી હતી, પરંતુ એમાં કોઈક ભારે પ્રસંગે પ્રજા પર ગોળીબાર કરવાના હુકમો પણ પોતે આપવા પડે એ ન રુચતાં એ મોભાદાર પદનો એમણે ગૌરવપૂર્વક ત્યાગ કરી દીધો હતો.

તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ પ્રત્યેની ઊંડી જિજ્ઞાસાથી પ્રેરાઈ તેઓ અખિલ હિન્દ થીઓસૉફિકલ સોસાએટીના સભ્ય બન્યા હતા. પોતાની પ્રજાને પણ થીઓસૉફીની વિચારણાનો લાભ મળે એ હેતુથી તેઓ એ સોસાએટીનાં અગ્રણી ડૉ. ઍની બિસન્ટ, ડૉ. એરુંડેલ, સી. જિનરાજદાસ વગેરે જેવા મહાનુભાવોને પ્રસંગોપાત્ત પોતાને ત્યાં ભાવપૂર્વક નિમંત્રતા. આગળ જતાં રાજકારભાર પોતાના પુત્ર અમરા વાળાને સોંપી પોતે બગસરા છોડીને હડાળા જેવા નાના ગામમાં જ પોતાનો વસવાટ રાખ્યો હતો. ત્યાં ભાવનગર થીઓસૉફિકલ લૉજના હરજીવનદાસ



મહેતા, વેણીભાઈ ભટ્ટ, ગોપાલજી ઠક્કર, પ્રાણજીવનદાસ ઠક્કર, કપિલભાઈ કમળાબેન ઠક્કર વગેરે જેવા અગ્રણીઓને પોતાને ત્યાં નોતરી દર વર્ષે રજાઓમાં થીઓસૉફીના વર્ગો પણ ચલાવતા. હડાળાના એ વર્ગોમાં નિયમિત સક્રિય રસ લેતી કેટલીક સમશીલ વ્યક્તિઓનું એક મિત્રમંડળ જ રચાઈ ગયું હતું. ઝવેરચંદ મેઘાણી પણ એ મિત્રમંડળના એક સભ્ય હતા. સાંસ્કારિક પ્રવૃત્તિઓ ઉપરાંત સાહિત્ય-સંગીત-કલામાં પણ વાજસુર વાળાને ઊંડી અભિરુચિ હોઈ મેઘાણી સાથેની એમની આત્મીયતા ઘનિષ્ઠ બની ગઈ હતી. મેઘાણીએ લોકસાહિત્યના ક્ષેત્રે કરેલી દેણગીમાં વાજસુર વાળાનો પણ મોટો ફાળો હતો. એમના એ મિત્રમંડળના આશ્રયે અવારનવાર સામાજિક મિલનો ને

નાટ્યપ્રયોગો પણ થતાં રહેતાં અને પ્રજાને પણ એનો લાભ મળતો. પોતાનાં સંસ્મરણોમાં સ્વ. મેઘાણીએ આ બધું વિસ્તારથી નોંધેલું છે.

સર્વ ધર્મ સમન્વયમાં માનતા વાજસુર વાળાનું આવું લોકહિતકારી વલણ સતત કાર્યશીલ રહેતું. 'સત્યથી ઉપર કોઈ ધર્મ નથી' એવું સૂત્ર એમની કચેરીમાં દાખલ થતાં જ સૌની નજરે ચડતું. વિવિધ ધર્મ-સંસ્થાપકોની છબિઓ અને એમનાં પ્રબોધવચનો વાજસુર વાળાના આવાસ ને કચેરીમાં ઠેરઠેર જોવા મળતાં. અંત્યજો પ્રત્યેની સૂગના એ જમાનામાં યે એમણે હડાળામાં હરિજન બાળકોનાં શિક્ષણ ને વિકાસ માટે ખાસ પ્રબંધ કરેલો અને કેટલાક હરિજનોને શિષ્યવૃત્તિ આપી વધુ ભણાવીને પોતાના રાજમાં શિક્ષકો બનાવેલા. 'કલાપી'ની સ્મૃતિમાં રચાએલા શિવાલયમાં એ સમયમાં યે એમણે હરિજનોને આવવાજવાની છૂટ આપેલી અને કોઈ સર અવસરે ત્યાં હરિજનોને જમાડતા પણ ખરા. હરિજનો માટે એમણે કરેલું કાર્ય ગાંધીજીએ જાતે જોએલું. સ્વાતંત્ર્ય બાદ એમનો એ હરિજન આશ્રમ સ્થાનિક સંસ્થાને સોંપવા પણ વિચારેલું, પણ પછી એ સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાને આપી દીધો. આજે ત્યાં ૪૦૦ જેટલાં બાળકો ભણે છે.

સ્વદેશની એમની ભાવના પણ એવી જ તીવ્ર હતી. પોતાની પાસે સ્વદેશી બન વટના અનેક ઉત્તમ નમૂનાઓ તેઓ સંઘરી રાખતા અને બહારના મહેમાનોને ગૌરવપૂર્વક એ બતાવતા. દરબારગઢમાં એમણે રેંટિયો પણ દાખલ કરેલો અને રાણીસાહેબા જસુમા જાતે એના પર કાંતતાં. આની અસર હડાળા અને આસપાસનાં ગામડાંમાં પણ પડી હતી. પોતે જાતે હમેશાં ખાદી જ પહેરતા અને એ પણ સ્થાનિક વણકર પાસે જ વણાવતા.

ઍની બેસન્ટના 'હોમરૂલ'ના ખયાલોને અપનાવી તેઓ હમેશાં ગામડાને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહેતા અને આ અંગે અવારનવાર પત્રિકાઓ છપાવીને એના દ્વારા એ વિચારનો પ્રસાર કરતા. એમણે સ્થાપેલી 'હડાળા લાયબ્રેરી'નો સમૃદ્ધ ગ્રંથભંડાર ત્યાંની પ્રજાને માટે સદા ખુલ્લો રહેતો. નામાંકિત ભજનિકો, ચારણો અને મેઘાણી જેવા સાહિત્યકારોનો એમને ત્યાં સદા આદર થતો અને એ સૌનો લાભ પ્રજાને પણ મળતો. પોતે પાણીકળા પણ હતા. જમીન જોઈને ક્યાં, કેટલે ઊંડે કેટલું પાણી હશે એ કહી શકતા. એમના ખેડૂતો માટે એમની એ શક્તિ પણ આશીર્વાદ રૂપ બની રહેલી.

ગાંધીજીનું એમણે ઈ. ૧૯૧૫ અને ૧૯૨૫માં–એમ બે વાર પોતાના રાજમાં ભાવપૂર્વક સ્વાગત કરેલું. ગાંધીજીની પ્રવૃત્તિઓ પ્રત્યેનો આદર અને કાઠિયાવાડનાં આવડાં અન્ય રાજ્યોથી ભિન્ન એવા પ્રગતિશીલ વિચારોના કારણે રાજકીય દૃષ્ટિએ અંગ્રેજી શાસનમાં એમને ઘણી વાર કડવા ઘૂંટડા પણ ગળવા પડતા, પણ આ છતાં યે પોતાનું પોત જાળવી રાખીને પૂરાં ૮૦ વર્ષનું આયુ ભોગવી એમણે ૧૯૫૪માં ગૌરવપૂર્વક ચિરવિદાય લીધી હતી.

—લાલચંદભાઈ વોરા

ભારતીયતાની શોધ

કન્નડ સાહિત્ય પરિષદે પોતાનો સુભવ્ય હીરક મહોત્સવ બૅંગ્લોરમાં હમણાં ઊજવ્યો. પાંચેક હજાર જેટલા શ્રોતાઓ એના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લેતા રહ્યા. મહોત્સવ કેવળ કન્નડ ભાષાઓ બોલનારાં પૂરતો સીમિત નહોતો એ તેની મુખ્ય વિશેષતા હતી. તેમાં કવિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે આંતરભારતી સાહિત્યિક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં એક વિષય હતો 'ભારતીય સાહિત્યમાં ભારતીયતા'. આ લેખકે તેમાં ભાગ લીધો હતો. વિવિધ ભાષાઓના ઉત્કૃષ્ટ પ્રતિનિધિઓએ તે વિષેનાં પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યાં, પણ સાહિત્યમાં કયાં વ્યાવર્તક તત્ત્વોને 'ભારતીયતા' તરીકે પ્રમાણવા એ વિષે એકવાક્યતા સાધી શકાઈ નહિ. બીજાં સાહિત્યો કરતાં જુદું અને મૌલિક એવું એનું લક્ષણ તારવીને બતાવવાનું આસાન નહોતું.

સ્વત્વની શોધમાં પડેલા આપણા યુગમાં ભારતવાસીઓ પોતાપણું શામાં રહેલું છે એની શોધયાત્રા આદરે એ ભારતીય એકતા સિદ્ધ કરવા માટે જરૂરનું છે. આપણો આ બહુભાષી, બહુધર્મી, બહુરંગી દેશ ઐક્ય સિદ્ધ કરવાનો જ નથી અને તેનાં અનેક ફરચાડિયાં નીકળી જવાનાં છે એની તો પશ્ચિમવાસીઓને પાકી ખાતરી હતી. પણ તે ન થયાં. હા, પાકિસ્તાન છૂટું પડયું. પણ ઈસલામીઓની મોટી સંખ્યા તો ભારતમાં જ રહી. જોતજોતાંમાં ત્રણ દાયકા સ્વરાજ્યના વીતી ગયા અને દેશ કંઈ તૂટી ન ગયો, ઊલટો વિકાસાભિમુખ બનીને વધુ સશક્ત થઇને દુનિયાનું ધ્યાન આકર્ષી રહ્યો. પણ પશ્ચિમવાસીઓની આશંકાથી પ્રભાવિત થઇને તેમજ વિચ્છિન્નતાનાં બળોથી ભયત્રસ્ત થઇને રાષ્ટ્રીય એકતાની શોધ આપણે ત્યાં પણ ચાલી પણ જવાબ તો ભારતની પ્રજા પાસે તૈયાર પડયો હતો. જ્યારે ચીને આક્રમણ કર્યું, પાકિસ્તાન સાથે યુદ્ધો થયાં, બાંગલાદેશમાંથી કરોડ શરણાર્થીઓ આવ્યા અને છેવટે બાંગલાદેશ અંગે પાકિસ્તાન સાથે યુદ્ધમાં ઊતરવું પડયું ત્યારે આ બહુભાષી, બહુધર્મી અને બહુરંગી દેશે પોતે એક સંગઠિત રાષ્ટ્ર છે તેની દુનિયાને પ્રતીતિ કરાવી.

રાષ્ટ્રીય એકતા પ્રજાના હાડમાં પડેલી છે. એને જુદી તારવીને બતાવવાનું શક્ય નથી. પણ એ જ્યાં હોવી જોઈએ ત્યાં છે જ. કસ્તૂરી મૃગ માટે કહેવાય છે કે પોતાની અંદર પડેલી સુગંધીની શોધમાં એ વન આખું ઢૂંઢી વળે છે, તેમ ભારતના હિતચિંતકો ઐક્યની શોધમાં રઘવાયા ફરે છે. જ્યારે ભારત અનેક રાજ્યોમાં વિભક્ત હતું ત્યારે પણ એ ઐક્ય સિદ્ધ થએલું હતું અને અત્યારે જ્યારે તે એક છત્ર હેઠળ સમવાયી સંઘ બન્યું છે ત્યારે પણ એ સિદ્ધ જ છે.

ભારતની એકતા એ તેની સાંસ્કૃતિક એકતા છે, તેના દૃષ્ટિકોણોની અને અભિગમોની એકતા છે, વસ્તુસ્થિતિ વિષેના તેના પ્રતિચ્છંદોની એકતા છે. ભૂગોળે, ઇતિહાસે, ચક્રવર્તી સમ્રાટોએ, મનીષીઓએ અને સંતોએ સદીઓથી આ એકતાનું જતન કરીને આસેતુહિમાચલ સાંસ્કૃતિક રાષ્ટ્રનું નિર્માણ કરેલું છે. જેમ યુરોપની ખ્રિસ્તી સંસ્કૃતિની એક આગવી મુદ્રા છે અને અનેક સાર્વભૌમ રાષ્ટ્રોમાં વિભક્ત થવા છતાં ને આપસમાં ઝગડવા છતાં એ મુદ્રા કલુષિત થતી નથી તે કરતાં યે વિશેષ ભારતીય સંસ્કૃતિની અવિચ્છિન્ન મુદ્રા અનુભવાય છે. એનો પરિચય કલાપદાર્થોમાં, સાહિત્યિક ઉદ્ગારોમાં, દર્શનોમાં અને જીવનના અભિગમોમાં થાય છે.

ભારતીયતા અવ્યાખ્યેય છે પણ એનાં લક્ષણો પરખાવી શકાય એમ છે. એનું એક લક્ષણ વૈચારિક ઔદાર્ય છે. સર્વ દેવોને નમસ્કાર કરીએ તે કેશવને પહોંચે છે એમ કહેનાર દેશની ધાર્મિક મતાન્તરક્ષમા પણ અદ્ભુત છે. હિંદુ ધર્મનો તો એ અર્ક છે; પણ ઈસલામના ઓલિયાઓએ, હિંદુ સંતોએ, કબીરે, રામાનુજે અને ગુરુ નાનકે વિવિધ ધર્મોનું તાત્ત્વિક ઐક્ય જ ઉપાસ્યું હતું. આ ઐક્ય નાતજાત, આચારવિચાર, મિલકત, ભાષા, ખાનપાન આદિના ભેદોને કાપીને પરમાત્મ તત્ત્વમાં સ્થિર થાય છે.

તાત્ત્વિક ધાર્મિકતા એ ભારતીયતાનું બીજું લક્ષણ છે. આટલા બધા ભેદોનું જતન કરીને પણ એ વિશ્વાત્મામાં જ પોતાને શોધે છે. ભેદમાં અભેદ અનુભવવો, વિવિધતામાં રહેલી એકતાને ઓળખાવી એ ભારતને સ્વભાવસહજ છે. એટલે જ કાકાસાહેબે ભારતને ધર્મોનું પિયર કહેલું છે.

ભારતીયતાનું ત્રીજું લક્ષણ એની ત્યાગપરાયણતા અને સાદાઈ છે. સત્તા અને ધનના આડંબરને ભારત વેઠી લેશે પણ એનું હૃદય ઝૂકશે પરમાર્થીની નિરભિમાનતાને અને ત્યાગપરાયણતાને, એની સાદાઈને અને શીલને, એની આંતરબાહ્ય એકરૂપતાને. રાજા કરતાં ઋષિને એ વધારે નમશે, સત્તા કરતાં સેવાપરાયણતાને એ વધારે સ્વીકારશે ભારતીયતાના મૂર્ત અવતરણસમા ગાંધીજી પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત એવા ભારતમાં

વીસમી સદીના પૂર્વાર્ધને આવરીને જીવી ગયા તો યે આખા ભારતને પ્રેમને દોરે સાંધી શક્યા તેનું રહસ્ય આ લક્ષણમાં પડેલું છે.

ભારત ભૂગોળથી અને ઇતિહાસથી પર એવા માનવ્યને અને વૈશ્વ-સંદર્ભને ઉપાસે છે. જ્યારે જ્યારે એ સાહિત્યમાં કે જીવનમાં પ્રકટ થાય છે ત્યારે ત્યારે જનહૃદયમાંથી સ્વાભાવિક પ્રતિશબ્દ જાગે છે. ત્યાં જ ભારતીય પ્રજાના હૃદયનું સંધાન થાય છે.

(સંદેશ) —યશવંત શુક્લ

અરબ અસ્મિતાનું પ્રતીક: અરબલીગ

રાજકીય, નાણાકીય, કાનૂની અને સામાજિક ક્ષેત્રોમાં અરસપરસ ગાઢ સહકાર સ્થાપવા સાથે અરબ રાજ્યોની એકતા અને સ્વાધીનતાને



દઢ બનાવવાની નેમથી ઈ. ૧૯૪૫ની ૨૨મી માર્ચે 'અરબ લીગ'ની સ્થાપના થઈ હતી. આ અગાઉ ઈ. ૧૯૩૧ની ૧૩મી ડિસેમ્બરે જેરૂસલેમ ખાતે પહેલી બિનસત્તાવાર રાષ્ટ્રીય અરબ કૉંગ્રેસ મળેલી. એ પછી બીજા વિશ્વયુદ્ધમાં સાથી રાજ્યોએ અરબ રાજ્યોનો વિશ્વાસ ગુમાવતાં ઈ. ૧૯૪૪ના સપ્ટેમ્બર-ઑક્ટોબર દરમિયાન ઍલેક્ઝાંડ્રિયામાં 'સામાન્ય અરબ પરિષદ'ની તૈયારી સમિતિના અધિવેશનની આઠેક બેઠકે મળી, અરબ લીગની સ્થાપનાની પૂર્વભૂમિકા રૂપ એક ખતપત્ર તૈયાર કર્યું અને તેમાં સ્વીકારાએલા અત્યારના ચાર સિદ્ધાંતો અનુસાર અરબ લીગની સ્થાપના થઈ. અરબ રાજ્યોના અંદરોઅંદરના ઝગડાઓમાં લવાદી કરવા ઉપરાંત આ સંગઠન આજે નીચે મુજબના ખાસ વિભાગોમાં કામ કરે છે:

૧) ધ કાઉન્સિલ: અરબ લીગનું એ સર્વોચ્ચ ઘટક છે. આ કાઉન્સિલ ૨૦ સભ્ય રાજ્યો અને પૅલેસ્ટાઈન મળીને ૨૧ પ્રતિનિધિઓની બનેલી છે; ૨) મંત્રાલય: લીગના મહામંત્રીની દોરવણી તળે એ રોજ-બ-રોજનો વહીવટ સંભાળે છે; ૩) ધી ઇકોનોમિક કાઉન્સિલ: ઈ. ૧૯૫૦માં એની સ્થાપના થઈ. સભ્ય રાજ્યોના નાણાંમંત્રીઓની અથવા એમના પ્રતિનિધિઓની એ બનેલી છે; ૪) જૉઈન્ટ ડિફેન્સ કાઉન્સિલ: સંયુક્ત સંરક્ષણના અમલ માટે ૧૯૫૦માં એની સ્થાપના થઈ. સભ્ય રાજ્યોના વિદેશમંત્રીઓ અને તેના સંરક્ષણ પ્રધાનો કે તેમના પ્રતિનિધિઓની એ બનેલી છે. ૫) ધી ઈન્ટરનૅશનલ અરબ ઑર્ગેનિઝેશન ફૉર સોશિયલ ડિફેન્સ: સામાજિક સંરક્ષણ માટેનું આંતરરાષ્ટ્રીય અરબ સંગઠન; ૬) ધ કાઉન્સિલ ઑવ અરબ ઇકૉનૉમિક યૂનિટ: અરબ અર્થતંત્રમાં એકતા લાવવા માટે ઈ. ૧૯૬૪માં એની સ્થાપના થઈ; ૭) અરબ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક સંસ્થા: ઈ. ૧૯૬૪માં સ્થપાએલો આ વિભાગ સંયુક્ત રાષ્ટ્રસંઘની 'યુનેસ્કો' સંસ્થાની જેમ, અરબ સાંસ્કૃતિક એકતાના આદર્શોને આગળ ધપાવવાનું કાર્ય કરે છે; ૮) ધી અરબ લેબર ઑર્ગેનિઝેશન: મજૂર કાયદાઓ, કામની સ્થિતિ તેમજ સામાજિક વીમા-વ્યવસ્થાઓનું એકીકરણ સાધી શ્રમજીવીઓની સમસ્યાઓ અંગે સહકાર બાંધવા ઈ. ૧૯૬૫માં એની સ્થાપના થઈ; ૯) ધી અરબ સિટીઝ ઑર્ગેનિઝેશન: નગરવિકાસ, નગર-નિયોજનને સાંકળી લેતી આ સંસ્થા ૧૯૬૭માં સ્થપાઈ; ૧૦ ધ સિવિલ ઍવીએશન કાઉન્સિલ ઑવ અરબ સ્ટેઈટ્સ: સભ્ય રાજ્યો વચ્ચે વિમાન વ્યવહારના સિદ્ધાંતો અને અર્થકારણ વિષે પરસ્પર સહકાર કેળવવા ૧૯૬૭થી એ કામ કરે છે; ૧૧) ધી અરબ સ્ટેઈટ્સ બ્રોડકાસ્ટિંગ યૂનિયન: વાયુ પ્રસારણના વિષયોનો અભ્યાસ કરી, તેનું સંયોજન કરવા ૧૯૬૯માં એની સ્થાપના થઈ; ૧૨) અરબ લીગની માહિતી કચેરી: દુનિયાના સંખ્યાબંધ દેશોના પાટનગરોમાં એનાં દફતરો ફેલાએલાં છે.

આજે, તમામ રાજ્યોના આ પ્રાદેશિક સંગઠને અરબોમાં ભ્રાતૃભાવ જાગ્રત કરી, તેને પરિપોષીને બૃહદ અરબ પ્રજાના એક અંગભૂત બની તેમની વચ્ચે ઘનિષ્ઠતા વિકસાવી છે. અરબ પ્રજા સમક્ષ પડેલી સમસ્યાઓ દિનપ્રતિદિન અટપટી બનતી જાય છે, તેમતેમ લીગ ઘટક સંસ્થાઓ, સાંપ્રત જવાબદારીઓ અને આધુનિક વલણો સાથે સુસંગત રહીને, તેને પહોંચી વળવા સતત પ્રયત્નશીલ બની રહી છે.

કવિવર નાનાલાલનાં સંસ્મરણો

કવિ નાનાલાલના અઠંગ અભ્યાસી અને આજીવન પ્રશંસક શ્રી દેવીપ્રસાદ ખારોડે ગયા જાન્યુઆરીમાં જૂનાગઢના અનંત ધર્માલયમાં કવિ વિષેનાં સંસ્મરણો કહેલાં તેમાંથી:

'કવિ નર્મદ અને દલપતનો ઝગડો તો જાણીતો છે. એક વાર સૂરતમાં નર્મદ જયંતી પ્રસંગે નર્મદને બિરદાવવા જેમને આમંત્રણ આપેલું તેમાં કવિ નાનાલાલનું નામ જોઇને શ્રી ર. વ. દેસાઈ ચમકી ગયા! કવિ નાનાલાલને આમંત્રણ કોણે આપ્યું? નર્મદની સભામાં જો કવિ સ્વભાવ પ્રમાણે એને ઝૂડવા માંડે તો કોણ રોકી શકે? પણ કવિને બોલવાની ના કેમ પાડવી? છેવટે સૌએ સમાધાન શોધ્યું કે કવિને જેમ બોલવું હોય તેમ ભલે બોલે. કદાચ કોઈ ટીકાનો સૂર નીકળે તો સાંભળી લેવો.

પણ કવિ જ્યારે બોલવા ઊભા થયા ત્યારે સૌ પ્રથમ એમણે કહ્યું કે 'હું દલપતપુત્ર ભલે રહ્યો—પણ નિ:સંતાન નર્મદકાકાનો પુત્ર પ્રથમ છું અને એનું તર્પણ કરવું એ મારી પ્રથમ અને નૈતિક ફરજ છે! પછી તો કવિએ નર્મદને જે અંજલિ આપી તેનાથી સભાના પ્રયોજકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા!'

શ્રી ખારોડે રજૂ કરેલાં સંસ્મરણોમાં કવિશ્રીની માંદગીનો ઉલ્લેખ સવિશેષ કરુણ બની રહ્યો. છેલ્લે જ્યારે તેમને વાડીલાલ ઑસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ત્યારે તેમને મળવા જવા માટે શ્રી ખારોડે કવિશ્રી ઉમાશંકર જોશી તથા શ્રી ધૂમકેતુ સાથે સમય નક્કી કરેલો. બન્યું એવું કે ઉમાશંકર પ્રથમ જઈ આવ્યા અને પાછળથી શ્રી ધૂમકેતુ અને દેવીપ્રસાદ ગયા. હૃદયની તકલીફને કારણે મુલાકાતીઓ સાથે બોલવાનો પ્રતિબંધ તો હતો જ.

ઓરડામાં દાખલ થયા તેવા જ અરધી આંખો મીંચેલા કવિએ ધૂમકેતુને ઓળખી લીધા. માણેકબાને કહ્યું: 'બાઈ, ધૂમકેતુ આવ્યા છે—તેમને બેસાડો.' શ્રી ધૂમકેતુ તબિયત વિષે પૂજ્ય માણેકબા સાથે વાતચીત કરતા હતા. ગમે તેમ તો ય આર્ય સ્ત્રી. માણેકબા જરા કચવાઈ ગયાં. કવિની તીક્ષ્ણ દૃષ્ટિએ એ જોઈ લીધું અને જીવન સાથે સમાધાન-વૃત્તિ કેળવતો કોઈ આર્ય ઋષિ બોલતો હોય તેમ માણેકબાને ઉદ્દેશીને કહ્યું: 'બાઈ! કચવાઓ છો શા કાજે? બ્રહ્માંડ સાથે આ બ્રાહ્મણનો આટઆટલાં વર્ષોનો સંબંધ બ્રહ્મત્વને પામે છે ત્યારે દુ:ખી થવાનું ન હોય!'

(સ્ત્રીજીવન) —શિવપ્રસાદ જોશી

કૃત્રિમ વરસાદ

બનાવટી વાદળો પેદા કરીને એમાંથી વરસાદ વરસાવવો એ કૃત્રિમ વરસાદ, એવું સામાન્યતઃ મનાય છે; પણ એ ખરું નથી. ઇચ્છે ત્યારે અને ત્યાં વાદળો રચી વરસાદ લાવવા જેટલો વિજ્ઞાનનો વિકાસ હજી થયો નથી. ખરી રીતે તો કૃત્રિમ વર્ષા માટે અમુક ખાસ પ્રકારનાં વાદળોને કૃત્રિમ રીતે સંતૃપ્ત કરીને વરસાદ વરસાવવામાં આવે છે. આ પ્રક્રિયાને 'વાદળોમાં કૃત્રિમ બીજારોપણ' એમ કહેવું વધુ યોગ્ય છે.

વાદળોના મુખ્યત્વે ત્રણ વર્ગ છે : પૃથ્વીથી સાત આઠ કિલોમીટર ઊંચેનો સૌથી ઉપરનો વાદળ-સ્તર 'પક્ષાભ મેઘ' કહેવાય છે. આ સ્તર હિમકણોથી રચાએલો હોય છે. એથી નીચેના ચાર-પાંચ કિ. મી. ઊંચેનો આછા ઘેરા રંગનો તથા જલબિંદુઓવાળો સ્તર 'કપાસી મેઘ', અને એની યે નીચેનો એકબે કિ. મી. ઊંચાઈ પરનો ઘેરા રંગનો 'વર્ષા મેઘ' કહેવાય છે. કૃત્રિમ વર્ષા માટે આ વાદળ-સ્તરો યોગ્ય ગણાય છે.

સમુદ્રની સપાટી પરથી જલબાષ્પયુક્ત વાયુ ઉપર ચડવા લાગે ત્યારે ઓછા ઉષ્ણતામાનવાળી ઊંચાઈએ પહોંચતાં એમાં સંઘનન ક્રિયા આરંભાઈ ને એ બાષ્પયુક્ત વાયુનાં વાદળ રચાય છે. આ વાદળોમાં અતિ સૂક્ષ્મ જલકણો હોય છે. વજનમાં એ એટલાં હલકાં હોય છે કે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો એના પર કંઈ ખાસ પ્રભાવ પડતો નથી. એ પવનના પ્રવાહની દિશામાં ખેંચાઈ જાય છે. કૃત્રિમ વર્ષા માટે આ વાદળમાંના સૂક્ષ્મ જલકણોને એકઠા કરી એનાં મોટાં જલબુંદ બનાવાય છે, જેનું વજન વધી જતાં એ વર્ષાના રૂપમાં પૃથ્વી પર વરસી પડે છે. આ પ્રક્રિયા માટે વર્ષા મેઘ ઉપર વિમાન દ્વારા યા અન્ય રીતે સિલ્વર આયોડાઈડ અથવા સાદા મીઠાનો છંટકાવ કરવામાં આવે છે.

અલબત્ત, આ પ્રયોગનું પરિણામ તદ્દન નિરાશાજનક નથી, છતાં વિજ્ઞાનીઓ માને છે કે કદાચ આમાં કોઈ અજાણ્યું તત્ત્વ સંકળાએલું હોય યા એ જોગાનુજોગ પણ હોઈ શકે. ચીનના નિષ્ણાતોએ ત્યાંના ક્વાંગ-તુંગ વિસ્તારમાં વિમાનવિરોધી તોપો દ્વારા વાદળોમાં કોઈક ખાસ પ્રકારના ગોળા છોડીને વરસાદ લાવવાનો પ્રયોગ થોડા વખત પહેલાં કરેલો. એનું પરિણામ પણ સારું આવેલું. ગોલંદાજી પછી વાવાઝોડું આવેલું અને ભારે વરસાદ પણ વરસ્યો હતો. આ પણ એક જોગાનુજોગ હોવાનું પણ ઘણા માને છે. પણ એ રીતે યે જો વરસાદ લાવી શકાતો હોય તો વધુ પ્રયોગો દ્વારા અન્યત્ર એની અજમાયશ કરવા જેવી તો ખરી જ. અમેરિકન આદિવાસી રેડ ઇન્ડિયનો વરસાદ લાવવા આગ પ્રકટાવીને એક ખાસ પૂજા-નૃત્યનો વિધિ કરે છે. આપણે ત્યાં પણ વરસાદ માટે હોમ-હવન થાય છે. બીજાં અનેક સ્થળે પણ જુદીજુદી આગવી રીતે કંઈ ને કંઈ વિધિ થતા રહે છે. પણ વાદળોમાં તોપગોળા છોડવાનો ચીનના જેવો પ્રયોગ એ વિમાન દ્વારા વાદળો પર સિલ્વર આયોડાઈડ કે મીઠાનો છંટકાવ કરવા જેવો તર્કસંગત લાગે છે.

વાદળોનું વિજ્ઞાન જો કે હજી અપૂર્ણ છે, પરંતુ એટલું તો સર્વત્ર સ્વીકારાયું છે કે વર્ષામેઘને કોઈ એવી ઉત્તેજનાની જરૂર તો પડે જ છે કે જેથી તેનામાં એકદમ ઠંડક પેદા થઈને તેમાં સૂક્ષ્મ જલકણોના જલબુંદો રચાય અને તે વરસાદ રૂપે પૃથ્વી પર વરસી પડે. —સંકલિત

રોગોપચારના પ્રકારો

રોગનિદાન અને ઔષધો વડે જ દર્દી રોગમુક્ત થાય છે એવું મનાય છે. આની સામે એક મત એવો યે છે કે આ માન્યતા તદ્દન ખરી નથી, અને એમાં દાક્તર તો ઘણી વાર માત્ર એક નિમિત્ત જ બની રહે છે. કેટલીક એવી કુદરતી શક્તિ પણ છે કે જે હજી સ્પષ્ટપણે સમજી શકાઈ નથી, છતાં કોઈ ચમત્કારની જેમ એ ઘણી વાર અકસીર પુરવાર થઈ છે. તાજેતરમાં જ છાપાંમાં ખબર આવેલા કે લંડનની એક હૉસ્પિટલમાં ઓપરેશન પછી એક દર્દીના ઘા કોઈ રીતે રૂઝાતા નહોતા.

'કુમાર' ચન્દ્રક ઉપરાંત

રૂ. ૫૦૧નું નવું પારિતોષિક

અમને જાહેર કરતાં આનંદ થાય છે કે 'કુમાર'માં આવતા લેખો પૈકી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે રૂ. ૫૦૧નું એક પારિતોષિક મુંબાઈના શ્રી હર્ષદરાય કે. દડિયા (દડિયા ટેક્સ્ટાઈલ્સ) તરફથી તેમના સ્વ. પિતાશ્રીના નામથી **'સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક'** તરીકે આપવા માટે ત્રણ વર્ષની રૂ. ૧૫૦૩ની રકમ અમને મળી છે. એ માટે એમનો આભાર માનીએ છીએ. સદરહુ પારિતોષિકના નિર્ણાયકો તરીકે 'કુમાર' ચન્દ્રકના નિર્ણાયકો જ રહેશે ને 'કુમાર' ચન્દ્રકના વિજેતાને એ ચન્દ્રક ઉપરાંત આ પારિતોષિક પણ અપાશે. આશા છે કે ગુજરાતના લેખકો આનો લાભ લેશે.

રૂઝ લાવવા માટે ઍન્ટીબાયોટિક્સ ઔષધોના અનેક પ્રયોગ પછી યે દર્દીને સારું ન થતાં કોઈના સૂચનથી એક અજમાયેશ ખાતર એના ઘા પર પપૈયાની ચીરો બાંધવામાં આવી અને એકાદ સપ્તાહમાં તો આશ્ચર્યજનક રીતે દર્દીને આરામ થઈ ગયો. અમુક અંગ પર ડામ દેવો, પગને અંગૂઠે દોરો બાંધવો, કાન વીંધવા, પગમાં લાકડાની ચાખડી પહેરવી, અમુક જ પ્રકારના મણકા, રત્ન કે રુદ્રાક્ષ પહેરવાં, કેટલીક વગડાઉ વનસ્પતિનો અમુક રીતે જ કોઈ બીમારીમાં ઉપયોગ કરવો, સોના-ચાંદીના પાત્રમાં જ ખાવુંપીવું, પગમાં ચાંદીના કરડા પહેરવા, જળો મુકાવવી, અમુક ઝેર ચડેલા કે ઘાયલ થએલાઓને જમીનમાં દાટી રાખવા કે ઍક્યુપંક્ચર એટલેકે શરીરમાં અમુક નિશ્ચિત સ્થાન પર સોય ભોંકાવવી એમ એવી તો અનેક અવનવી રીતોની અસરકારકતાનું વૈજ્ઞાનિક કારણ હજી રહસ્યમય હોવા છતાં એની અકસીરતા પુરવાર થઈ ચૂકેલી છે. આવા સંખ્યાબંધ સિદ્ધ પ્રયોગો કે ટુચકાનુસખાને વિસારી દેવા કરતાં એની સમજપૂર્વક અજમાયશ કરવા જેવું નથી લાગતું ? આજનાં એવાં અનેક ઔષધો છે કે જેની આડઅસર ઘણી વાર કોઈ ને કોઈ રીતે ખતરનાક પુરવાર થતી રહી છે, છતાં એનું જોખમ આપણે વહોરીએ જ છીએ. તો પછી અકસીર ઠરેલા ટુચકાઓની પણ અજમાએશ કરીએ તો ?

વરાહમિહિરની બૃહત્ સંહિતા

વરાહમિહિરની બૃહત્ સંહિતા એ તો એક જ્ઞાનકોષ જેવી છે. એમાં ખગોળ, જીવશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ઔષધવિજ્ઞાન, સુગંધી દ્રવ્યવિજ્ઞાન, સ્થાપત્યશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, ભૂગોળ, પિંગળ વગેરે અનેક વિષયો ચર્ચવામાં આવ્યા છે. ખગોળ વિભાગમાં ગ્રહોની ગતિ, સૂર્યના પ્રવાસમાર્ગને બાર રાશિઓમાં વિભક્ત કરવાની પદ્ધતિ, ગ્રહણો, તિથિઓ, કરણો વગેરેની સમજણ આપવામાં આવી છે. વરાહમિહિરે ખગોળના પ્રકરણમાં જ્યોતિષશાસ્ત્રના ત્રણ ભાગ પાડ્યા છે : તંત્ર એટલે કે ખગોળીય પિંડોનું ગણિત, બીજો હોરા જેમાં કુંડલી માંડવાની રીત છે, અને ત્રીજો સંહિતા અથવા તો ફલજ્યોતિષ. વરાહમિહિરના બૃહત્ જાતકનું મૂળ બાબીલોનમાં હતું એમ કહેવાય છે. આ ક્ષેત્રમાં બીજી અગત્યની કૃતિઓમાં હોરાશતપંચાશિકા, વસિષ્ઠ સંહિતા અને હર્ષકીર્તિ સૂરિના જ્યોતિષસારોદ્ધારનું સ્થાન અગત્યનું ગણાય.

('જન્મભૂમિ–પ્રવાસી') —મનુભાઈ મહેતા

પાણી બચાવો

અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં મીઠા પાણીનો વપરાશ વધુ છે. ભારતની વસતિ પણ લગભગ સાઠ કરોડે પહોંચી છે. નાહવા-ધોવામાં અને પીવામાં મીઠા પાણીનો જ સતત ઉપયોગ થતો હોવાથી ગામના

હરિઃ ૐ આશ્રમ તરફનું
અંક ૬૪૨ માટેનું રૂ. ૫૦નું

વ્યક્તિચિત્ર પારિતોષિક

'સમજણનો એક અવસર'ના લે. શ્રી મુકુન્દરાય પારાશર્યને મળે છે.

ગોંદરે આવેલા કૂવા ઉપર ખૂબ જ દબાણ રહે છે. ખેતરોમાં આવેલા કૂવાઓના પણ એ જ હાલત છે. વરસાદ ખૂબ જ અનિયમિત હોવાથી અને અનાજની માંગ દિનેપ્રતિદિન વધતી જતી હોવાથી, ખેડૂતો વધુમાં વધુ પાકનું ઉત્પાદન થાય તે માટે મહેનત કરતા હોય છે. ખેતીનો મોટો આધાર પાણી ઉપર હોય છે. ખેતરોમાં કૂવામાં પૂરતું પાણી હોય તો જ ખેડૂત પાક લેવાની હિંમત કરે છે. મીઠા પાણીના સંગ્રહ માટે પણ જોરદાર પ્રયત્નો થઈ રહ્યા છે. વરસાદનું પાણી દરિયામાં વહી જાય તેને રોકીને ખેતીમાં તેનો ઉપયોગ થઈ શકે તે દિશામાં પણ નોંધપાત્ર પુરુષાર્થ થયો છે; પણ હજી બધી જ મહત્ત્વની નદીઓને નાથવાનું શક્ય બન્યું નથી.

વસતિમાં તો રોજ ને રોજ વધારો થતો જ જાય છે. દરેક માણસને જીવતા રહેવા માટે અમુક પ્રમાણમાં પાણી મળવું જ જોઈએ. માણસને પીવા માટે વધુ પાણી નથી જોઈતું, પણ એક માણસને પૂરતો ખોરાક પૂરો પાડવા માટે વધુ પાણીની જરૂર પડે છે. એક પાઉંમાં વપરાતું અનાજ ઉગાડવા માટે ૧૨૦ ગૅલન પાણીની જરૂર પડે; જ્યારે એક રતલ માંસનું ઉત્પાદન કરવા માટે તેના કરતાં ચારસોગણું પાણી જોઈએ છે!

ઉર્જા ઉત્પન્ન કરવા માટે પાણીની જરૂર પડે છે. તે ઉપરાંત રોજ-બ-રોજની વપરાશમાં આવતી પ્લાસ્ટિકથી માંડીને પોલાદની નાની-મોટી વસ્તુઓ બનાવવામાં ખૂબ પાણી જોઈએ છે. અમેરિકામાં છેલ્લાં પચ્ચીસ વર્ષમાં પાણીના માથાદીઠ વપરાશમાં ૭૫ ટકા કરતાં વધુ વધારો થયો છે. આવતી સદીની શરૂઆતમાં અત્યારે પાણીનો વપરાશ છે તે ત્રણગણો થઈ જશે એવી ગણતરી છે! દિનપ્રતિદિન ખેતીમાં વધારો થતો જાય છે. વધુ ઉત્પાદન માટે ખેતીમાં વધારો કર્યા વિના છૂટકો યે નથી. વધુ ઉત્પાદન લેવા માટે પાણીની ખૂબ જરૂર પડે. વિકસતા દેશો સામે પાણીનો મોટો પ્રશ્ન છે. પાણીનો વધુ ઉપયોગ ખેતી માટે કરવો કે ઉદ્યોગો માટે તે બાબત વહીવટકર્તા મૂંઝાય છે. પાણી મર્યાદિત છે, જ્યારે અનાજ અને વસ્તુઓની માગ અમર્યાદિત છે.

મીઠું પાણી મેળવવા નવાં સાધનો શોધવાં ખર્ચાળ છે. વળી ખર્ચ કર્યા પછી પણ પાણી મળશે કે નહિ તેની કોઈ ખાતરી નથી. એટલે ઉત્તમ ઉપાય એ છે કે વસતિનું નિયંત્રણ કરવું અને પાણીનું એક પણ ટીપું નકામું ન જાય તેની અત્યંત કાળજી રાખવી. મીઠા પાણીનો સહેજ પણ બગાડ એ દેશની પ્રગતિને હાનિ પહોંચાડવા જેવું છે તેવો દરેક નાગરિકને ખયાલ હશે તો પાણીની સમસ્યા કંઈક હળવી કરી શકાશે.

લસણ વિષે થોડું વધુ

આંખનાં દર્દો માટે 'ચાડિલ' નામની એક દવા લાભકારક છે. આ દવા લસણની વાસ દૂર કરીને તેમાંથી બનાવવામાં આવે છે. પણ એ દવાના બદલે સહજ પ્રાપ્ય લસણ જ કેમ ન વાપરવું? આંખની સારવાર માટે છેક જર્મની ગએલા સ્વામી સત્યદેવે આ રીતે લસણનો ઉપયોગ કરીને લાભ પામ્યાનો પ્રસંગ છાપાંઓમાં આપ્યો હતો. એમના કહેવા પ્રમાણે નેત્રજ્યોતિની ખામીવાળા રોગોમાં લસણનું સેવન અકસીર પુરવાર થયું છે. આ પ્રયોગની સાથે સવાર સાંજ એમણે ખુલ્લી આંખો પર બંને હાથની હથેળી ઢાંકી, એ ઢંકાએલી આંખથી હરિયાળી કે લીલોરંગ જોતા હો એવી કલ્પના કરવાનું સૂચવ્યું છે. આંખના કુદરતી ઉપચાર કરનારાઓ આને 'પામિંગ' કહે છે.

પેટના કૃમિ મારવા માટે પણ લસણ અકસીર છે. લસણની પાંચેક નાની કળીઓ ફોલીને એને દ્રાક્ષ અથવા મધમાં લસોટીને લેવાની ભલામણ છે. આ પ્રયોગ દરમિયાન કઠોળ અને ખટાશ ત્યાજ્ય છે. અનાજ ખાવાનું પ્રમાણ પણ ઘટાડવું જરૂરી છે. ખાટાં ન હોય તેવાં ફળો લઈ શકાય. જેમને વારંવાર મોંમાં થૂંક આવતું હોય, બળખા છૂટતા હોય કે એવી કોઈ વિકૃતિનો વ્યાધિ હોય તેમને માટે પણ આ પ્રયોગ હિતકારી છે. રાત્રે સૂતી વખતે કાચું લસણ ચાવી જવું પણ લાભકારી છે. કાયમી શરદી રહેતી હોય તો આ પ્રયોગ કરવા જેવો છે.

કમરનો મણકો ખસી જવા (સ્લિપ્ડ ડિસ્ક)ને લીધે પીઠમાંથી વાંકા વળી દર્દથી પીડાતા એક ભાઈએ 'એક કળીના લસણ'ની ચારેક કળીઓ રોજ સવારે ઘીમાં સાંતળીને નરણે કોઠે ખઈને અને તે ગરમ ન પડે એટલા સારુ ઉપર બેત્રણ પ્યાલા દૂધ પીવાનું રાખીને દસબાર દિવસમાં જ આરામ મેળવ્યાનો એક પ્રસંગ પણ પ્રકટ કરેલો છે એ પણ અજમાવવા જેવો છે.

—સંકલિત

દૂધી

બધાં પથ્ય શાકમાં શ્રેષ્ઠ ગણાતી દૂધી છે તો તુંબડાંના વર્ગની, પણ આ એની મીઠી જાત છે (તુંબડી કડવી હોય છે.) લગભગ બારે માસ એ મળે છે, પણ આ—વૈશાખથી અષાઢના—ગાળામાં એ વિશેષ જોવા મળે છે. શાકમાં એ ભેગા તરીકે યા એકલી વપરાય છે, પણ ચણાની દાળ સાથેનું એનું શાક તથા એનો હલવો સવિશેષ લોકપ્રિય છે. માંદા માણસના આહારમાં પણ દૂધીનો ઉપયોગ પથ્ય ગણાય છે. દૂધીની તાસીર શીતળ હોઈ ગરમ પ્રકૃતિવાળાના આહારમાં તથા કેશતેલની બનાવટમાં એનો ઉપયોગ લાભકર છે. તાવની ગરમી મગજમાં ન ચડી જાય એ માટે દૂધીની છીણ અથવા દૂધીનાં ફાડિયાં કરીને માથે બાંધવામાં આવે છે. દૂધી રુચિ વધારનાર, હૃદયને હિતકારી તથા પિત્ત અને કફને દૂર કરનાર છે. સગર્ભાવસ્થામાં પુષ્ટિ આપનાર અને કબજિયાત દૂર કરનાર દૂધી બાફીને મીઠું ને તીવ્ર મસાલા નાખ્યા વિના લેવામાં આવે તો ક્ષયના દર્દીને પણ ગુણ કરે છે. યુનાની હકીમો દૂધીનાં બીજને મગજની ગરમી ઉતારનાર ને પુષ્ટિ આપનાર ગણે છે, તો સુશ્રુત એને મળ ઉતારનાર, રુક્ષ અને અત્યંત ઠંડી ગણાવે છે. મધ કે સાકર સાથે દૂધીનો રસ, શરીરનો દાહ, લોહીવિકારથી થતાં ગડગૂમડ ને લોહીની વધુકી ગરમીથી નાકમાંથી લોહી પડે તે પર ગુણ કરે છે.

કદ અને આકાર ભેદે એની ઘણી જાત થાય છે, જેમાં તુંબડી જેવી એક ગોળાકાર જાત પણ છે જેને મીઠી તુંબડી કહે છે. ક્વચિત્ શાકમાં કડવી દૂધી પણ આવી જાય છે, જે અહિતકર કોઈ અખાદ્ય છે.

('નિરામય')

—મા. મો. ચૌધરી

વિવિધા

❚ શનિનું કદ પૃથ્વી કરતાં ૭૦૦ ગણું છે અને વજન ૯૫ ગણું. એટલે એની ઘનતા ૦·૭૧ છે, જે પાણી કરતાં પણ ઓછી થઈ. આનો અર્થ એ કે જો પૂરતો વિશાળ જળ વિસ્તાર મળે અને એના પર શનિને મૂકવામાં આવે તો એ પાણીમાં ડૂબે નહિ પણ એના પર તરતો રહે!

❚ પૃથ્વી પરના જળવિસ્તારના પ્રમાણમાં જમીન તો માત્ર ૩૦ ટકા જ જોવા મળે છે. (બાકીની બધી પાણીમાં ડૂબેલી છે.) જો આ જમીન પર રંધો ફેરવીને એને સમુદ્રની આજે દેખાતી સપાટી જેટલી ઉતારી નાખવામાં આવે તો બધું સાગરજળ એના પર ફરી વળી પોતાની સપાટીથી નીચે છેક ૩ ૬ કિ. મી. જેટલે ઊંડે સુધી ડુબાડી દે.


❚ અતિ ભારે દબાણની અજબ અસર પડે છે. દા. ત. આપણો જાણીતો બરફનો ટુકડો 0° સે જેટલા ઉષ્ણતામાનમાં ઓગળે છે અને પાણી પર એ તરે છે. પણ જો એના પર ૨૫૦૦૦ વાતાવરણ જેટલું દબાણ અપાયું હોય તો એ જ બરફને ઓગાળવા ૨૬૦° સે. જેટલી ગરમી જોઈએ અને પાણીમાં તો એ લોખંડની માફક ડૂબી જ જાય.

માસમાસના આકાશમાં—જૂન-જુલાઇ



ઉત્તર આકાશમાં ધ્રુવતારાને ભીંસમાં લઈને બેઠેલા 'કાલિય' તારામંડળને આપણે ઓળખીએ છીએ. આ કાલિયની ગરદનના વળાંકમાં 'કદંબ' નામક એક કાલ્પનિક બિંદુનું ખગોળશાસ્ત્રમાં ઘણું મહત્ત્વ છે. સૂર્યના આકાશી માર્ગ–ક્રાંતિવૃત્તનું એ ધ્રુવબિંદુ છે, એટલેકે ક્રાંતિવૃત્ત પરનું પ્રત્યેક બિંદુ આ કદંબના કાટખૂણે હોય છે. આ કદંબથી ધ્રુવતારા જેટલી લાંબી ત્રિજ્યા લઈને પૃથ્વીની ઢળતી રહેતી ધરીનો ઉત્તર છેડો લગભગ ૨૬૦૦૦ વર્ષે એક વર્તુળ રચે છે. બીજી રીતે કહીએ તો પૃથ્વીની ધરી આ વર્તુળના પરિઘ તરફ તકાએલી રહે છે. આથી આ પરિઘ પરનો, યા એની તદ્દન નજીકનો તારો કાળાનુક્રમે પૃથ્વીનો ધ્રુવતારો ગણાય છે. આજે જે આપણો ધ્રુવતારો છે એના સ્થાને ૩૫૦૦ વર્ષ પહેલાં કાલિયનો 'क' તારો હતો, તો હવે પછી ૧૩૦૦૦ વર્ષ બાદ 'વીણા' તારામંડળનો 'અભિજિત' આપણો ધ્રુવતારક ગણાશે. આ વીણા તારામંડળ હવે ઈશાનમાંથી પ્રવેશી રહ્યું છે. 'શૌરિ'ની બાજુમાં આવેલું આ તારામંડળ છે તો નાનકડું, પણ એના છ મુખ્ય તારાઓમાં અભિજિતની તેજસ્વિતા પ્રેક્ષણીય છે. માત્ર વીણા તારામંડળમાં જ નહિ, પણ હાલમાં દેખાતા મઘા, સ્વાતિ, ચિત્રા, પારિજાત, જય–વિજય વગેરે જેવા તેજસ્વી તારાઓ વચ્ચે પણ અભિજિત અનોખા તેજે પ્રકાશે છે. અભિજિત કદમાં સૂર્ય કરતાં અઢીગણા વ્યાસવાળો અને તેજમાં ૫૦ ગણો છે. ઉનાળાના આકાશમાં શોભારૂપ એની આ તેજસ્વિતાનું આપણે તો ૨૬.૫ પ્રકાશવર્ષ દૂરથી દર્શન પામીએ છીએ. નક્ષત્રગણનામાં અભિજિતને ૨૭ ઉપરાંતનું ૨૮મું નક્ષત્ર પણ ઘણા ગણે છે. અભિજિતની બાજુનો, વીણામંડળની ઉત્તર ટોચ પરનો તારો દેખાય છે ઝાંખો, પણ એ યે ચાર તારાનો બનેલો છે. વીણાના બીજા તારા પણ યુગ્મ ને રૂપવિકારી છે. આપણા દૃષ્ટિપટમાં હજી તો એ પ્રવેશી રહ્યું હોઈ એનું વધુ દર્શન બાજુએ રાખી, હવે પશ્ચિમે ઢળવા લાગેલા પરિચિત તારામંડળોનો વધુ દર્શનલાભ લઈએ. આમાં ઉત્તરે 'સપ્તર્ષિ' અને દક્ષિણે 'વૃશ્ચિક'ની ઉદય-અસ્ત સમય દરમિયાનની ગુલાંટો જોવી રસમય થશે. અને 'સ્વાતિ' તથા 'ચિત્રા'ના ઉદય-અસ્ત-કાળ પણ જોજો. એમાં રસમય તફાવત પડે છે. —બિ. ટાં.

આ માસ (જૂન) ઇતિહાસમાં



તા. ૫ (૧૭૮૩) ફ્રાંસના ઍનૉની ગામમાં મૉન્તગોલ્ફર ભાઇઓ (જોસેફ) અને ઍન્ટનીએ બલૂન ઉડાડવાનો પ્રથમ સફળ જાહેર પ્રયોગ કરીને ઉડ્ડયનક્ષેત્રનાં દ્વાર ખોલ્યાં. એમણે બનાવેલો ૩૮ ફૂટના વ્યાસવાળો એ મોટો ગુબ્બારો ૬૦૦૦ ફૂટ ઊંચે ચડી, દસેક મિનિટ ત્યાં તરીને દોઢેક માઈલ દૂર પહોંચેલો. આ સફળતા પછી એ ભાઈઓ ને બીજાઓએ આ દિશામાં પ્રયોગ વધાર્યા. એ જ વર્ષના નવેમ્બરમાં બલૂન સાથે પહેલી જ વાર માણસે ઊંચે હવામાં સહેલ કરી. આગળ જતાં ગુબ્બારામાંની હવાને નીચેથી તાપ આપીને ગરમ કરવાના બદલે તેમાં હવાથી હલકો હાઇડ્રોજન ગૅસ વપરાવા લાગ્યો. પણ એ વાયુ તરત સળગી ઊઠે તેવો હોઈ એનાથી અકસ્માતો સર્જાવા લાગ્યા જેમાં ૧૭૮૫માં પ્રથમ જીવલેણ હોનારતમાં બે જણ માર્યા ગયા. છતાં માણસે પ્રયોગો જારી રાખ્યા ને તેમાંથી 'હવાઈ જહાજ' (air ship)નો વિકાસ થયો. ઈ. ૧૯૧૦ની ૧૯મી જૂને આવા બલૂન હવાઈ જહાજનો નિયમિત વ્યવહાર સ્થપાયો અને બર્લિનની લેઈક કૉન્સ્ટન્ટ સુધીની અવરજવર આરંભાઈ. જેમાં પહેલું જ એરલાઈનર 'ગૅઈશલૅન્ડ' પોતાની પહેલી જ સફરમાં નાશ પામ્યું. છતાં બલૂની હવાઈ જહાજો ટકી રહ્યાં ને પહેલા-બીજા વિશ્વયુદ્ધમાં પણ વિવિધ રીતે કામે લાગેલાં. ઈ. ૧૯૨૯માં ૨૦ દિવસ અને ૪ કલાક ૨૧,૭૦૦ મા.ની સફર કરીને 'ગ્રાફ ઝેપલિને' પૃથ્વીની પ્રદક્ષિણા કરીને વિક્રમ સ્થાપેલો. પણ અંદર ભરાતા દહનશીલ વાયુઓને કારણે તથા યાંત્રિક વિમાનોના વિકાસથી બલૂનોનો યુગ આથમી ગયો.

તા. ૬ (૧૯૧૭) ગાંધીજીએ બિહારમાં ઉપાડેલી ચંપારણ્યની લડતની સમાપ્તિ. ત્રણ એકરમાં ફરજિયાત ગળી વાળવાના 'તીન કઠિયા' (ત્રણ એકર)ના ત્યાંની જમીનદારીના ત્રાસજનક કાયદામાંથી ઉગાર પામવા બિહારના ખેડૂતોની વિનતિથી એ પ્રજા પાસેથી એક પૈસોયે ઉઘરાવ્યા વિના ગાંધીજીએ ઉપાડેલી એ લડતથી તીન કઠિયાનો નિયમ તો ગયો જ, પણ આ લડતને બિલકુલ રાજકીય સ્પર્શ આપ્યા વિના ગાંધીજીએ અહિંસા અને સત્યના સહારે સવિનય ભંગની લડતનો પ્રથમ સફળ પાઠ દેશની પ્રજાને આપ્યો, એટલું જ નહિ, એમણે લડત દરમિયાન ત્યાંના ખેડૂતોમાં શિક્ષણ, સફાઈ અને આરોગ્યનું જ્ઞાન પણ સાથોસાથ ફેલાવ્યું. સત્યાગ્રહની ત્યારની અને આજની વ્યાખ્યા કેટલી ફેરવાઈ ગઈ છે?

તા. ૧૭ (૧૮૬૦) 'ગ્રેઈટ ઈસ્ટર્ન'ની આટલાંટિક પાર પહેલી સફર. પોતાના સમયનાં મોટાં જહાજો કરતાં યે એ અનેકગણી મોટી અને ઈજનેરી અજાયબી સમી ૬૯૨ ફૂટ લાંબી અને ૮૩ ફૂટ પહોળી તથા સંપૂર્ણ લોખંડી બદનવાળી ગંજાવર સ્ટીમર હતી. સઢ, પ્રોપેલર સ્ક્રૂ અને પડખામાં પાંખિયાવાળાં ચક્રો જેવી ત્રિવિધ સંચલન સગવડવાળી એ સ્ટીમર ઇંગ્લૅન્ડથી ૧૦॥ દિવસમાં ન્યૂ યૉર્ક પહોંચી હતી અને ૯॥ દિવસમાં પાછી ફરી હતી. એનું સર્જન એ સમયનું લાખો પાઉન્ડના ખર્ચવાળું ગંજાવર સાહસ હોવા છતાં ૧૮ વર્ષની એની વિવિધ કામગીરીમાં એ મોટેભાગે મનહૂસ જ સાબિત થએલી.

તા. ૧૯ (૧૮૫૦) દેવયાની તારામંડળમાં 'એમ ૩૧'ની સંજ્ઞાથી ઓળખાતી 'દેવયાની' નિહારિકાની અર્લ ઑાવ રૉસે શોધ કરી. નરી આંખે મોટામાં મોટી ને વધુમાં વધુ તેજસ્વી દેખાતી આ નિહારિકા છે. આપણાથી ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂર ને દોઢલાખ પ્રકાશવર્ષ જેટલા પ્રલંબ વ્યાસવાળી આ નિહારિકા આપણા આકાશગંગા તારાવિશ્વ જેવી ઘણીખરી ખાસિયતો ધરાવે છે.

તા. ૨૧ (ઈ. પૂર્વે ૩૨૬) જગતવિજયી સિકંદર સાથે પંજાબના રાજા પોરસની લડાઇનો પ્રથમ દિન.

તા. ૨૩ (૧૭૫૭) પલાસીના યુદ્ધમાં સિરાજ ઉદ્ દૌલાની હાર થઈ અને મીર જાફરને બંગાળની નવાબી મળી. આ યુદ્ધમાં સહાય કરવા બદલ એણે અંગ્રેજોને વિવિધ ખર્ચ ને ખાનગી ભેટ રૂપે કુલ ૨,૫૦,૮૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા. ત્રણ જ વર્ષ પછી એને પદભ્રષ્ટ કરી અંગ્રેજોએ એની નવાબી મીરકાસમને આપીને એની પાસેથી પણ ૫૯,૨૦,૦૦૦ રૂપિયા પડાવેલા.



'કનુભાઈની સાથે મારે આજે બરોબરની ઉેરી ગઈ હતી. અને મને રોક્યો ન હોત તો એનાં છાતરાં ઉખેડી નાખત!'

'તે તમને કોણે રોક્યા?'

'કનુભાઈએ.'

∞

શિક્ષક: છોકરાંઓ, તમારે વહેલા ઊઠવાની ટેવ પાડવી જોઈએ: દસ વાગ્યે સૂઈને છ વાગ્યે ઊઠી જવું જોઈએ.

એક ચેકુસ: સાહેબ, છ વાગ્યે સૂઈને દસ વાગ્યે ઊઠીએ તો ચાલેને?

∞

એક જાડાપાડા મુસાફરે ટ્રેઈનના ડબ્બામાં નીચલી સીટ પર બેઠેલા એક દૂબળાપાતળા ઉતારુને કહ્યું: 'ગયા વખતે હું ઉપલી સીટ પર સૂતો ત્યારે એ તૂટી ગઈ હતી. આશા છે કે આ વખતે એ નહિ તૂટે. એમ કહીને એ બાથરૂમમાં ચાલ્યો ગયો. પાછા ફરીને એણે જોયું તો પેલો દૂબળો મુસાફર પોતાની સલામતી ખાતર ઉપર ચડી ગયો હતો. જાડા માણસે નિરાંતે નીચલી સીટ પર લંબાવ્યું.

∞

ભીમાએ પટાવાળાની નોકરી માટે અરજી લખાવવા માંડી. અરજી લખનારે પૂછ્યું: 'ઉમર?' ભીમો કહે ૨૬ વર્ષ.

'પણ તમે ત્રણ વર્ષ પહેલાં અરજી કરી ત્યારે પણ ૨૬ વર્ષ જ લખાવ્યાં હતાં ને!'

'હા સાહેબ; મરદની જિબાન એક જ હોય; એ કદી ફરે નહિ!'



('જનસત્તા'માં 'શિવ')

છે પહાડ ઊંચો, ખડકો કઠોર; ટૂંકો ઝઝૂમી, પગથી ય ઝાંખી
ને ખીણ ઊંડી; પણ વીર યાત્રી! ડગે થયું છે દઢ ને ચકોર.

—દેશળજી પરમાર—

સિત્તેરેક વર્ષ પર પ્રાથમિક કેળવણી લેવા માટે ઘરખેડ વિનાના બધા વિદ્યાર્થીને માસિક બે પૈસા ફી આપવી પડતી. એક પિતૃહીન ગરીબ વિદ્યાર્થીને જમીન તો હતી, પણ તે મોસાળના નામ પર હોઈ પોતે મહિને બે પૈસા પણ આપી શકે તેમ ન હતો. ભણવામાં એ બહુ તેજસ્વી હોવાથી શિક્ષકે તેની માફીની યોજના કરી. પરંતુ ભણતરમાં તેટલા જ ચારિત્ર્યમાં તેજસ્વી એ કિશોરે એમાં નીતિભંગ અને માનભંગ સમજી તેનો ઈન્કાર કર્યો; અને એ વેળા નિશાળ વાળવાની મજૂરી મહિને બે પૈસા મળતી તે કામ કરી, પોતે ભણ્યો ત્યાં સુધી નિશાળ વાળીને પોતાની ફી આપી! પાયામાંથી જ પ્રામાણિક કમાણીનો પથ્થર મૂકનાર એ કિશોરે જીવનનું કેવું વિશુદ્ધ ને ખડતલ ચણતર કર્યું તે તો, અમદાવાદમાં આજે લાખોની કિંમતની રાજનગર ટાઈપ ફાઉન્ડ્રીના સ્થાપક દલસુખરામ પટેલને ઓળખનાર સૌ જાણે છે.

∞

કહેવત : 'ભાવતું હતું અને વૈદે કહ્યું.'—કોઈને અનુકૂળ અને મનભાવતા સંજોગો ઊભા થાય કે આવી મળે એ સબંધે સચોટ દૃષ્ટાંત વાળી આ કહેવતને મળતી બીજી કહેવતો : 'રોતી હતી ને પીઅરિયાં મળ્યાં'; 'દોડવું હતું અને ઢાળ આવ્યો' વગેરે.

∞

અનેકાર્થી શબ્દ : **લક્ષ** = ધ્યાન; લાખની સંખ્યા; હેતુ કે ઉદ્દેશ; તાકવાનું નિશાન; ગણપતિના બે પુત્રો પૈકીનો એક; અંજીરનું ઝાડ; વ્યાજ; પગ; મન, જીવ કે ચિત્ત.

∞

અંક સંદર્ભ—**પાંચ** : પાંચ રાજચિહ્નો—છત્ર, ચામર, સિંહાસન, મુકુટ, રાજદંડ; અભિનયનાં પાંચ અંગ—દેહ, આંખો, ભ્રુકુટિ, હાથ, પગ; આયુર્વેદીય પંચકર્મ—વમન, રેચન, નાસ, અનુવાસન, નિરુહ; પંચમ રાગ—નાભિ, છાતી, હૃદય, કંઠ ને મૂર્ધા, એ પાંચ સ્થાનોમાંથી કાઢેલા સૂર તે પંચમ રાગ કહેવાય છે.

∞

સૂકા મેવા તરીકે પ્રખ્યાત કાજુ એ હિંદની એક આગળપડતી પેદાશ છે. તે મૂળ તો અમેરિકાનું વતની, પણ આજે હિંદમાં તે કુદરતી રીતે એટલું મબલખ ઊગે છે કે આખી દુનિયાની કાજુની વપરાશનો ૯૫ ટકા ભાગ એકલું હિંદ પૂરો પાડે છે, અને તે પણ હિંદમાં થતી તેની કુલ પેદાશનો ૭૫ ટકા ભાગ છે. બાકીનો ૨૫ ટકા ભાગ હિંદમાં વપરાય છે.



ટિકિટકથા: ઈ.૧૮૫૭માં સીલોનની ટિકિટો બહાર પડી ત્યારે ત્યાં બ્રિટિશ ચલણ ચાલતું હતું. એ કાળે બ્રિટિશ સત્તા તળેના આયોનિયાની ટિકિટ પરથી રાણી વિક્ટોરિયાની છબી અને ટાસ્માનિયાની ટિકિટ પરથી એની આસપાસની કિનારીનું મિશ્રણ કરીને આ ટિકિટનું ડિઝાઇન બનાવેલું. પહેલી છ પેન્સની ટિકિટ બહાર પડ્યા પછી વિવિધ મૂલ્યવાળી બીજી અગિયાર ટિકિટોની એ શ્રેણી એ સમયે અસાધારણ હતી. એમાંની ઉપર આપી છે તે ચાર પેન્સની નહિ વપરાએલી એવી માત્ર બારેક ટિકિટોનું જ અસ્તિત્વ આજે જાણમાં છે, જે દરેકની કિંમત ૭૦૦ પાઉન્ડ જેટલી અંકાય છે. જ્યારે વપરાએલી ટિકિટની ૭૫૦ પાઉન્ડ!

ખરજવું જરા પણ કોરું ન પડે એ રીતે તેના પર સતત—ચોવીસે કલાક એરંડિયું (દીવેલ) ચોપડેલું રાખ્યા કરવાથી મટી જાય છે. પણ દીવેલ લેશમાત્ર કોરું ન પડે તે રીતે લાગલાગટ ૩૦ દિવસ સુધી આ પ્રયોગ કરવો જોઈએ એથી ખરજવાના જંતુ મરી જઈ ચામડી ચોખ્ખી ને સુંવાળી થાય છે.

∞

મોહન : એ તો તું સાંખી રહે; તારે બદલે હું હોઉં તો તેને બરોબરની ચોપડાવી દઉં.

સોહન : ચોપડાવી તો હું યે દઉં; પણ એને સુવ્વરને ત્યાં ટેલિફોન નથી.

તમે જાણો છો?

◘ ડૉ. ટૉમસ આર્નોલ્ડ ત્રણ વરસની નાની વયે જ અભ્યાસમાં એટલો નિપુણ હતો કે તેના બાપે તેને ઇંગ્લૅંડના ઇતિહાસના ૨૪ ગ્રંથો ભેટ આપેલા. ◘ 'ગ્રેહાઉન્ડ' નામના કૂતરાની જાત દુનિયાભરમાં જૂનામાં જૂની ગણાય છે. ◘ ખિસ્સા-ઘડિયાળમાં નાનામોટા મળીને ૧૭૯ વિવિધ ભાગ હોય છે, જે પૈકી માત્ર ૫૦ ભાગ જ ફરતા હોય છે.

नास्ति विद्यासमं चक्षुः
नास्ति सत्यसमं तपः।
नास्ति रागसमं दुःखम्
नास्ति त्यागसमं सुखम्॥

વિદ્યા જેવી કોઈ આંખ નથી, સત્ય કરતાં મોટું કોઈ તપ નથી, આસક્તિ જેવું કોઈ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઈ સુખ નથી.




રોજબરોજ પ્રકટ થતું દાક્તરી સાહિત્ય એટલું વિપુલ હોય છે કે તેથી સંપૂર્ણપણે વાકેફ રહેવું હોય તો ડૉક્ટરે રોજ ૬૩૮થી યે વધારે વૈજ્ઞાનિક લેખો વાંચવા જોઈએ.

∞

મકાઈના ડોડા પરની મુસી તોલો ૧ લઈ, તેને ઝીણી કાતરી, એક શેર પાણીમાં ઉકાળી, દશ ભાર બાકી રહે એટલે ચોળીને ગાળી લેવું. આ ગાળેલું પાણી પીવાથી બંધ થએલો પેશાબ આવે છે અથવા તો પેશાબને લગતા તમામ રોગો દૂર થાય છે.

∞

નીલમ, હીરા વગેરે ઝવેરાત સ્પિરિટ અથવા કોલન વૉટરથી ધોયા બાદ તેને સુકાવા દો. પછી કોઈ નરમ ચામડા કે મખમલ વડે હળવે હાથે ઘસવાથી ચમક આવશે.



કલાકણિકા : છે તો કમરપટ્ટાનું બકલ માત્ર, પણ કલાશોખીન માણસે એમાં સાપના ભરડામાં ફસાએલા વરુને એની સાથે લડતું કોરેલું છે. ઈસ્વી સનની પહેલી-બીજી સદીની સાઈબીરીયાની આ કારીગરી છે. □

અનુસંધાન] વાચકો લખે છે [પૃષ્ઠ ૧૭૭

કરોળિયાની દવા

૬૩૬મા અંકમાં 'ડૉક્ટરની સલાહ' વિભાગમાં 'કરોળિયાની કોઈ એક દવા અસરકારક નથી' તેવું કહેવામાં આવ્યું છે તેના અનુસંધાનમાં વૈદ્ય તરીકેના મારા લાંબા અનુભવમાં મેં જે ડઝનબંધ કરોળિયાના દરદીને સાજા કર્યા છે તેમાં સફળ થએલાં નીચેનાં ઔષધો 'કુમાર'ના ભિન્નભિન્ન સ્તરના વાચકોને ઉપયોગી થશે:

૧) રોજ રાત્રે ત્રિફલાચૂર્ણ અથવા મંજિષ્ઠાદિચૂર્ણ ૧-૧ ચમચી પાણી સાથે લેવું; ૨) ચંડમારુતમ્ રસ દસગણા માખણમાં મેળવી લગાડવો (ઝેરી હોવાથી સાવચેતી રાખવી); ૩) શોધન તેલ અથવા મરિચ્યાદિ તેલ ઘસવું; ૪) કુવાડિયાનાં અથવા મૂળાનાં બીને કાંજીમાં કે છાશમાં બારીક પીસી લેપ કરવો; ૫) પ્રયોગ દરમિયાન કફકારક સફેદ આહારદ્રવ્યો જેવાં કે મીઠું, દૂધ, દહીં, ખાંડ, કેળાં, મીઠાઇઓ, ફ્રુટજ્યૂસ, ફ્રૂટસલાડનો ત્યાગ કરવો.

(અમદાવાદ) —શોભન

દરરોજ સવારે એકાદ અઠવાડિયું લીંબુના રસમાં હાઇપોના થોડા કણ મેળવી તે મિશ્રણ ચોપડી થોડી વાર તડકામાં રહી નાહવાથી આરામ થાય છે. કરોળિયા વિશેષે કરીને ગળાની નીચે ને ખભાની આજુબાજુમાં છાતી સુધીમાં થાય છે.

(ઝરીઆ) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

'કુમાર'ના જૂના અંકો–૧

મારી પાસે 'કુમાર'ના અંક ૪૬૪ પહેલાંના, છૂટાછવાયા લગભગ ૨૦૦-૨૫૦ અંકો છે. આમાંના કેટલાક આખેઆખા તથા કેટલાક પૂઠાં કે આર્ટપ્લેટો વિનાના છે. 'કુમાર'ના સંગ્રાહકોમાં જેમને જરૂર હોય તેમને તે આપવા ઈચ્છા છે. મારી પાસે ખૂટતા અંકોના બદલામાં લેવા ઈચ્છનારને પ્રથમ પસંદગી આપીશ. મારું સરનામું: ડૉ. ભાનુશંકર પ્ર. દ્વિવેદી ૬, લક્ષ્મીનગર સોસાએટી વિભાગ-૨; નારણપુરા રોડ, અમદાવાદ-૧૩; ટે. નં. ૪૧૬૦૪ તથા ૪૦૫૨૧. મળવાનો સમય અગાઉથી નક્કી કરવા વિનંતી છે.

૨

મારી પાસે 'કુમાર'ના કેટલાક જૂના અંક આવ્યા છે. ઈચ્છુકોએ પત્રવ્યવહાર કરવો.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

Tallest Buildings

માર્ચના 'કુમાર'માં પા. ૭૩મે 'ઊંચામાં ઊંચું'માં મનોરમા ઈયર બૂક ૧૯૭૫નો ઉતારો આપ્યો છે. તે સંબંધે Guiness Book of Recordsની ૧૯૭૨ ઑક્ટોબરની આવૃત્તિમાં નીચે પ્રમાણે લખાણ છે:

World: The tallest inhabited building in the world is the Port of New York Authority's World Trade Center with twin towers of 110 storeys, standing 1,353 feet tall. Work started in 1966 on Barclay and Liberty Streets, lower west side, Manhattan Island New York City N. Y. U.S.A. and the North Tower was topped out on 14 Dec. 1970 having surpassed the Empire State Building on 21 Oct. 1970. The total cost is estimated at $. 650,000,000 (£. 270·8 million.) A 365 feet antenna tower will bring the total height of the North Tower to 1718 feet. Completion will be in 1973. Each tower will have 21,800 windows and 104 elevators. The World Trade Center will be overtopped by the Sears Tower, the national headquarters of Sears Roebuck & Co., in Walker Drive, Chicago, Illinois. It will have 109 storeys. rising to 1451 feet and be due for completion in 1974. The gross area wlll be 4,400,000 sq. feet (101 acres). The maximum sway allowed for in a 150 m.p.h. hurricane would be 11 inches.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

અઘરું પડે છે છતાં—

'મારી માન્યતા' વિભાગમાં લોકસાહિત્યકાર શ્રી જોરાવરસિંહ જાદવની મુલાકાત ગમી. 'કુમાર' સામાન્ય વાચક માટે સમજવું જરા અઘરું પડે છે, છતાં તેનું અમુક લખાણ સામાન્યજનને પણ આકર્ષી જાય છે. લોકસાહિત્ય, લોકસાહિત્યકારોનો પરિચય ને ગુજરાતી ચલચિત્ર વિષે થોડુંક લખતા જાઓ તો ખૂબ ગમશે.

કાવ્યવિભાગમાં દરેક કાવ્યની જે ખૂબીઓ ટાંકતા તે કેમ હવે બંધ થઈ છે?

(કચ્છ) —ગીગાભાઈ ઓડેદરા

અંકસંદર્ભમાં સુધારો

હું 'કુમાર' દર મહિને નિયમિત વાંચું છું. આપનું માસિક શિષ્ટ, સંસ્કારી અને ઉપયોગી વાચન પૂરું પાડે છે તે બદલ આભાર. ફેબ્રુઆરી ૧૯૭૭ના 'કુમાર'ના છેલ્લા પાને અંકસંદર્ભ વિભાગમાં પાંચ પાંડવોનાં નામમાં વયના ક્રમ પ્રમાણે સહદેવનું નામ છેલ્લું જોઇએ. નકુળ નહિ પણ નકુળ ખરી જોડણી છે. તેમજ સંસ્કૃત સાહિત્યનાં પાંચ મહાકાવ્યોનાં નામ રઘુવંશ, કુમારસંભવ, શિશુપાલવધ, કિરાતાર્જુનીય અને નૈષધીયચરિત એ પ્રમાણે જોઇએ. માઘ એ શિશુપાલવધ નામના મહાકાવ્યના રચયિતા સુપ્રસિદ્ધ કવિનું નામ છે. અને છેલ્લે પાંચ આંગળાંનાં નામ શુદ્ધ સંસ્કૃત પ્રમાણે અંગુષ્ઠ, તર્જની, મધ્યમા, અનામિકા અને કનિષ્ઠિકા જોઈએ.

(સૂરત) —રમેશચંદ્ર ત્રિવેદી

મિતાક્ષરી અવલોકનો

'કુમાર'માં શ્રી બહાદુરશાહભાઈ પંડિતનાં મિતાક્ષરી અવલોકનો આપો છો તે બહુ સારું કરો છો. પુસ્તકો ખરીદ કરવામાં એથી પ્રામાણિક માર્ગદર્શન મળે છે. પ્રકટ થતાં પુસ્તકોમાંથી કયું સારું છે તે જાણવાનું અત્યારે બીજું કોઈ સાધન રહ્યું નથી ત્યારે આ ટૂંકી પણ સચોટ નોંધો ઘણી ઉપયોગી થાય છે.

(ભાવનગર) —નાથાલાલ દવે

લવાજમ-વધારો

'કુમાર'ની ખોટ વિષે જાણી ઘણું દુઃખ થયું. તમારી જેમ જ યુરોપ-અમેરિકાનાં બધાં માસિકોએ પાનાં ઘટાડયાં છે ને લવાજમ વધાર્યાં છે. ત્યાં મોંઘવારી ઉપરાંત, ટી.વી.એ ઘાણ કાઢયો છે અને ઘણાં સારાં માસિકો બંધ થઈ ગયાં છે. તમે આપણા મધ્યમ વર્ગની નબળી આર્થિક સ્થિતિ વિષે લખ્યું છે તે ખોટું નથી, પણ મધ્યમવર્ગનાં મૂલ્યો બદલાયાં હોઈ ખર્ચ કરવાની રીતરસમો બદલાઈ છે એ વધુ સાચું છે. કેમ સિનેમા થિયેટરોમાં ક્યારે ય ભીડ ઓછી નથી થતી? વળી ઘણાં નવાં નીકળેલાં ફાસફુસિયાં અઠવાડિકો-પખવાડિકોનું વેચાણ કૂદકે ને ભૂસકે વધ્યું છે, એ હકીકત છે.

(મુંબાઇ) —અશ્વિન મહેતા

બે સુધારા–૧

અંક ૬૩૯માંના મારા 'આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા'વાળા વિચાર-વિશેષમાં ગાંધીજી વિષેનો પ્રસંગ ટાંકતાં 'એથી તો ચેરાપુંજીમાં ગાંધીજી પેલા ગોરાના બંગલે...' વાક્યમાં 'ચંપારણ્ય'ના બદલે સરતચૂકથી 'ચેરાપુંજી' લખાઈ ગયું છે. જે વાચકોએ આ ભૂલ તરફ મારું ધ્યાન ખેંચ્યું એ સૌનો હું આભારી છું.

(અમદાવાદ) —બહાદુરશાહ પંડિત

૨

'કુમાર'ના ૬૪૧ (મે '૭૭) અંકમાં જયંતી પટેલ–'રંગલા'–ના વ્યક્તિચિત્રમાં ૧૫૪મા પૃષ્ઠ પર 'ટીઅર-ડૅટેડ હ્યૂમર'ને બદલે 'હ્યૂમર-કોટેડ ટીઅર' જોઇએ. ટાઈપમાં હેરફેર થઈ ગઈ હોય એમ જણાય છે.

(અમદાવાદ) —વિનોદ ભટ્ટ